Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

શ્રી નેમિચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તિ વિરચિત

# દ્રવ્યસંગ્રહ

મૂળ ગાથા, સંસ્કૃત છાયા, ગુજરાતી
અન્વયાર્થ અને ભાવાર્થ સહિત.

★

: અનુવાદક :
શ્રી. ચુનીલાલ હઠીસીંગ શેઠ
( જામનગર )

★

: પ્રકાશક :
શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ—(કાઠિયાવાડ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પ્રથમ શ્રાવણ
૨૪૭૩

બીજી આવૃત્તિ

કિંમત
સાત આના

૧૦૦૦

# જૈનશાસ્ત્રોના અર્થ કરવાની પદ્ધતિ

## પ્રશ્ન

જિનમાર્ગમાં બન્ને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે, તેનું શું કારણ?

## ઉત્તર

જિનમાર્ગમાં કોઈ ઠેકાણે નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને તો 'સત્યાર્થ એમ જ છે' એમ જાણવું, તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને 'એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે' એમ જાણવું; અને એ પ્રમાણે જાણવાનું નામ જ બન્ને નયોનું ગ્રહણ છે. પણ બન્ને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી 'આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે' એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બન્ને નયો ગ્રહણ કરવા કહ્યા નથી.

(મોક્ષમાર્ગ પ્રકાશક—પાનું ૨૫૬)

# Thanks & Our Request

This shastra has been kindly donated by Sarojben Chandravadan Sheth, Vileparle, Mumbai who has paid for it to be "electronised" and made available on the internet, in memory of late Kamuben Jamnadas Sheth.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Dravya Sangrah (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 4 September 2008 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# સિદ્ધાન્ત–ચક્રવર્તી નેમિચન્દ્ર આચાર્યનું
# સંક્ષિપ્ત જીવનચરિત્ર

આપણા ચરિત્ર નાયક દિગમ્બર સંપ્રદાયના નન્દિસંઘના દેશીયગણમાં થયા છે. આ ગણ કર્નાટકમાં પ્રસિદ્ધ પામેલ છે, અને તેમાં મોટામોટા વિદ્વાનો થયા છે. આ ગણના ઘણાં વિદ્વાનો "સિદ્ધાન્ત ચક્રવર્તી" ના પદથી સુશોભિત હતા; તથા નેમિચન્દ્રને પણ આ મહાન પદ પ્રાપ્ત થયું હતું.

ગુણનન્દિના શિષ્ય વિબુધગુણનન્દિ, તેના શિષ્ય અભયનન્દિ અને તેના શિષ્ય વીરનન્દિ. અભયનંદિના શિષ્ય વીરનંદિ અને ઇન્દ્રનન્દિ હતા. આચાર્ય (નેમિચંદ્ર) વીરનન્દિ અને ઇન્દ્રનન્દિને પણ ગુરુસમાન માને છે. નેમિચંદ્ર, અભય નન્દિના શિષ્ય હતા. અભયનન્દિ, ઇન્દ્રનન્દિ, વીરનન્દિ, કનકનન્દિ અને નેમિચંદ્ર એ બધાં ઘણું કરીને એક જ સમયમાં થયા છે.

એનો સમય શક સંવતની દશમી શતાબ્ધિના પ્રારંભમાં સિદ્ધ થયેલ છે. નેમિચન્દ્ર અને ચામુંડરાય પણ સમકાલીન હતા.

ચામુંડરાય ગંગવંશીય રાજા રાચમલ્લના પ્રધાન મંત્રી અને સેનાપતિ હતા.

શ્રવણબેલગોલની સંસારપ્રસિદ્ધ બાહુબલી અથવા ગોમ્મટ સ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા એણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરાવી હતી. અને એની ઉદારતા અને ધર્માનુરાગથી પ્રસન્ન થઈને રાજા રાચમલ્લે તેને "રાય" પદનો ઇલ્કાબ આપ્યો હતો. તેનું બીજું નામ "અણ્ણ" પણ હતું. તે ઘણો શૂરવીર અને પરાક્રમી હતો. તેણે ગોવિંદરાજ વગેરે અનેક રાજાઓને પરાસ્ત કર્યા હતા. તેથી તેને સમરધુરંધર, વીરમાર્તંડ, રણરંગસિંહ, પ્રતિપક્ષરાસ વગેરે ઘણાં ઉપનામ મળ્યાં હતા. તે જૈનધર્મના મોટા શ્રદ્ધાળુ અને વિદ્વાન હતા. એ કારણથી તે સમ્યક્ત્વ રત્નાકર અને ગુણરત્ન ભૂષણ વગેરે પદોથી વિભૂષિત હતા. ચામુંડરાયને આચાર્ય નેમિચન્દ્રથી ઘણો ધાર્મિક જ્ઞાનનો લાભ થયો હતો. ચામુંડરાયના બનાવેલા, ચામુંડરાયપુરાણ, ગોમટ્ટસારની કર્નાટક વૃત્તિ, અને ચારિત્રસાર પ્રસિદ્ધ છે.

ત્રિલોકસાર વગેરેના ગ્રંથ કર્તા નેમિચન્દ્ર જ આ 'દ્રવ્યસંગ્રહ'ના કર્તા માલૂમ પડે છે કારણ કે ત્રિલોકસારના અંતેઃ—

ઇદિ ણેમિચંદમુણિણા અપ્પસુદેણ ભયણંદિવચ્છેણ ।
રઇયો તિલોયસારો, ખમંતુ તં બહુસુદાઇરિયા ॥

અર્થાત અભયનન્દિના શિષ્ય અલ્પજ્ઞાની નેમિચન્દ્રમુનિએ ત્રિલોકસાર બનાવેલ છે. બહુશ્રુત ધારક આચાર્ય આનું સંશોધન કરે.

આવો જ આશય દ્રવ્યસંગ્રહની અન્તિમ ગાથાથી સ્પષ્ટ થાય છે.

દવ્વસંગહ મિણં મુણિણાહા, દોસસંચયચુદા સુદપુણ્ણા।
સોધયંતુ તણુસુત્તધરેણ, ણેમિચન્દ મુણિણા ભણિયં જં ॥

અર્થાત્ અલ્પજ્ઞાની નેમિચન્દ્ર મુનિનો બનાવેલ દ્રવ્યસંગ્રહનો બહુશ્રુત ધારક આચાર્ય સંશોધન કરે.

આનાથી માલૂમ થાય છે કે બે ગ્રંથોના કર્તા એક જ આચાર્ય નેમિચન્દ્ર છે.

આચાર્ય સંસ્કૃત, પ્રાકૃત, અને કર્નાટકીના પ્રખર વિદ્વાન હતા. તેમના પ્રમુખશિષ્ય માધવચંદ્ર "ત્રૈવિદ્ય" હતા. તેમણે આચાર્યના રચેલ ત્રિલોકસાર વગેરે ગ્રન્થોની ટીકાઓ કરી છે. તેઓ પણ ત્રણ વિદ્યાઓના સ્વામી હતા. "ત્રૈવિદ્ય" તેમનું પદ હતું. આચાર્યનો વિશેષ જીવન-પરિચય પ્રાપ્ત થવાથી જ, લખી શકાય તેમ છે.

ભવદીય શ્રી ભુવનેન્દ્ર 'વિશ્વ' કૃત
દ્રવ્યસંગ્રહ ( હિંદી આવૃત્તિ ) પરથી

## ભલામણ

આ શાસ્ત્રના કર્તા શ્રી નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી છે. તેઓ વિક્રમ સાં. ના સાતમા સૈકામાં થયા હતા. તેઓ ષટ્ખંડાગમ સિદ્ધાંતમાં પારગામી મહામુનિ હતા. અને તેથી તેમને સિદ્ધાંત ચક્રવર્તી તરીકે ઓળખવામાં આવે છે.

આ શાસ્ત્રમાં છએ દ્રવ્યોનું અને નવ તત્વોનું સ્વરૂપ ઘણું ટૂંકમાં અને સ્પષ્ટ રીતે આપવામાં આવ્યું છે. અને તેમાં નિશ્ચય અને વ્યવહાર બન્ને નયોની સંધિ ઘણી સુંદર રીતે આપવામાં આવી છે.

મુમુક્ષુ જીવોએ આ શાસ્ત્ર ખાસ સમજવા જેવું હોઇ તેને ગુજરાતીમાં તૈયાર કરાવી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. માટે સર્વ જિજ્ઞાસુઓએ પોતે તથા પોતાના બાળકો વગેરેને આ શાસ્ત્રનો અભ્યાસ કરાવવો જરૂરી છે.

શ્રુત પંચમી
સાં. ૨૦૦૦
સોનગઢ

રામજી માણેકચંદ દોશી
પ્રમુખ
શ્રી જૈન અતિથી સેવા સમિતિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# શુદ્ધિ પત્રક.

| પાનું | લીટી | અશુદ્ધ | શુદ્ધ. |
|---|---|---|---|
| ૪ | ૪ | બતાવવાળો | બતાવવાવાળો |
| ૮ | ૧૯ | મૂર્તિક | [મૂર્તિ:]મૂર્તિક |
| ૨૭ | ૧૦ | ચલવામાં | ચાલવામાં |
| ૩૪ | ૩ | तेणसो | ण तेणसो |
| ૩૬ | ૧૨ | રાખવાળા | રાખવાવાળા |
| ૩૬ | ૧૫ | पसो | पदेसो |
| ૪૦ | ૧૪ | વગેરે પાપ | વગેરે પાંચ |
| ૪૨ | ૪ | દ્રય | દ્રવ્ય |
| ૪૬ | ૧૭ | આચરણવળા | આચરણવાળા |
| ૫૫ | ૧ | — | વ્યવહાર અને નિશ્ચય મોક્ષમાર્ગ |
| ૫૬ | ૧૬ | વને વને | વને |
| ૬૩ | ૨૩ | શતુ | શત્રુ |
| ૭૦ | ૧૩ | પરમેષ્ઠી | સાધુપરમેષ્ઠી |
| ૯૨ | ૧૬ | વગેરે | પૃથિવીવગેરે |

**નોટઃ—** આ ઉપરાંત કોઇ કોઇ સ્થાને સંસ્કૃત ટાઇપો તુટી ગયા છે તે બરોબર સુધારી લેવા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# દ્રવ્ય સંગ્રહ—અનુક્રમણિકા


| વિષય | પાન |
|---|---|
| ૧ છદ્રવ્યનું વર્ણન | ૧–૩૯ |
| ૨ નવપદાર્થનું વર્ણન | ૪૦–૫૩ |
| ૩ મોક્ષમાર્ગનું વર્ણન | ૫૭–૭૩ |
| ૪ ગ્રંથનો સારાંશ | ૭૫–૮૦ |
| ૫ અર્થ સંગ્રહ | ૮૧–૯૨ |
| ૬ ભેદ સંગ્રહ | ૯૩–૯૮ |
| ૭ પ્રશ્નપત્ર સંગ્રહ | ૯૯–૧૦૫ |
| ૮ સનાતન જૈન શિક્ષણવર્ગ—સોનગઢ પરીક્ષા | ૧૦૬–૧૧૦ |
| ૯ અકરાદિ ક્રમથી દ્રવ્ય સંગ્રહની ગાથાની સૂચિ | ૧૧૧–૧૧૩ |
| ૧૦ સનાતન જૈન શિક્ષણવર્ગ—સોનગઢ પરીક્ષા | ૧૧૭–૧૧૯ |

## નકશો અને વિવરણ

| | |
|---|---|
| ૧ પ્રાણ વિવરણ | ૪ |
| ૨ ઉપયોગ | ૧૦ |
| ૩ પુદ્ગલના ગુણ | ૧૧ |
| ૪ ચૌદ જીવ સમાસ | ૧૯ |
| ૫ પર્યાપ્તિનું વિવેચન | ૨૦ |
| ૬ દ્રવ્ય | ૩૫ |
| ૭ ભાવાસ્રવના ભેદ | ૪૩ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

॥ ૐ ॥

श्री वीतरागाय नमः

# श्री नेमिचंद्र सिद्धांतचक्रवर्ति विरचित

# द्रव्य-संग्रह

(अन्वय अर्थ सहित)

## मंगलाचरण

जीवमजीवं दव्वं जिणवरवसहेण जेण णिद्दिट्ठं ।
देविंदविंदवंदं वंदे तं सव्वदा सिरसा ॥ १ ॥
जीवमजीवं द्रव्यं जिनवरवृषभेण येन निर्दिष्टम् ।
देवेन्द्रवृन्दवन्द्यं वन्दे तं सर्वदा शिरसा ॥ १ ॥

**અન્વયાર્થઃ**—[येन जिनवर वृषभेण] જે જિનવર વૃષભભગવાને [जीवम् अजीवम् द्रव्यम्] જીવ અને અજીવ દ્રવ્યનું [निर्दिष्टम्] વર્ણન કર્યું છે, [देवेन्द्रवृन्दवन्द्यम्] દેવેન્દ્રોના સમૂહથી[1] વન્દનીય [तम्] તે પ્રથમ તીર્થંકર વૃષભદેવને હું (શ્રી નેમિચન્દ્ર આચાર્ય) [सर्वदा] હંમેશાં [शिरसा] મસ્તક નમાવી [वन्दे] નમસ્કાર કરૂં છું.

૧. ભવનવાસી દેવના ૪૦, વ્યંતર દેવના ૩૨, કલ્પવાસી દેવના ૨૪, જ્યોતિષી દેવના ૧ ચંદ્રમા અને ૧ સૂર્ય, મનુષ્યના ૧ ચક્રવર્તિ, અને તિર્યંચનો એક સિંહ એ પ્રકારે સો ઇન્દ્રો છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થઃ**— ‘જિનવર વૃષભેણ’ નો અર્થ ‘વૃષભ જિનેન્દ્રદ્વારા’ એવો થાય છે. અથવા ‘જિન’= મિથ્યાત્વ અને રાગાદિને જીતનાર. અસંયત સમ્યગ્દ્રષ્ટિ, શ્રાવક અને મુનિને જિન કહી શકાય છે.

જિનવર–જિનશ્રેષ્ઠ, ગણધર વગેરે.

જિનવરવૃષભ–ગણધરોના પણ પ્રધાન તીર્થંકર દેવ છે તેથી ‘જિનવર વૃષભ’ થી ચોવીસ તીર્થંકર પણ સમજી શકાય છે. ૧.

## જીવદ્રવ્યના નવ અધિકાર

जीवो उवओगमओ अमुत्ति कत्ता सदेहपरिमाणो ।
भोत्ता संसारत्थो सिद्धो सो विस्ससोड्ढगई ॥ २ ॥

जीवः उपयोगमयः अमूर्तिः कर्त्ता स्वदेहपरिमाणः ।
भोक्ता संसारस्थः सिद्धः सः विस्रसा ऊर्ध्वगतिः ॥२॥

**અન્વયાર્થઃ**—[ सः ] તે ( જીવ ) [ जीवः ] ઇન્દ્રિય આદિ પ્રાણોથી જીવે છે; [ उपयोगमयः ] ઉપયોગ મય છે; [ अमूर्तिः ] અમૂર્તિક છે; [ कर्ता ] કર્તા છે; [ स्वदेहपरिमाणः ] નામ કર્મના ઉદયથી પોતાના નાના કે મોટા શરીર પ્રમાણ રહેવાવાળો છે; [ भोक्ता ] ભોક્તા છે; [ संसारस्थः ] સંસારમાં રહેવાવાળો છે; [ सिद्धः ] સિદ્ધ છે [ विस्रसाऊर्ध्वगतिः ] અને અગ્નિની જ્વાળાની પેઠે સ્વભાવથી ઊર્ધ્વગમન કરવાવાળો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ**—૧ જીવત્વ, ૨ ઉપયોગમયત્વ, ૩ અમૂર્તિત્વ, ૪ કર્તૃત્વ, ૫ સ્વદેહપરિમાણત્વ, ૬ ભોક્તૃત્વ, ૭ સંસારીત્વ, ૮ સિદ્ધત્વ અને ૯ સ્વાભાવિક ઊર્ધ્વગમનત્વ. એ જીવના નવ અધિકાર છે. ૨.

## ૧. જીવાધિકાર

तिक्काले चदुपाणा इंदियबलमाउ आणपाणो य ।
ववहारा सो जीवो णिच्चयणयदो दु चेदणा जस्स॥३॥
त्रिकाले चतुःप्राणा इंद्रियं बलं आयुः आनप्राणश्च ।
व्यवहारात् सः जीवः निश्चयनयतः तु चेतना यस्य ॥३॥

**અન્વયાર્થ**:—[व्यवहारात्] વ્યહારનયથી જેને [त्रिकाले] ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળમાં [इन्द्रियम्] ઇન્દ્રિય, [बलं] બલ, [आयुः] આયુ [च] અને [आनप्राणः] શ્વાસોચ્છ્વાસ [चतुःप्राणा] એ ચાર પ્રાણ હોય છે [तु] અને [निश्चयनयतः] નિશ્ચયનયથી [चेतना] ચેતના [यस्य] જેને હોય છે [सः जीवः] તે જીવ છે.

**ભાવાર્થ**:—પાંચ ઇન્દ્રિય (સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને કર્ણ), ત્રણ બળ (મન, વચન અને કાય), એક આયુ અને એક શ્વાસોચ્છ્વાસ. એ દશ પ્રાણ જેને છે તે વ્યવહારનયથી જીવ છે અને જેને ચેતના (જ્ઞાન અને દર્શન) છે તે નિશ્ચયનયથી જીવ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહાર અને +નિશ્ચયનય. “तत्त्वार्थं निश्चयो वक्ति, व्यवहारो जनोदितम्” નિશ્ચયનય તત્ત્વાર્થને કહે છે અને વ્યવહારનય લૌકિક કથનને કહે છે અર્થાત્ પદાર્થના અસલી સ્વરૂપને બતાવવાળો નિશ્ચયનય છે; જેમ માટીના ઘડાને માટીનો ઘડો કહેવો. લૌકિક અર્થાત્ અન્ય પદાર્થના સંયોગથી જે દશા થાય છે તેને જે બતાવે તે વ્યવહારનય છે; જેમ–માટીના ઘડામાં ઘી, દૂધ, પાણી વગેરે રાખવામાં આવતાં તેને ઘીનો ઘડો વગેરે કહેવું. ૩.

## વ્યવહારનયથી જીવને કેટલા પ્રાણ હોય છે–

| જીવ | ઇન્દ્રિય | બળ | આયુ | શ્વાસ | પ્રાણ |
|---|---|---|---|---|---|
| એકેન્દ્રિય | સ્પર્શન | કાય | ,, | ,, | ૪ |
| દ્વીન્દ્રિય | ,, રસના | વચન ,, | ,, | ,, | ૬ |
| ત્રીન્દ્રિય | ,, ,, ઘ્રાણ | ,, ,, | ,, | ,, | ૭ |
| ચતુરિન્દ્રિય | ,, ,, ,, ચક્ષુ | ,, ,, | ,, | ,, | ૮ |
| પંચેન્દ્રિય અસંજ્ઞી | ,, ,, ,, ,, કર્ણ | ,, ,, | ,, | ,, | ૯ |
| પંચેન્દ્રિય સંજ્ઞી | ,, ,, ,, ,, ,, મન | ,, ,, | ,, | ,, | ૧૦ |

## ૨. ઉપયોગ અધિકાર

### દર્શનઉપયોગના ભેદ.

उवओगो दुवियप्पो दंसणणाणं च दंसणं चदुधा।
चक्खु अचक्खु ओही दंसणमध केवलं णेयं ॥४॥

× પદાર્થના એક અંશને મુખ્ય કરીને જાણવાવાળો નય છે; તેના બે ભેદ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**उपयोगः द्विविकल्पः दर्शनं ज्ञानं च दर्शनं चतुर्द्धा ।**
**चक्षुः अचक्षुः अवधिः दर्शनं अथ केवलं ज्ञेयम् ॥४॥**

**અન્વયાર્થ:**—[उपयोगः] ઉપયોગ [द्विविकल्पः] બે પ્રકારનો છે; [दर्शनं ज्ञानं च] દર્શન અને જ્ઞાન, [दर्शनं] એમાં દર્શનઉપયોગ [चतुर्द्धा] ચાર પ્રકારનો [ज्ञेयं] જાણવો, [चक्षुः अचक्षुः अवधिः अथ केवलं दर्शनं] ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન.

**ભાવાર્થ:**–ચૈતન્યને અનુસરીને થતાં આત્માના પરિણામને ઉપયોગ કહેવામાં આવે છે. ઉપયોગ બે પ્રકારનો છે:–દર્શન અને જ્ઞાન. દર્શનઉપયોગના ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળ-દર્શન એ ચાર ભેદ છે.

૧ ચક્ષુદર્શન=ચક્ષુઇંદ્રિયના નિમિત્તથી થવાવાળા બોધ પહેલાં થતો આત્માંનો સત્તામાત્રરૂપ વ્યાપાર તે ચક્ષુદર્શન છે.

૨ અચક્ષુદર્શન= ચક્ષુઈંદ્રિય સિવાયની બીજી ઇંદ્રિયો કે મનના નિમિત્તથી થવાવાળા બોધ પહેલાં થતો આત્માનો સત્તામાત્રરૂપ વ્યાપાર તે અચક્ષુદર્શન છે.

૩ અવધિદર્શન=દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી મર્યાદિત, અવધિજ્ઞાનના વ્યાપાર થવા પહેલાં થતો આત્માનો સત્તામાત્રરૂપ વ્યાપાર તે અવધિદર્શન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૪ કેવળદર્શન=કેવળજ્ઞાન સાથે થતો સત્તામાત્ર-રૂપ સામાન્ય વ્યાપાર તે કેવળદર્શન છે. ૪.

## જ્ઞાનોપયોગના ભેદ

णाणं अट्ठवियप्पं मदिसुदओही अणाणणाणाणि ।
मणपज्जयकेवलमवि पच्चक्खपरोक्खभेयं च ।। ५ ।।
ज्ञानं अष्टविकल्पं मतिश्रुतावधयः अज्ञानज्ञानानि ।
मनःपर्ययः केवलं अपि प्रत्यक्षपरोक्षभेदं च ।। ५ ।।

**અન્વયાર્થ**ઃ—[मतिश्रुतावधयः अज्ञान ज्ञानानि] મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અવધિઅજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન [अपि] અને [मनःपर्ययः] મનઃપર્યય જ્ઞાન [केवलं] અને કેવળજ્ઞાન એ રીતે [ज्ञानं] જ્ઞાનોપયોગ [अष्टविकल्पं] આઠ પ્રકારનો છે [च] તેમ જ એ જ્ઞાનઉપયોગ [ प्रत्यक्ष परोक्ष भेदं ] પ્રત્યક્ષ અને પરોક્ષ ભેદથી બે પ્રકારે છે.

**ભાવાર્થ**ઃ-કુમતિ, કુશ્રુત, કુઅવધિ એ ત્રણ જ્ઞાન ઉપયોગ મિથ્યાદૃષ્ટિઓને હોય છે. સુમતિ, સુશ્રુત, સુઅવધિ એ ત્રણ જ્ઞાનઉપયોગ સમ્યગ્દૃષ્ટિને હોય છે. મનઃપર્યયજ્ઞાન સર્વવિરતિ સંયમી મુનિઓને હોય છે. અને કેવળજ્ઞાન અરહંત અને સિદ્ધપરમેષ્ઠીને હોય છે. જ્ઞાન ઉપયોગના બધા મળીને આઠ ભેદ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન ઉપયોગના પ્રત્યક્ષ× અને પરોક્ષ એવા બે ભેદ પણ છે. ૫.

## ઉપયોગ જીવનું સ્વરૂપ છે.

अट्ठ चदु णाण दंसण सामण्णं जीवलक्खणं भणियं ।
ववहारा सुद्धणया सुद्धं पुण दंसणं णाणं ॥ ६ ॥
अष्टचतुर्ज्ञानदर्शने सामान्यं जीवलक्षणं भणितम् ।
व्यवहारात् शुद्धनयात् शुद्धं पुनः दर्शनं ज्ञानम् ॥६॥

**અન્વયાર્થ**:—[ व्यवहारात् ] વ્યવહારનયથી [अष्टचतुर्ज्ञानदर्शने] આઠ પ્રકારનું જ્ઞાન અને ચાર પ્રકારનું દર્શન, એને [सामान्यं] સાધારણ [जीव लक्षणं] જીવનું લક્ષણ [भणितं] કહેવામાં આવ્યું છે. [पुनः] અને [शुद्धनयात् ] શુદ્ધ નિશ્ચયનયથી [शुद्धं] શુદ્ધ [दंसणं] દર્શન [ज्ञानं] અને જ્ઞાન, એને જ જીવનું લક્ષણ કહેવામાં આવ્યું છે.

**ભાવાર્થ**:–જીવ, વ્યવહારનયે (જ્ઞાનના ૮ અને દર્શનના ૪ એમ) ભેદ કરવાથી ૧૨ પ્રકારના ઉપયોગવાળો છે અને અભેદ નિશ્ચયનયે દરેક જીવ શુદ્ધ દર્શન અને શુદ્ધ જ્ઞાનના ઉપયોગવાળો છે.

**વિશેષાર્થ**:–નિશ્ચયનયથી આત્માનું લક્ષણ માત્ર ઉપયોગ છે. અને તે ઉપયોગ સામાન્ય અને

---

× મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન એ બે પરોક્ષ જ્ઞાન છે. અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન વિકલ પ્રત્યક્ષ અથવા દેશ પ્રત્યક્ષ છે, તથા કેવળજ્ઞાન કે જે ઉપમા રહિત છે તે સકલ પ્રત્યક્ષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિશેષ એમ બે પ્રકારે છે. સામાન્ય ઉપયોગને દર્શન ઉપયોગ અને વિશેષ ઉપયોગને જ્ઞાન ઉપયોગ એમ કહેવાય છે. ૬.

વ્યવહારનયથી ઉપયોગના જે બાર ભેદ છે તે કોઠામાં બતાવ્યા છે.

## ૩ અમૂર્તિક અધિકાર.

### જીવ નિશ્ચયનયથી અમૂર્ત હોવા છતાં વ્યવહારનયથી મૂર્ત છે.

वण्ण रस पंच गंधा दो फासा अट्ठ णिच्चया जीवे।
णो संति अमुत्ति तदो ववहारा मुत्ति बंधादो ॥७॥
वर्णाः रसाः पंच गंधौ द्वौ स्पर्शाः अष्टौ निश्चयात् जीवे ।
नो संति अमूर्तिः ततः व्यवहारत् मूर्तिः बंधतः ॥७॥

**અન્વયાર્થ**—[निश्चयात्] નિશ્ચયનયથી [जीवे] જીવ દ્રવ્યમાં [वर्णाः रसाः पंच] પાંચ વર્ણ, પાંચ રસ, [गन्धौ द्वौ] બે ગંધ અને [स्पर्शाः अष्टौ] આઠ સ્પર્શ [न संति] હોતાં નથી [ततः] તેથી જીવ [अमूर्ति] અમૂર્તિક છે. [व्यवहारात्] વ્યવહારનયથી જીવને [बन्धतः] કર્મબંધન હોવાથી મૂર્તિક કહેલ છે.

---

છે. ઇન્દ્રિય અને મનની સહાયથી (નિમિત્તથી) જે જ્ઞાન થાય છે તેને પરોક્ષ જ્ઞાન કહે છે. એનો એક ભેદ સાંવ્યવહારિક પ્રત્યક્ષ છે. ઇન્દ્રિય વગેરેની સહાયના સિવાય કેવળ આત્માથી થવાવાળા જ્ઞાનને પ્રત્યક્ષ જ્ઞાન કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




**ભાવાર્થ**:—નિશ્ચયનયથી જીવમાં વર્ણ વગેરે ૨૦ ગુણ હોતા નથી તેથી તે અમૂર્તિક છે અને વ્યવહારનયથી કર્મ સાથે બંધ હોવાથી તેને મૂર્તિક કહેવામાં આવે છે. વાસ્તવિક રીતે વર્ણાદિ ૨૦ ગુણો પુદ્‌ગલ દ્રવ્યના હોવાથી પુદ્‌ગલ દ્રવ્ય મૂર્તિક છે; જીવ મૂર્તિક નથી.

**વિશેષાર્થ**:–નિશ્ચયનયથી જીવ અમૂર્ત અને અતીન્દ્રિય પોતાના આત્મદ્રવ્યમાં સંવેદન કરવાના સ્વભાવવાળો છે તેને ભૂલીને મૂર્ત એવા પાંચ ઇંદ્રિયોના વિષયોમાં આસકત થવાથી જે મૂર્તકર્મ સ્વયં બંધાયું, તેના ઉદયકાળે, આ શરીર વગેરે નોકર્મ સાથે જીવનો સંબંધ થયો તે અપેક્ષાએ વ્યવહારનયથી તેને રૂપી કહેવામાં આવે છે, પણ ખરેખર વર્ણાદિ ૨૦ ગુણો, જીવ દ્રવ્યના નહિ હોવાથી જીવ દ્રવ્ય અમૂર્તિક છે અને તે અમૂર્તિકપણું સમજીને શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે મિથ્યાત્વ અને કષાયોથી નિવૃત્ત થવાનો આ ગાથાનો ઉપદેશ છે. ૭.

## ૪. કર્તા અધિકાર

पुग्गलकम्मादीणं कत्ता ववहारदो दु णिच्चयदो ।
चेदणकम्माणादा सुद्धणया सुद्धभावाणं ॥८॥
पुद्‌गलकर्मादीनां कर्त्ता व्यवहारतः तु निश्चयतः ।
चेतनकर्म्मणां आत्मा शुद्धनयात् शुद्धभावानाम् ॥८॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com




(ગાથા ૪–૫ અને પાંચમી ગાથાની ટીપ્પણી અનુસાર)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પુદ્ગલના ૨૦ ગુણ

- વર્ણ (૫)
  - પીળો
  - લીલો
  - કાળો
  - લાલ
  - સફેદ
- રસ (૫)
  - તીખો
  - કડવો
  - કષાયેલો
  - મીઠો
  - ખાટો
- ગન્ધ (૨)
  - સુગંધ
  - દુર્ગન્ધ
- સ્પર્શ (૮)
  - હલકો
  - ભારે
  - લુખો
  - ચીકણો
  - ઠંડો
  - ગરમ
  - સુંવાળો
  - કર્કશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થ**:-[व्यवहारतः] વ્યવહારનયથી [आत्मा] આત્મા-જીવ (पुद्गलकर्मादीनां) પુદ્ગલકર્મ વગેરેનો [कर्त्ता] કર્તા છે. [तु] અને [निश्चयतः] અશુદ્ધ નિશ્ચયનયથી [चेतन कर्मणां] ચેતનકર્મોનો કર્તા છે, અને [शुद्धनयात्] શુદ્ધનિશ્ચયનયથી [शुद्ध भावानां] શુદ્ધજ્ઞાન અને શુદ્ધદર્શનસ્વરૂપ ચૈતન્યાદિ ભાવોનો કર્તા છે.

**ભાવાર્થ**:-જે જ્ઞાનના પડખા વડે જીવની અશુદ્ધતા જણાય છે તે જ્ઞાનના પડખાને અશુદ્ધ નિશ્ચયનય કહેવાય છે, અને જે જ્ઞાનના પડખા વડે જીવની શુદ્ધતા જણાય છે તેને શુદ્ધ નિશ્ચયનય કહેવાય છે.

શુદ્ધ નિશ્ચયનયથી જીવ શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ દર્શનસ્વરૂપ ચૈતન્યાદિ ભાવોનો કરવાવાળો છે, અશુદ્ધ નિશ્ચયનયથી રાગાદિ ચેતન ભાવોનો કર્તા છે અને વ્યવહારનયથી જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મ અને શરીરાદિ નોકર્મનો કર્તા કહેવાય છે.

વ્યવહારનયથી જીવને કર્મ અને શરીરાદિ નોકર્મનો કર્તા કહેવામાં આવે છે તેનો અર્થ એવો છે કે કર્મ અને શરીરાદિ નોકર્મ પરદ્રવ્ય હોવાથી જીવ તેનું કાંઇ કરી શકતો નથી; શરીરને કે તેના હસ્ત-પાદ આદિ કોઇ અવયવોને હલાવી ચલાવી શકતો નથી, પણ જીવ રાગ કરે ત્યારે બંધાવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યોગ્ય કર્મ સ્વયં બંધાય છે અને શરીરાદિ સ્વયં ચાલવા યોગ્ય હોય તો ચાલે છે, તેથી જીવ પુદ્‌ગલ કર્મ અને શરીરાદિ નોકર્મનો વ્યવહારનયથી કર્તા કહેવાય છે. જીવ અશુદ્ધદશામાં અજ્ઞાન અને પુણ્ય–પાપરૂપ વિકારનો કર્તા છે; શુદ્ધદશામાં અવિકારી જ્ઞાનસ્વભાવનો કર્તા છે; પણ પર જીવોનું કે બીજા કોઇ પરદ્રવ્યનું ત્રણકાળ ને ત્રણલોકમાં કાંઈ કરી શકતો નથી. ૮.

## ૫. ભોક્તૃત્વ અધિકાર

ववहारा सुहदुक्खं पुग्गलकम्मफलं पभुंजेदि ।
आदा णिच्चयणयदो चेदणभावं खु आदस्स ॥९॥
व्यवहारात् सुखदुःखं पुद्गलकर्म्मफलं प्रभुङ्क्ते ।
आत्मा निश्चयनयतः चेतनभावं खलु आत्मनः ॥९॥

**અન્વયાર્થઃ**—[ व्वहारात् ] વ્યવહારનયથી [आत्मा] આત્મા–જીવ, [पुद्गलकर्म फलं] પુદ્‌ગલ-કર્મનું ફળ [सुख दुःख] સુખ અને દુઃખને ભોગ-વવાવાળો છે અને [निश्चयनयतः] નિશ્ચયનયથી [खलु] નિયમપૂર્વક [आत्मनः] આત્માના [चेतन भाव] ચૈતન્ય ભાવને ભોગવે છે.

**ભાવાર્થઃ**—જીવ શુદ્ધ નિશ્ચયનયથી પોતાના શુદ્ધ દર્શન અને શુદ્ધ જ્ઞાનસ્વરૂપ ભાવોને ભોગવે છે; અશુદ્ધ નિશ્ચયનયથી સુખ–દુઃખમય વિકારી ભાવોને ભોગવે છે અને પુદ્‌ગલ કર્મોના ફળરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરના સંયોગ–વિયોગને જીવ ભોગવે છે એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે, કેમ કે ખરેખર જીવ પરના સંયોગ–વિયોગને ભોગવી શકતો નથી.

## ૬. સ્વદેહપરિમાણત્વ અધિકાર

अणुगुरुदेहपमाणो उवसंहारप्पसप्पदो चेदा ।
असमुहदो ववहारा णिच्चयणयदो असंखदेसो वा ॥१०॥

अणुगुरुदेहप्रमाणः उपसंहारप्रसर्प्पाभ्यां चेतयिता ।
असमुद्घातात् व्यवहारात् निश्चयनयतः असंख्यदेशः वा

**અન્વયાર્થઃ**—[ व्यवहारात ] વ્યવહારનયથી [चेतयिता] જીવ [उपसंहारप्रसर्प्पाभ्यां] શરીર નામ-કર્મથી થતી સંકોચ* અને વિસ્તાર ગુણને કારણે

---

* જહ પઉમરાયણું ખિત્તં ખીરે પભાસયદિ ખીરં,
તહ દેહી દેહત્થો સદેહમત્તં પભાસયદિ.

**અર્થ**:–જેવી રીતે દૂધમાં નાખેલું પદ્મરાગમણિ દૂધને પોતાની કાંતિથી પ્રકાશમાન કરે છે તેવીજ રીતે સંસારી જીવ પોતાના શરીર પ્રમાણે જ રહે છે. દૂધ ગરમ કરવાથી ઊભરાય છે ત્યારે દૂધની સાથે જ પદ્મરાગમણિની કાન્તિ પણ વધી જાય છે. એવી રીતે પૌષ્ટિક [ શકિત વધારનાર ] ભોજન કરવાથી શરીર પુષ્ટ થઇ જાય છે અને તેની સાથોસાથ આત્માના પ્રદેશ પણ ફેલાઈ જાય છે. તથા ભોજન લુખું સુકું મળવાથી શરીર દુર્બળ થઇ જાય છે ત્યારે જીવના પ્રદેશો પણ સંકોચાઇ જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**[असमुद्घातात्] સમુદ્‌ઘાત* અવસ્થાને છોડીને, [अणुगुरुदेहप्रमाणः] પોતાના નાના અથવા મોટા શરીર પ્રમાણમાં રહે છે; [वा] અને [निश्चयनयतः] નિશ્ચયનયથી [असंख्यदेशः] લોકાકાશ જેટલા અસંખ્યાત પ્રદેશવાળો છે.**

---

* મૂલસરીરમછંડિય ઉત્તરદેહસ્સ જીવપિંડસ્સ.
ણિગ્ગમણં દેહાદો હોદિ સમુગ્ઘાદણામંતુ.

**અર્થ**:–મૂળ શરીરને છોડયા વગર આત્માના પ્રદેશોનું શરીરથી બહાર નીકળવું તેને સમુદ્‌ઘાત કહેવામાં આવે છે. તેના સાત ભેદ છે.

૧ **વેદના**:–અધિક દુઃખની દશામાં મૂળ શરીરને છોડયા વગર જીવના પ્રદેશોનું શરીરથી બહાર નીકળવું.

૨ **કષાય**:–ક્રોધ વગેરે તીવ્ર કષાયના ઉદયથી ધારણ કરેલા શરીરને છોડયા વગર જીવના પ્રદેશોનું શરીરથી બહાર નીકળવું.

૩ **વિક્રિયા**:–વિવિધ ક્રિયા કરવા માટે મૂળ શરીરને છોડયા સિવાય આત્માના પ્રદેશોનું બહાર ફેલાવું.

૪ **મારણાન્તિક**:–જીવ મૃત્યુ સમયે તરત જ શરીરને છોડતો નથી પણ શરીરમાં રહીને જ (અન્ય) જન્મ-સ્થાનને સ્પર્શવા માટે આત્મપ્રદેશો બહાર નીકળે છે.

૫ **તૈજસ**:–આના બે પ્રકાર છે. શુભ અને અશુભ; જગતને રોગ અથવા દુર્ભિક્ષથી દુઃખી દેખીને મહામુનિને દયા ઉત્પન્ન થવાથી જગતનું દુઃખ દૂર કરવા માટે, તપના બળથી મૂળ શરીરને છોડયા સિવાય, જમણા ખભામાંથી પુરુષ આકારે સફેદ પૂતળું નીકળે છે અને દુઃખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ**—નિશ્ચયનયથી જીવ અસંખ્યાત પ્રદેશવાળા લોકાકાશ જેવડો છે અને વ્યવહારનયથી (સમુદ્‌ઘાતને છોડીને) પોતાના નાના અથવા મોટા શરીર પ્રમાણ (જેવડો) છે.

જીવના આકારમાં, સંસાર અવસ્થામાં, સંકોચ વિસ્તાર થતો હોવાથી તેને (–આકારને) વ્યવહાર કહેવામાં આવે છે, પણ તેથી અસંખ્યાત પ્રદેશોમાંથી કોઈ પણ કાળે એક પ્રદેશ પણ ઓછોવત્તો થતો નથી તેથી તે (અસંખ્યાત પ્રદેશપણું) નિશ્ચય છે.

---

દૂર કરીને પોતાના શરીરમાં પાછું પ્રવેશ કરે છે તેને શુભ તૈજસ કહે છે. અનિષ્ટકારક પદાર્થોને જોઇને મુનિઓના હૃદયમાં ક્રોધ થવાથી ડાબા ખભામાંથી પુરુષ આકારે સિન્દૂર રંગનું પૂતળું નીકળે છે. તે જેના ઉપર ક્રોધ થયો હોય તેનો નાશ કરે છે અને સાથોસાથ તે મુનિનો પણ નાશ કરે છે, આને અશુભ તૈજસ કહે છે.

૬ **આહારક**:–છઠ્ઠા ગુણસ્થાને વર્તતા કોઇ પરમ ઋદ્ધિધારી મુનિને તત્ત્વ સંબંધી શંકા થતાં, પોતાના તપના બળથી મૂળ શરીરને છોડયા વગર મસ્તકમાંથી એક હાથ જેવડું પુરુષાકાર સફેદ અને શુભ પૂતળું નીકળીને કેવળી અથવા શ્રુત કેવળી પાસે જઇને તેમનાં ચરણોનો સ્પર્શ થતાં જ પોતાની શંકા દૂર કરીને પોતાના સ્થાનમાં પ્રવેશ કરે છે.

૭ **કેવલ**:–કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી મૂળ શરીરને છોડયા સિવાય દંડ, કપાટ, પ્રતર અને લોકપૂરણ ક્રિયા કરતાં કેવળીના આત્માના પ્રદેશોનું ફેલાવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ૭ સંસારિત્વ અધિકાર.

पुढविजलतेयवाऊवणप्फदी विविहथावरेइंदी ।
विगतिगचदुपंचक्खा तसजीवा होंति संखादी । ११ ।
पृथिवीजलतेजोवायुवनस्पतयः विविधस्थावरैकेन्द्रिया
द्विकत्रिकचतुःपचाक्षाःत्रसजीवाः भवन्ति शंखादयः

**અન્વયાર્થ**—[पृथिवी जल तेजो वायु वनस्पतयः] પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ [ विविध स्थावरैकेन्द्रियाः ] અનેક પ્રકારના સ્થાવર એકેંદ્રિય જીવ છે અને [शंखादयः] શંખ વગેરે (द्विक त्रिक चतुः पंचाक्षाः) બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય [त्रसजीवाः] એ ત્રસજીવ છે.

**ભાવાર્થ**—સંસારી જીવોના મુખ્ય બે ભેદ છે. (૧) સ્થાવર અને (૨) ત્રસ. પૃથ્વિ વગેરે સ્થાવર એકેંદ્રિય જીવ છે. અને બે ઇંદ્રિયથી પંચેન્દ્રિય સુધી શંખ વગેરે ત્રસ જીવ છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવને વિકલત્રય કહેવામાં આવે છે.

### ચૌદ જીવસમાસ ×

समणा अमणा णेयापंचेदिय णिम्मणा परे सव्वे ।
बादरसुहुमेइंदो सव्वे पज्जत्त इदरा य ॥ १२ ॥
समनस्काःअमनस्काःज्ञेयाःपंचेन्द्रियाःनिर्मस्काःपरे
सव्वें बादरसूक्ष्मैकेन्द्रियाः सर्वे पर्याप्ताः इतरे च ।१२।

× જે દ્વારા અનેક પ્રકારના જીવના ભેદ જાણી શકાય તેને જીવસમાસ કહે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ**—[पंचेन्द्रियाः] પંચેન્દ્રિયજીવ [समनस्काः] મન સહિત અને [ अमनस्काः ] મન રહિત [ज्ञेयाः] જાણવા જોઇએ. અને [परेसव्वे] બાકીના બધા [निर्मनस्काः] મન રહિત જાણવા. તેમાં [एकेन्द्रियाः] એકેન્દ્રિય જીવ [बादर सूक्ष्माः] બાદર અને સૂક્ષ્મ એમ બે પ્રકારના છે. [ सर्वे ] અને તે બધા [पर्याप्ताः] પર્યાપ્ત [च] અને [इतरे] અપર્યાપ્ત હોય છે.

**ભાવાર્થ**;—પંચેન્દ્રિય જીવના બે ભેદ છે. સંજ્ઞી અને અસંજ્ઞી. એકેન્દ્રિય જીવના પણ બે ભેદ છે. બાદર અને સૂક્ષ્મ. બાદર એકેન્દ્રિય જીવ બીજાને બાધા આપે છે અને પોતે બાધા પામે છે. એ કોઇ પદાર્થના આધારે રહે છે. સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ આખા લોકાકાશમાં ફેલાએલ છે, તે કોઇને બાધા આપતા નથી તેમ કોઇથી બાધા પામતા નથી.


બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરેન્દ્રિય જીવ એ બધા પર્યાપ્ત×અને અપર્યાપ્ત હોય છે.

---

+ (૧) જેવી રીતે મકાન. ઘડો, વસ્ત્રાદિ વસ્તુઓ પૂર્ણ અને અપૂર્ણ હોય છે તેવી રીતે જીવ પર્યાપ્ત અને અપર્યાપ્ત હોય છે.

(૨) આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છવાસ, ભાષા અને મન એ છ પર્યાપ્તિઓ છે. એકેન્દ્રિય જીવને ૪, બે ઇન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને ૫, અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને ૬ પર્યાપ્તિ હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com




સંજ્ઞી પર્યાપ્ત અને સંજ્ઞી અપર્યાપ્ત એ પ્રમાણે કહેવું, આ ચૌદ જીવસમાસ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પર્યાપ્તિનું વિવેચન

| જીવ | પર્યાપ્તિ | સંખ્યા |
|---|---|---|
| એકેન્દ્રિય | આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ – – | ૪ |
| વિકલેન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિય | ,, ,, ,, ,, ભાષા – | ૫ |
| સંજ્ઞી પંચેન્દ્રિય | ,, ,, ,, ,, ,, મન | ૬ |

એક અંતમુંહૂર્તમાં પર્યાપ્તિ પૂર્ણ થાય છે. અપર્યાપ્તક જીવ એક શ્વાસમાં ૧૮ વાર જીવન મરણ કરે છે. નીરોગી પુરુષની એકવાર નાડી ચાલવામાં જેટલો વખત લાગે તેને શ્વાસ કહે છે. ૪૮ મિનિટમાં ૩૭૭૩ શ્વાસ થાય છે.

## જીવનના બીજા ભેદ.

**मग्गणगुणठाणेहि य चउदसहिं हवंतितह असुद्धणया।**
**विण्णेया संसारी सव्वे सुद्धा हु सुद्धणया ॥ १३ ॥**

**मार्गणागुणस्थानै; चतुर्दशभि; भवन्ति तथा अशुद्धनयात्।**
**विज्ञेया; संसारिण; सव्वें शुद्धा; खलु शुद्ध नयात् ॥१३॥**

**અન્વયાર્થઃ—**[ तथा ] તથા [ संसारिण; ] સંસારી જીવ [अशुद्धनयात्] વ્યવહારનથી [ चतुर्दशभि;] ચૌદ ચૌદ [मार्गणागुणस्थानै;] માર્ગણા અને ગુણસ્થાનની અપેક્ષાથી [भवन्ति] હોય છે. [शुद्धनयात्] શુદ્ધ નિશ્ચયનયથી [सव्वें] બધા જીવ [खलु] ખરેખર [शुद्धाः] શુદ્ધ [विज्ञेयाः] જાણવા.

**ભાવાર્થઃ—**ઉપરની બારમી ગાથા પ્રમાણે તથા માર્ગણા અને ગુણસ્થાનની અપેક્ષાએ વ્યવહાર-

નયથી સંસારી જીવ ચૌદ ચૌદ પ્રકારના હોય છે. નિશ્ચયનયથી બધા જીવો શુદ્ધ છે. એ નયે કોઇ ભેદ નથી.

જેનાથી અથવા જ્યાં જીવની શોધ થઇ શકે તે અવસ્થાઓને માર્ગણા× કહે છે. તેના ગતિ વગેરેના ભેદથી ૧૪ ભેદ છે. જીવોના ભાવોની ઉન્નતિ કરનારા ભેદોને ગુણસ્થાન કહે છે. તે મોહના ઉદય અને યોગના નિમિત્તથી થાય છે, ગૃહસ્થોને ૧ થી ૫, સાધુઓને ૬ થી ૧૨, અને કેવળીઓને છેલ્લાં બે ગુણસ્થાનો (૧૩-૧૪) હોય છે.

---

×ગઇઇંદિયેસુ કાયે જોગે વેદે કસાયણાણે ય,
સંજમદંસણલેસ્સા ભવિયા સમ્મત્ત સણ્ણિ આહારે.

**અર્થ:**— ૧. ગતિ [ ચાર ]. ૨-ઇન્દ્રિય [ પાંચ ]. ૩-કાય [છ], ૪-યોગ [ત્રણ], ૫-વેદ [ત્રણ], ૬-કષાય [પચીસ]. ૭-જ્ઞાન [આઠ], ૮-સંયમ (પાંચ તથા અસંયમ અને સંયમાસંયમ) ૯-દર્શન [ચાર], ૧૦-લેશ્યા [છ], ૧૧-ભવ્યત્વ [બે], ૧૨-સમ્યક્ત્વ [છ] ૧૩-સંજ્ઞિત્વ [બે] અને ૧૪--આહાર (બે) એ ચૌદ માર્ગણાઓ છે.

મિચ્છો સાસણ મિસ્સો અવિરદસમ્મો દેસ વિરદો ય ।
વિરદા પમત્ત ઇદિરો અપુવ્વ અણિયટ્ઠ સુહુમો ય ॥
ઉવસંત ખીણમોહો સજોગકેવલિજિણો અજોગી ય ।
ચઉદ્દસ જીવસમાસા કમેણ સિદ્ધા ય ણાદવ્વા ॥

**ગુણસ્થાનોનાં નામ અને લક્ષણ**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ૮ અને ૯. સિદ્ધત્વ અને વિસ્રસા ઊર્ધ્વગમનત્વ અધિકાર

णिक्कम्मा अट्ठगुणा किंचूणा चरमदेहदो सिद्धा ।
लोयग्गठिदा णिच्चा उप्पादवयेहिं संजुत्ता ॥१४॥

निष्कर्म्माणः अष्टगुणाः किंचिदूनाः चरमदेहतः सिद्धाः
लोकाग्रस्थिताः नित्याः उत्पादव्ययाभ्यां संयुक्ताः ॥१४॥

---

૧ **મિથ્યાત્વ**:–મિથ્યાદર્શનના ઉદયથી સાચા દેવ, શાસ્ત્ર, ગુરુ અને તત્ત્વોનું શ્રદ્ધાન ન થવું.

૨. **સાસાદન**:–સમકિત છોડીને મિથ્યાત્વ તરફ જવું.

૩. **મિશ્ર**:– સમકિત અને મિથ્યાત્વના એકીસાથે પરિણામોનું થવું.

૪. **અવિરત સમ્યક્ત્વ**:–સમકિત થઇ જાય પણ કોઇ પ્રકારના વ્રત અને ચારિત્ર ધારણ ન કરે.

૫: **દેશ સંયત**:–સમકિત સહિત એક દેશ (અંશે) ચારિત્રનું પાળવું.

૬. **પ્રમત્ત સંયત**:–અહિંસાદિ મહાવ્રતોને પાળે છે પરંતુ પ્રમાદ સહિત છે.

૭, **અપ્રમત્ત સંયત**;– પ્રમાદરહિત થઇને માત્ર આત્મસ્વરૂપમાં સાવધાન રહે છે.

૮. **અપૂર્વકરણ**;–સાતમા ગુણસ્થાનની ઉપર પોતાની વિશુદ્ધતામાં અપૂર્વરૂપે ઉન્નતિ કરવી.

૯. **અનિવૃત્તિકરણ**:–આઠમા ગુણસ્થાનથી અધિક ઉન્નતિ કરવી.

૧૦. **સૂક્ષ્મ સામ્પરાય**:– (સૂક્ષ્મ કષાય) સર્વે કષાયોનો ઉપશમ અથવા ક્ષય થવો, માત્ર લોભ કષાયનું સૂક્ષ્મ રૂપે રહેવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થ**;-[निष्कर्म्माणः] જ્ઞાનાવરણ આદિ આઠ કર્મરહિત. [अष्टगुणाः] સમ્યકત્વાદિ* આઠ ગુણો સહિત, [चरमदेहतः] અન્તિમ શરીરથી [किंञ्चिदुनाः] કાંઈક ન્યૂન [नित्याः] ધ્રુવ-અવિનાશી [उत्पादव्ययाभ्यां] ઉત્પાદ અને વ્યયથી [संयुक्ताः) સહિત જીવ (सिद्धाः) સિદ્ધ છે. આ સિદ્ધત્વ અધિકાર છે.

કર્મ રહિત જીવોનો ઊર્ધ્વગમન સ્વભાવ હોવાથી (लोकाग्रस्थिताः) ત્રણ લોકના અગ્રભાગે સ્થિત રહે છે. આ વિસ્રસા ઊર્ધ્વગમનત્વ* અધિકાર છે.

---

૧૧. **ઉપશાન્ત કષાય**:- (ઉપશાન્તમોહ) કષાયોનો ઉપશમ થઈ જવો તે.

૧૨, **ક્ષીણ કષાય**:- (ક્ષીણ મોહ) કષાયોનો ક્ષય થઈ જવો.

૧૩. **સયોગી કેવલી**:-કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હોય છતાં યોગની પ્રવૃત્તિ હોય.

૧૪. **અયોગી કેવલી**:- કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી મન, વચન, કાયાની પ્રવૃત્તિ પણ બંધ થઈ જાય છે.

આ પછી જીવને "સિદ્ધ" કહેવાય છે.

**સમ્મત્તણાણદંસણવીરિયસુહુમં તહેવ અવગહણં**
**અગુરુલહુઅવ્વવાહં અટ્ઠગુણા હુંતિ સિદ્ધાણં.**

અર્થ:-૧. મોહનીય કર્મના અભાવથી સમ્યક્ત્વ. ૨. જ્ઞાનાવરણીય કર્મના અભાવથી જ્ઞાન, ૩. દર્શનાવરણીય કર્મના અભાવથી દર્શન. ૪. અન્તરાય કર્મના અભાવથી વીર્ય, ૫, નામકર્મના અભાવથી સૂક્ષ્મત્વ. ૬. આયુકર્મના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થઃ**—સિદ્ધ ભગવાન જ્ઞાનાવરણઆદિ આઠ કર્મોથી રહિત અને સમ્યક્ત્વ આદિ આઠ ગુણો સહિત હોય છે, સિદ્ધ અથવા મુક્ત જીવને આત્માના પ્રદેશો, છોડેલા આગલા શરીરથી કાંઈક ઓછે આકારે હોય છે. તેની અંદર ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ગુણ રહે છે. લોકના ઉપરના ભાગમાં સિદ્ધશિલા છે, તેની ઉપર તનુવાતવલયમાં અનંતાનંત સિદ્ધ રહે છે. લોકની આગળ અલોકમાં, ધર્માસ્તિકાય નહિ હોવાના કારણે, સિદ્ધના જીવો જઈ શકતા નથી.

## જીવ અધિકાર સંપૂર્ણ

---

અભાવથી અવગાહના ૭. ગોત્ર કર્મના અભાવથી અગુરુ લઘુ અને ૮. વેદનીય કર્મના અભાવથી અવ્યાબાધ આ બધા ગુણો સિદ્ધમાં હોય છે. આઠ કર્મના અભાવથી આઠ ગુણ હોય છે.

**પયડિટ્ઠિદિઅણુભાગપ્પદેસબંધેહિં સવ્વદો મુક્કો ।**
**ઉડ્ઢં ગચ્છદિ સેસા વિદિસાવજ્જં ગદિં જંતિ ।।**

અર્થઃ—પ્રકૃતિ, સ્થિતિ અનુભાગ અને પ્રદેશબન્ધથી મુક્ત થઈને જીવ ઊર્ધ્વગમન કરે છે, સંસારી જીવ વિદિશાઓમાં નહિ જતાં આકાશના પ્રદેશોની પંક્તિને અનુસાર બાકીની ૭ દિશાઓ ( પૂર્વ. પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉપર અને નીચે ) તરફ જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## અજીવ તત્ત્વના ભેદઃ—

अज्जीवो पुण णेयो पुग्गल धम्मो अधम्म आयासं ।
कालो पुग्गल मुत्तो रूवादिगुणो अमुत्ति सेसा दु ॥१५॥
अजीवः पुनः ज्ञेयः पुद्गलः धर्मः अधर्मः आकाशम् ।
कालः पुद्गलः मूर्त्तः रूपादिगुणः अमुर्त्ताः शेषाः तु ।१५।

**અન્વયાર્થઃ**—[पुनः] વળી (पुद्गलः) પુદ્ગલ (धर्म्मः) ધર્મ, (अधर्म्मः) અધર્મ, (आकाशम्) આકાશ અને (कालः) કાલ એને (अजीवः) અજીવ દ્રવ્ય (ज्ञेयः) જાણવા. તેની અંદર (पुद्गलः) પુદ્ગલ દ્રવ્ય (रूपादिगुणः) રૂપાદિ ગુણવાળું (मूर्तः) મૂર્તિક છે. (तु) અને (शेषा) બાકીના દ્રવ્યો (अमूर्ताः) અમૂર્તિક (અરૂપી) છે.

**ભાવાર્થઃ**— અજીવ દ્રવ્યના પાંચ ભેદ છે. ૧–પુદ્ગલ, ૨–ધર્મ, ૩–અધર્મ, ૪–આકાશ, ૫–કાલ તેમાં પુદ્ગલ દ્રવ્ય મૂર્તિક+ છે અને બાકીનાં ચાર દ્રવ્યો અમૂર્તિક× છે.

## પુદ્ગલ દ્રવ્યની પર્યાયો.

सद्दो बंधो सुहुमो थूलो संठाण भेद तम छाया ।
उज्जोदादवसहिया पुग्गलदव्वस पज्जाया ॥ १६ ॥

---

+ रूपादि गुणो मुत्तो અર્થાત્ જેમાં રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ ગુણ હોય તેને મૂર્ત્તિક કહે છે.

× જે દ્રવ્યમાં રૂપ આદિ ન હોય તેને અમૂર્તિક કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

शब्दः बन्धः सूक्ष्मः स्थूलः संस्थानभेदतमश्छायाः ।
उद्योतातपसहिताः पुद्गलद्रव्यस्य पर्यायाः ॥१६॥

**અન્વયાર્થઃ**—( शब्द ) શબ્દ, ( बंधः ) બંધ, (सूक्ष्मः ) સૂક્ષ્મ, (स्थूलः) સ્થુળ, ( संस्थान ) આકાર, (भेद) ખંડ, (तमः) અંધકાર, (छाया) છાયા, (उद्योतातपसहिताः ) ઉદ્યોત અને આતપ સહિત (पुद्गल द्रव्यस्य ) પુદ્ગલ દ્રવ્યની (पर्याया ) પર્યાયો છે.

**ભાવાર્થઃ**—પુદ્ગલ દ્રવ્યની શબ્દ વગેરે દશ* પર્યાયો છે.

## ધર્મ દ્રવ્યનું લક્ષણ

गइपरिणयाण धम्मो पुग्गलजीवाण गमणसहयारी ।
तोयं जह मच्छाणं अच्छंता णेव सो णेई ॥१७॥
गतिपरिणतानां धम्मः पुद्गलजीवानां गमनसहकारी ।
तोयं यथा मत्स्यानां अगच्छतां नैव सः नयति ॥१७॥

---

* ૧. વીણા વગેરેનો સ્વર તે શબ્દ. ૨. લાખ અને લાકડી વગેરેનું જોડાવું તે બંધ. ૩. ઇન્દ્રિયો દ્વારા અગ્રાહ્ય તે સૂક્ષ્મ. ૪. ઇન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય તે સ્થૂલ ૫, ત્રિકોણ, ચતુર્કોણ, ગોળ વગેરે તે આકાર ૬. સ્કંધનો કોઇપણ ભાગ તે ખંડ ૭. દૃષ્ટિને રોકે તે અંધકાર ૮, તડકામાં મનુષ્યની છાયા તથા દર્પણમાં મુખાદિ દેખાય તે છાયા, પ્રતિબિમ્બ ૯. ચંદ્રમા અથવા ચન્દ્રકાન્તમણિનો પ્રકાશ તે ઉદ્યોત ૧૦. સૂર્ય અથવા સૂર્યકાન્તમણિનો પ્રકાશ તે આતપ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ**— (गति परिणतानां) ગતિમાં પરિણમેલા (पुद्गल जीवनां) પુદ્ગલ અને જીવોને (गमन सहकारी) ચાલવામાં સહાયતા કરવાવાળું (धर्म्म) ધર્મ દ્રવ્ય છે. (यथा) જેવી રીતે (मत्स्यानां) માછલીઓને (तोयं) પાણી ચાલવામાં સહાયતા કરે છે પણ (सः) તે ધર્મ દ્રવ્ય (अगच्छतां) નહિ ચાલવાવાળાને (नैव नयति) કદાપિ ચલાવતું નથી.

**ભાવાર્થઃ**—જીવ અને પુદ્ગલ દ્રવ્ય જ હાલી ચાલી શકે છે. બીજાં દ્રવ્યો તેમ કરી શકતા નથી. જીવ અને પુદ્ગલ દ્રવ્યોને ચલવામાં ધર્મદ્રવ્ય સહાયતા કરે છે, પ્રેરણા કરતું નથી. પાણી માછલીને ચાલવામાં સહાયતા કરે છે પણ માછલીને ચાલવા માટે પ્રેરણા કરતું નથી, બળજબરીથી ચલાવતું નથી. અગાસી અથવા માળ ઉપર ચડવા માટે સીડી મદદ કરે છે, પણ પ્રેરણા કરતી નથી.

**વિશેષ**—ધર્મ અને અધર્મ શબ્દથી પુણ્ય અને પાપ સમજવું નહિ. પણ આ બે દ્રવ્યો જૈનધર્મમાં સ્વતંત્ર માનવામાં આવ્યાં છે.

## અધર્મ દ્રવ્યનું લક્ષણ.

ठाणजुदाण अधम्मो पुग्गलजीवाण ठाणसहयारी ।
छाया जह पहियाणं गच्छंता णेव सो धरई ॥१८॥
स्थानयुतानां अधर्म्म पुद्गलजीवानां स्थानसहकारी ।
छाया यथा पथिकानां गच्छतां नैव सः धरति ॥१८॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અન્વયાર્થઃ**—[ स्थानयुतानां ] સ્થિર રહેવાવાળા [ पुद्गल जीवानां ] પુદ્ગલ અને જીવ દ્રવ્યોને [ स्थानसहकारी ] સ્થિર રહેવામાં સહાયતા કરવાવાળું [ अधर्मः ] અધર્મ દ્રવ્ય છે. [ यथा ] જેવી રીતે [ पथिकानां ] મુસાફરોને [ छाया ] છાયા સ્થિર રહેવામાં સહાયતા કરે છે, પણ [ सः ] તે અધર્મ દ્રવ્ય [ गच्छतां ] ચાલવાવાળા જીવ અને પુદ્ગલ દ્રવ્યોને [ नैव धरति ] કદાપિ રોકી રાખતું નથી.

**ભાવાર્થઃ**—સ્થિર રહેવાવાળા જીવ અને પુદ્ગલ દ્રવ્યોને સ્થિર રહેવામાં અધર્મ દ્રવ્ય સહાય કરે છે. જો મુસાફર રોકાવા ઇચ્છે તો ઝાડની છાયા તેને સહાયતા કરે છે, પણ જો ચાલવા ઇચ્છે તો ઝાડની છાયા તે મુસાફરને રોકવાની પ્રેરણા કરતી નથી.

## આકાશ દ્રવ્યનું લક્ષણ.

अवगासदाणजोग्गं जीवादीणं वियाण आयासं ।
जेण्णं लोगागासं अल्लोगागासमिदि दुविहं । १९ ।
अवकाशदानयोग्यं जीवादीनां विजानीहि आकाशम्
जैनं लोकाकाशं अलोकाकाशं इति द्विविधम् । १९ ।

**અન્વયાર્થઃ**—[ जीवादीनां ] જીવ આદિ દ્રવ્યોને ( अवकाशदानयोग्यं ) અવકાશ દેવાવાળું ( जैनं ) જિનેન્દ્ર ભગવાને દર્શાવેલું ( आकाशं ) આકાશ દ્રવ્ય ( विजानीहि ) જાણવું. આ આકાશ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્ય (लोकाकाशं) લોકાકાશ અને (अलोकाकाशं) અલોકાકાશ (इति) એમ द्विविधं) બે પ્રકારનું છે.

**ભાવાર્થ**:—જીવ વગેરે સર્વ દ્રવ્યોને આકાશ અવકાશ આપે છે. આકાશ દ્રવ્ય આખા લોકમાં વ્યાપીને રહેલ છે ત્રણલોકની બહાર કોઈ દ્રવ્ય રહેતું નથી તેથી તેને અલોકાકાશ કહે છે. ત્રણ લોકની અંદર બધાં દ્રવ્યો રહે છે તેથી તેને લોકાકાશ કહે છે. આકાશ દ્રવ્ય અનંત અને અમૂર્તિક છે.

**घम्माधम्मा कालो पुग्गलजीवा य संति जावदिये ।**
**आयासे सो लोगो तत्तो परदो अलोगुत्तो ॥ २० ॥**
**धर्म्माधर्मौ काल; पुद्गलजीवाः च सन्ति यावतिके ।**
**आकाशे सः लोकः ततः परतः अलोकः उक्तः ।।२०।।**

**અન્વયાર્થ**:—[यावतिके] જેટલા [आकाशे] આકાશમાં [धर्म्माधर्म्मौ] ધર્મ દ્રવ્ય, અધર્મ દ્રવ્ય, [कालः] કાળ દ્રવ્ય [च] અને [पुद्गलजीवा] પુદ્ગલ દ્રવ્ય અને જીવ દ્રવ્ય [सन्ति] રહેલાં છે. [सः] તેને [लोकः] લોકાકાશ+ કહેવાય છે,

---

+ यत्र पुण्यपापफललोकनं स लोकः અર્થ:—જ્યાં પુણ્ય અને પાપનાં સુખ અને દુઃખરૂપ ફળ જોવામાં આવે તેને લોક કહે છે. આ જીવમાં જોવામાં આવે છે. જીવ દ્રવ્ય લોકાકાશમાં જ રહે છે. અથવા:—लोक्यन्ते दृश्यन्ते जीवादि पदार्थाः यत्र स लोकः ॥ અર્થ.— જ્યાં જીવ વગેરે દ્રવ્યો જોવામાં આવે તેને લોક કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ततः ] લોકાકાશથી [ परतः ] બહાર છે તેને [ अलोकः ] અલોકાકાશ [ उक्तः ] કહેવામાં આવે છે.

**ભાવાર્થઃ**–જેટલા સ્થાનમાં બધાં દ્રવ્યો માલૂમ પડે તેને લોકાકાશ કહે છે અને લોકાકાશમાંથી બહાર કેવળ આકાશ છે તેને અલોકાકાશ કહે છે.

લોકના ત્રણભાગ છેઃ ઊર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોક. આને જ ત્રણ લોક કહેવામાં આવે છે અને તેને જ લોકાકાશ કહેવામાં આવે છે. તેનાથી બહાર અનન્ત અલોકાકાશ રહેલો છે.

## કાળદ્રવ્યનું લક્ષણ અને તેના ભેદોનું સ્વરૂપ.

दव्वपरिवट्टरूवो जो सो कालो हवेइ ववहारो ।
परिणामादीलक्खो वट्टणलक्खो य परमट्ठो ॥२१॥
द्रव्यपरिवर्तनरुपः यः सः कालः भवेत् व्यवहारः ।
परिणामादिलक्ष्य; वर्त्तनालक्षण; च परमार्थः ॥२१॥

**અન્વયાર્થઃ**— [यः] જે [द्रव्यपरिवर्तनरुपः] દ્રવ્યના બદલવામાં મિનિટ, કલાક, દિવસ, માસ વગેરે રૂપ છે અને [परिणमादि लक्ष्यः] પરિણમન આદિ લક્ષણોથી જાણી શકાય છે [सः] તે [ व्यवहार-कालः] વ્યવહારકાળ [भवेत ] છે [च] અને [वर्त्तना लक्षणः] વર્તના લક્ષણવાળો [परमार्थ] પરમાર્થ કાળ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ**:–જે જીવાદિક દ્રવ્યોના પરિણમનમાં સહકારી છે તેને કાળદ્રવ્ય કહે છે. તેના બે ભેદ છે:– ૧. વ્યવહારકાળ ૨. પરમાર્થકાળ અથવા નિશ્ચયકાળ.

સમય, ઘડી, પહોર, દિવસ વગેરે વ્યવહાર કાળ કહેવાય છે. કુંભારના ચાકડાની ખીલીની માફક જે પદાર્થોના પરિણમનમાં સહાકારી છે તેને પરમાર્થ અથવા નિશ્ચયકાળ કહે છે. પદાર્થોના પલટવામાં જે સહકારી છે તેને જ વર્તના કહેવામાં આવે છે. વર્તના લક્ષણવાળા કાલાણુ રૂપ નિશ્ચયકાળ છે.

## નિશ્ચય કાળનું વિશેષ લક્ષણ.

लोयायासपदेसे इक्केक्के जे ठिया हु इक्केक्का ।
रयणाणं रासीमिव ते कालाणू असंखदव्वाणि ।२२।
लोकाकाशप्रदेशे एकैकस्मिन् ये स्थिताःहि एकैकाः ।
रत्नानां राशिः इव ते कालाणवः असंख्यद्रव्याणि ।२२।

**અન્વયાર્થ**:–[एकैकस्मिन्] એક એક [लोकाकाशप्रदेशे] લોકાકાશ પ્રદેશ ઉપર [ये] જે [एकैकाः] એકએક [कालाणवः] કાળનાં અણુઓ [रत्नानां] રત્નોનાં [राशिः इव] ઢગલાની માફક [हि] જુદાં જુદાં [स्थिताः] રહેલાં છે. (ते) તે કાલાણુઓ (असंख्य द्रव्याणि) અસંખ્ય દ્રવ્યો છે.

**ભાવાર્થ**:—લોકાકાશના પ્રત્યેક પ્રદેશ ઉપર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રત્નોની રાશિની માફક કાલાણુઓ અલગ અલગ રહેલાં છે. જેવી રીતે રત્નોનો ઢગલો કરવાથી દરેક રત્ન અલગ અલગ રહે છે તેવી રીતે લોકાકાશના પ્રત્યેક પ્રદેશ ઉપર એક એક કાલાણુ અલગ અલગ છે. લોકાકાશના પ્રદેશ અસંખ્યાત હોવાને કારણે કાલદ્રવ્ય પણ અસંખ્યાત દ્રવ્ય છે. આ કાલાણુઓના નિમિત્તથી બધા દ્રવ્યોની અવસ્થા પલટાય છે.

## દ્રવ્યોનો ઉપસંહાર અને અસ્તિકાય.

एवं छब्भेयमिदं जीवाजीवप्पभेददो दव्वं ।
उत्तं कालविजुत्तं णायव्वा पंच अत्थिकाया दु ॥२३॥
एवं षड्भेदं इदं जीवाजीवप्रभेदतः द्रव्यम् ।
उक्तं कालवियुक्तम् ज्ञातव्या पंच अस्तिकायाः तु ।

**અન્વયાર્થઃ**—[ एवं ] આ પ્રમાણે ( जीवाजीव प्रभेदत ) જીવ અને અજીવના પેટા ભેદોથી ( इदं ) આ ( द्रव्यं ) દ્રવ્ય (षड्भेदं) છ પ્રકારે (उक्तं) કહેવામાં આવ્યું છે. (तु) વળી તેમાં ( कालवियुकम् ) કાળદ્રવ્ય સિવાય (पंच अस्तिकायः) પાંચ અસ્તિકાય (ज्ञातव्याः) જાણવા.

**ભાવાર્થઃ**—દ્રવ્યના મુખ્ય બે ભેદ છે. જીવ અને અજીવ. અજીવના પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ પાંચ ભેદ છે; કુલ દ્રવ્ય છ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આમાંથી કાળ સિવાય બાકીનાં પાંચ દ્રવ્યો 'પંચાસ્તિકાય' કહેવાય છે.

## અસ્તિકાયનું લક્ષણ

संति जदो तेणेदे अत्थीति भणंति जिणवरा जम्हा ।
काया इव बहुदेसा तम्हा कायाय अत्थिकाया य ॥२४॥
सन्तियतः तेन एते अस्ति इति भणन्ति जिनवराः यस्मात् ।
कायाः इव बहुदेशाः तस्मात् कायाः च अस्तिकायाः च ॥

**અન્વયાર્થ**:—[यतः] જેથી કરીને [एते] પાંચ અસ્તિકાય [सन्ति] છે [तेन, તે કારણથી [जिनवराः] જિનેન્દ્ર ભગવાન [अस्ति] "અસ્તિ" [इति] એમ [ भणन्ति ] કહે છે. [ यस्मात् ] જેથી કરીને [ कायाः-इव ] કાયાની માફક [ बहुदेशाः ] ઘણા પ્રદેશવાળા છે. [ तस्मात् ] તે કારણથી [ कायाः ] "કાય" કહેવાય છે. [ च ] અને ભેગા મળીને [ अस्तिकायाः ] અસ્તિકાય કહેવાય છે.

**ભાવાર્થ**:-જીવ, પુદ્‌ગલ, ધર્મ; અધર્મ અને આકાશ એ પાંચ દ્રવ્યો છે તેને 'અસ્તિ' કહેવામાં આવ્યા છે. કાયાની માફક બહુ પ્રદેશી છે માટે તેને 'કાય' કહે છે. આ કારણથી આ પાંચ દ્રવ્યો 'અસ્તિકાય' છે. કાલાણુ એક એક પ્રદેશવાળો હોય છે, તેથી તેને કાયસંજ્ઞા નથી. તેની અંદર અસ્તિપણું છે, કાયપણું નથી, એ કારણથી તેને અસ્તિકાયમાં ગણેલ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




## દ્રવ્યોની પ્રદેશ સંખ્યા

होंति असंख्याजीवे धम्माधम्मे अणंत आयासे ।
मुत्ते तिविह पदेसा कालस्सेगो तेणसो काओ ॥२५॥
भवन्ति असंख्याः जीवे धर्म्माधर्म्म योः अनन्ताः आकाशे
मूर्त्ते त्रिविधाः प्रदेशाः कालस्य एकः न तेन सः कायः ।

**અન્વયાર્થ:**—[ जीवे ] એક જીવમાં. ( धर्म्माधर्म्मयोः) ધર્મ અને અધર્મ દ્રવ્યોમાં (असंख्याः) અસંખ્યાત, (आकाशे) આકાશ દ્રવ્યમાં (अनन्ताः) અનંતા અને ( मूर्त्ते ) પુદ્ગલમાં (त्रिविधाः ) ત્રણ પ્રકારનાં એટલે સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા (प्रदेशाः) પ્રદેશો છે, અને (कालस्य) કાળ દ્રવ્યનો (एकः) એક પ્રદેશ છે (तेन) તેથી (न सः कायः ) તે કાળદ્રવ્ય કાયવાન નથી.

**ભાવાર્થ:**—એક જીવ સમસ્ત લોકાકાશમાં પ્રસરીને રહી શકે છે, લોકાકાશના અસંખ્યાતા પ્રદેશ છે તેથી જીવ અસંખ્યાત પ્રદેશવાળો છે. ધર્મ અને અધર્મદ્રવ્ય પણ સમસ્ત લોકાકાશમાં તલમાં તેલની માફક ફેલાયેલ છે, તેથી તે બન્ને દ્રવ્યો પણ અસંખ્યાત પ્રદેશવાળા છે. આકાશના અનન્ત પ્રદેશ છે, કારણકે આકાશ લોકાકાશની બહાર પણ છે, તેની કોઇ મર્યાદા નથી. પુદ્ગલ દ્રવ્યના અનંતા પરમાણુઓ છે, પરંતુ એક પરમાણુ અલગ પણ હોય છે અને બે, ચાર, વીશ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com


દ્રવ્ય
જીવ
અજીવ
સંસારી
મુક્ત
પુદ્ગલ
ધર્મ
અધર્મ
આકાશ
કાળ
ત્રસ
સ્થાવર
લોક
અલોક
વિકલ
સકલ
બાદર
સુક્ષ્મ
વ્યવહાર
નિશ્ચય
પંચેન્દ્રિય
પૃથ્વી
જલ
અગ્નિ
વાયુ
વનસ્પતિ
પૃથ્વી
જલ
અગ્નિ
વાયુ
વનસ્પતિ
સંજ્ઞી
અસંજ્ઞી
દ્વીન્દ્રિય
ત્રીન્દ્રિય
ચતુરિન્દ્રિય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હજાર, લાખ વગેરે પરમાણુઓ મળીને નાનો અથવા મોટો સ્કંધ થાય છે. આ કારણથી પુદ્ગલને સંખ્યાત, અસંખ્યાત તથા અનંત પ્રદેશવાળો કહેવામાં આવેલ છે. કાલના અણુ એક એક અલગ રહે છે, તે મળીને સ્કન્ધ થતો નથી. આ કારણથી કાલદ્રવ્ય કાયવાન નથી.

વિશેષઃ–ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણ દ્રવ્યો લોકાકાશમાં અનાદિકાળથી રહે છે, તે અમૂતિક છે. તેનો પ્રદેશ એક બીજા પ્રદેશને રોકતો નથી. જલ, રાખ અને રેતી વગેરે મૂર્તિક પદાર્થોમાં પણ વિરોધ હોતો નથી. અનાદિકાળથી સંબંધ રાખવાળા અમૂર્ત્તિક દ્રવ્યોમાં કાંઈ વિરોધ આવતો નથી.

## પુદ્ગલ પરમાણુ કાયવાન છે.

एयपसो वि अणू णाणाखंधप्पदेसदो होदि ।
बहुदेसो उवयारा तेण य काओ भणंति सव्वण्हु ॥२६॥
एकप्रदेशः अपि अणुः नानास्कन्धप्रदेशतः भवति ।
बहुदेशः उपचारात् तेन च कायः भणन्ति सर्वज्ञाः ॥२६॥

**અન્વયાર્થઃ**—[ एक प्रदेशः अपि ] એક પ્રદેશવાળો હોવા છતાં (अणुः) પુદ્ગલ પરમાણુ ( नाना स्कन्ध प्रदेशतः ) વિવિધ સ્કન્ધરૂપ પ્રદેશવાળો થતો હોવાના કારણે (बहुदेशः) બહુ પ્રદેશી (भवति) થાય છે (च) અને (तेन) તે કારણથી (सर्वज्ञाः) સર્વજ્ઞ

હેવ પુદ્‌ગલપરમાણુને (उपचारात्) ઉપચારથી (कायः) કાયવાન (भणन्ति) કહે છે.

**ભાવાર્થ**:—પુદ્‌ગલનો એક પરમાણુ અનેક પ્રકારના સ્કંધોમાં મળવાના કારણે વિધવિધ સ્કન્ધ રૂપે થઇ શકે છે, તેથી તેને કાયવાન કહે છે. પરંતુ કાલાણુ વિધવિધ સ્કન્ધ રૂપે થઇ શકતો નથી તેથી કાલાણુ એક પ્રદેશી છે, કાયવાન નથી.

## પ્રદેશનું લક્ષણ

जावदियं आयासं अविभागीपुग्गलाणुवट्ठद्धं ।
तं खु पदेसं जाणे सव्वाणुट्ठाणदाणरिहं ॥२७॥
यावतिकं आकाशं अविभागिपुद्गलाण्वष्टब्धम् ।
तं खलु प्रदेशं जानीहि सर्व्वाणुस्थानदानार्हम् ॥२७॥

**અન્વયાર્થ**:—[यावतिकं] જેટલું [आकाशं] આકાશ [अविभागी पुद्गलाण्वष्टब्धं] અવિભાગી પુદ્‌ગલ પરમાણુદ્વારા વ્યાપ્ત છે [तं] તેને [खलु] ખરેખર [सर्व्वाणुस्थानदानार्हम्] સર્વ પ્રકારના અણુ-ઓને સ્થાન દેવા યોગ્ય [प्रदेशं] પ્રદેશ [जानाहि] જાણવો.

**ભાવાર્થ**:—આકાશના જેટલાં ક્ષેત્રમાં પુદ્‌ગલનો સૌથી નાનો ટુકડો આવી જાય તેટલા ક્ષેત્રને પ્રદેશ કહે છે. આ પ્રદેશમાં ધર્મ અને અધર્મ દ્રવ્યના પ્રદેશ, કાલાણુ અને પુદ્‌ગલના અનેક અણુ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લોઢાની અંદર આગની માફક સમાઇ શકે છે. આ કારણથી પ્રદેશને બધાં દ્રવ્યના અણુઓને સ્થાન દેવા યોગ્ય કહેલ છે. નાનામાં નાનો અણુ, જેના વિભાગ ન થઇ શકે તેને પરમાણુ કહે છે.

અજીવાધિકાર સંપૂર્ણ

પ્રથમ અધિકાર સંપૂર્ણ

# પ્રશ્નાવલી

૧–"જિણવરવસહેણ" નો સ્પષ્ટ અર્થ સમજાવો.

૨–સો ઇન્દ્ર કોણ કોણ છે. નામ બતાવો.

૩–જીવના કેટલા અધિકાર છે? તે જ જીવ સંસારી અને તે જ જીવ મોક્ષ અધિકારમાં છે, તે કેવી રીતે?

૪–જીવને કેટલા પ્રાણ છે? વ્યવહાર અને નિશ્ચયનયથી બતાવો.

૫–જ્ઞાનોપયોગના કેટલા અને કયા કયા ભેદ છે?

૬–અમૂર્તિક કોને કહે છે? સંસારી જીવ મૂર્તિક છે કે અમૂર્તિક?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૭-વ્યવહાર અને નિશ્ચયનયથી જીવ કોનો કર્તા અને ભોક્તા છે? રાગાદિ ભાવનો ભોક્તા છે કે નહિ?

૮-જીવનું દેહ પ્રમાણ કેટલું છે? સ્પષ્ટ સમજાવો.

૯-પંચેન્દ્રિય જીવ કેટલા પ્રકારના છે? જીવ સમાસ, માર્ગણા અને ગુણસ્થાનનો શો હેતુ છે?

૧૦-અસંજ્ઞી પંચેન્દ્રિયને કેટલા પ્રાણ અને કેટલી પર્યાપ્તિ હોય છે?

૧૧-કાળ દ્રવ્યના ઉદાહરણ સહિત લક્ષણ બતાવો. તે અસ્તિકાય કેમ નથી? અસ્તિકાય કોને કહે છે?

૧૨-દ્રવ્યોના પ્રદેશોની સંખ્યા બતાવો.

૧૩-પુદ્ગલના પરમાણુ અસ્તિકાય કેમ છે?

૧૪-આકાશ કોને કહે છે?

૧૫-પ્રદેશને બધા અણુઓને સ્થાન દેવા યોગ્ય બતાવ્યો છે, તે સમજાવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# અધિકાર બીજો

## આસ્રવ વગેરે પદાર્થોનું વર્ણન.

आसवबंधणसंवरणिज्जरमोक्खा सपुण्णपावा जे ।
जीवाजीवविसेसा तेवि समासेण पभणामो ॥२८॥

आस्रवबंधनसंवरनिर्जरमोक्षाः सपुण्यपापाः ये ।
जीवाजीवविशेषाः तान् अपि समासेन प्रभणामः ॥२८॥

**અન્વયાર્થ:**—[ये] જે [आस्रवबंधनसंवरनिर्जरमोक्षाः] આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ (सपुण्यपापाः) પુણ્ય અને પાપ સહિત સાત તત્ત્વ છે તે (जीवाजीव विशेषाः) જીવ અને અજીવ દ્રવ્યના ભેદ છે (तान् अपि) તેઓને પણ (समासेन) સંક્ષેપથી (प्रभणामः) અમે કહીએ છીએ.

**ભાવાર્થ;**—જીવ અને અજીવ દ્રવ્યમાં આસ્રવ વગેરે પાપ તત્ત્વ તથા પુણ્ય અને પાપ એ પદાર્થ પણ સામેલ× છે.

આત્મા ચેતન છે અને કર્મ અચેતન છે. જીવ અને કર્મનો અનાદિ કાળથી સંબંધ છે. આસ્રવ

× જીવ, અજીવ, આસ્રવ, બંધ. સંવર, નિર્જરા અને મોક્ષ આ સાત તત્ત્વો છે આમાં પુણ્ય અને પાપ મેળવવાથી નવ પદાર્થ કહેવામાં આવે છે. મોક્ષમાર્ગમાં આ નવ પદાર્થ અવશ્ય જાણવા યોગ્ય છે. આસ્રવ વગેરેમાં જીવ અને અજીવ એટલે કે આત્મા અને કર્મ બન્નેનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વગેરે જીવ તેમજ અજીવ બન્નેને થાય છે; જેમકે જીવાશ્રવ-અજીવાશ્રવ વિગેરે; આવી રીતે બધું સમજવું જોઇએ.

અજીવાશ્રવ વિગેરેથી દ્રવ્યાશ્રવ વિગેરે જાણવું જોઈએ, અને જીવાશ્રવ વિગેરેથી ભાવાશ્રવ વિગેરે સમજવું જોઈએ.

દ્રવ્યાશ્રવ અને ભાવાશ્રવ વિગેરે દ્વારા આગળ વર્ણન કરવામાં આવશે.

**ભાવ આશ્રવ અને દ્રવ્ય આશ્રવનું લક્ષણ**

आसवदि जेण कम्मं परिणामेणप्पणो स विण्णेओ ।
भावासवो जिणुत्तो कम्मासवणं परो होदि ॥२९॥
आस्रवति येन कर्म्म परिणामेन आत्मनः सः विज्ञेयः ।
भावास्रवः जिनोक्तः कर्म्मास्रवणं परः भवति ॥२९॥

**અન્વયાર્થ:**—[आत्मनः] આત્માના (येन) જે (परिणामेन) પરિણામથી (कर्म्म) કર્મ (आस्रवति) આવે છે (सो) તેને (जिनोक्तः) જિનેશ્વર ભગવાને કહેલો (भावश्रवः) ભાવઆશ્રવ (विज्ञेयः) જાણવો જોઇએ અને (कर्मास्रवणं) પુદ્‌ગલ કર્મનું આવવું તે (परः) દ્રવ્યાશ્રવ (भवति) છે.

---

સંબંધ છે. કર્મ રહિત આત્મા શુદ્ધ એટલે કે મુક્ત કહેવાય છે.

જીવ અને અજીવમાં છ દ્રવ્ય, સાત તત્ત્વ અને નવ પદાર્થોનો સમાવેશ થઇ જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થઃ**— જીવોને કર્મબંધનાં કારણને આશ્રવ કહે છે. તેના બે ભેદ છે–દ્રવ્યાશ્રવ અને ભાવાશ્રવ. આત્માના જે રાગાદિ ભાવોથી પુદ્ગલ દ્રવ્ય કર્મરૂપ થાય છે તે ભાવોને ભાવાશ્રવ કહે છે. અને જે પુદ્ગલ દ્રવ્યકર્મરૂપ પરિણમન કરે છે તેને દ્રવ્યાશ્રવ કહે છે.

## ભાવાશ્રવોના નામ અને તેના ભેદ.

मिच्छत्ताविरदिपमादजोगकोहादओऽथ विण्णेया ।
पण पण पणदह तिय चदु कमसो भिदा दु पुव्वस्स॥३०॥

मिथ्यात्वाविरतिप्रमादयोगक्रोधादयः अथ विज्ञेयाः ।
पंच पंच पंचदश त्रयः चत्वारः क्रमशः भेदाः तु पूर्वस्य ॥


**અન્વયાર્થઃ**—[अथ] અને (पूर्वस्य) ભાવાશ્રવના (मिथ्यात्वाविरतिप्रमादयोगक्रोधादयः) મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, યોગ અને ક્રોધ વિગેરે (भेदाः) ભેદો છે (तु) વળી તેના (क्रमशः) ક્રમે કરીને (पंच) પાંચ (पंच) પાંચ (पंचदश) પંદર (त्रय) ત્રણ (चत्वारः) અને ચાર એમ બત્રીશ ભેદો (विज्ञेया) જાણવા જોઈએ.

**ભાવાર્થઃ**—૫ મિથ્યાત્વ,* ૫ અવિરતિ, ૧૫ પ્રમાદ,× ૩ યોગ અને ૪ કષાય એ પ્રમાણે ભાવાશ્રવના ૩૨ ભેદ છે.

---

*મિથ્યાત્વઃ–પર પદાર્થોથી રાગ-દ્વેષરહિત પોતાના શુદ્ધ આત્માની અનુભવમાં શ્રદ્ધા થવી તેને સમ્યક્ત્વ કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com


ભાવાસ્રવના ૩૨ ભેદ
મિથ્યાત્વ ૫
અવિરતિ ૫
પ્રમાદ ૧૫
યોગ ૩
કષાય ૪
મન૨૬ વચન૨૭ કાય૨૮
ક્રોધ ૨૯ માન૩૦ માયા૩૧ લોભ૩૨
હિંસા ૬
જુઠ ૭
ચોરી ૮
અબ્રહ્મ ૯
પરિગ્રહ ૧૦
એકાન્ત૧ વિપરીત૨ વિનય૩ સંશય૪ અજ્ઞાન૫
૪ વિકથા
૪ કષાય
૫ ઇન્દ્રિય
૧ નિદ્રા ૨૪
૧ પ્રણય ૨૫
સ્ત્રી ૧૧
ભોજન ૧૨
રાષ્ટ્ર ૧૩
રાજ ૧૪
સ્પર્શન૧૯ રસના૨૦ ઘ્રાણ૨૧ ચક્ષુ૨૨ શ્રોત્ર ૨૩
ક્રોધ ૧૫
માન ૧૬
માયા ૧૭
લોભ ૧૮

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## દ્રવ્યાશ્રવના ભેદ

**णाणावरणादीणं जोग्गं जं पुग्गलं समासवदि ।**
**दव्वासवो स णेओ अणेयभेयो जिणक्खादो ।३१।**
**ज्ञानावरणादीनां योग्यं यत् पुद्गलं समास्रवति ।**
**द्रव्यास्रवः सः ज्ञेयः अनेकभेदः जिनाख्यातः ।३१ ।**

**અન્વયાર્થઃ—**[ ज्ञानावरणादीनां ] જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના કર્મોરૂપ ( योग्यं ) થવા યોગ્ય ( यत् पुद्गलं ) જે કાર્મણવર્ગણાના પુદ્ગલ ( समास्रवति ) આવે છે (स.) તે ( अनेकभेदः ) અનેક ભેદવાળા ( द्रव्यास्रवः ) દ્રવ્યાશ્રવ ( ज्ञेयः ) જાણવા જોઇએ ( जिनाख्यातः ) એમ જિનેન્દ્ર ભગવાને કહ્યું છે.

---

છે. તે જ આત્માનો નિજ ભાવ છે. એનાથી વિપરીત ભાવને મિથ્યાત્વ કહે છે.

અવિરતિ–હિંસાદિક પાપોમાં તથા ઇંદ્રિય અને મનના વિષયોમાં પ્રવૃત્તિ થવાને અવિરતિ કહે છે.

પ્રમાદ–સંજ્વલન કષાય અને નોકષાયના તીવ્ર ઉદયથી અતિચાર રહિત ચારિત્ર પાળવામાં ઉત્સાહ ન થવો અને સ્વરૂપની સાવધાની ન રહેવી તેને પ્રમાદ કહે છે.

યોગ–મન, વચન અને કાયાના નિમિત્તથી આત્માના પ્રદેશો ચંચળ થવાપણાને યોગ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ:—જ્ઞાનાવરણ આદિ આઠકર્મ* રૂપ થવા યોગ્ય કાર્મણ વર્ગણાના પુદ્‌ગલ સ્કંધ જે આવે છે તેને દ્રવ્યાશ્રવ કહે છે.**

---

કષાય-સંજ્વલન અને નોકષાયના મન્દ ઉદયથી ઉત્પન્ન થતાં આત્માના પરિણામ વિશેષને કષાય કહે છે.

× विवाहा तहा कसाया इंद्रिय णिद्दा तहेव पणओ य ।
चदु चदु पणमेगेग होंति पमादा हु पण्णरस ॥

અર્થ-૪ વિકથા, ૪ કષાય, ૫ ઇંદ્રિય, ૧ નિદ્રા તથા ૧ પ્રણય ( ૪+૪+૫+૧+૧=૧૫ ) એમ પ્રમાદના પંદર ભેદ છે.

*** આઠ કર્મોનું સંક્ષેપથી લક્ષણ કહે છે**

૧ જ્ઞાનાવરણ-જ્યારે આત્મા પોતે પોતાના જ્ઞાનભાવનો ઘાત કરે ત્યારે આત્માના જ્ઞાનગુણના ઘાતમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને જ્ઞાનાવરણ કહે છે.

૨ દર્શનાવરણ-જ્યારે આત્મા પોતે પોતાના દર્શન ભાવનો ઘાત કરે ત્યારે આત્માના દર્શનગુણના ઘાતમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને દર્શનાવરણ કહે છે.

૩ વેદનીય-જ્યારે આત્મા પોતે મોહભાવ વડે પર લક્ષે આકુળતા કરે ત્યારે સગવડતા કે અગવડતા રૂપ સંયોગો પ્રાપ્ત થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને વેદનીય કહે છે.

૪ મોહનીય-જીવ પોતાના સ્વરૂપને ભૂલીને અન્યને પોતાના સમજે અથવા સ્વરૂપાચરણમાં અસાવધાની કરે ત્યારે જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને મોહનીય કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ભાવબંધ અને દ્રવ્યબંધના લક્ષણ.

वज्झदि कम्मं जेण दु चेदणभावेण भावबंधो सो ।
कम्मादपदेसाणं अण्णोण्णपवेसणं इदरो ॥ ३२ ॥
बध्यते कर्म्म येन तु चेतनभावेन भावबन्धः सः ।
कर्म्मात्मप्रदेशानां अन्योन्यप्रवेशनं इतरः । ३२ ।

**અન્વયાર્થઃ**—[येन] જે (चेतनभावेन) ચૈતન્ય ભાવથી (कर्म्म) કર્મ (बध्यते) બંધાય છે (सः) તે પરિણામ [भावबंधः] ભાવબંધ છે, [तु] અને (कर्म्मात्मप्रदेशानां) કર્મ અને આત્મપ્રદેશોનું (अन्योन्य प्रवेशनं) એક બીજામાં મળી જવું તેને (इतरः) દ્રવ્યબંધ કહે છે.

---

૫ આયુ-જ્યારે જીવ પોતની યોગ્યતાથી નરક, તિર્યંચ, મનુષ્ય કે દેવના શરીરમાં રોકાઇ રહે ત્યારે જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને આયુકર્મ કહે છે.

૬ નામ–જીવ જે શરીરમાં હોય તે શરીરાદિની રચનામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને નામકર્મ કહે છે.

૭ ગોત્ર–જીવને ઉંચ કે નીચ આચરણવાળા કુળમાં પેદા થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને ગોત્રકર્મ કહે છે.

૮ અંતરાય–જીવને દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યના વિઘ્નમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને અંતરાયકર્મ કહે છે.

આ પ્રમાણે આઠ કર્મોના ૫+૯+૨+૨૮+૪+૯૩+૨+૫= ૧૪૮) એકસો અડતાલીસ ભેદ છે ખરી રીતે કર્મોના અનંત ભેદ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ**:-આત્માના જે વિકારભાવથી જીવાત્મા સાથે કર્મનો બંધ થાય છે તે વિકાર ભાવને ભાવ-બંધ કહે છે, આ વિકારભાવના નિમિત્તથી કર્મરૂપ પુદ્‌ગલ પરમાણુઓનું આત્માના પ્રદેશોમાં દૂધ અને પાણીની માફક એકક્ષેત્રે રહેવું તેને દ્રવ્ય બંધ કહે છે.

## બંધ અને તેનું કારણ.

पयडिट्ठिदिअणुभागप्पदेसभेदा दु चदुविधो बंधो ।
जोगा पयडिपदेसा ठिदिअणुभागा कसायदो होंति । ३३ ।
प्रकृतिस्थित्यनुभागप्रदेशभेदात् तु चतुर्विधिः बन्धः ।
योगात् प्रकृतिप्रदेशौ स्थित्यनुभागौ कषायतः भवतः ।३३।

**અન્વયાર્થ**:- (बंधो) બંધ (प्रकृत्तिस्थित्यनुभाग प्रदेश भेदात्) પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશના ભેદથી (चतुर्विधिः) ચાર પ્રકારનો હોય છે તેમાં (प्रकृति प्रदेशौ) પ્રકૃતિ અને પ્રદેશ બંધ (योगात्) યોગથી અને (स्थित्यनु भागौ) સ્થિતિ અને અનુભાગ બંધ (कषायतः) કષાયથી (भवतः) થાય છે.

**ભાવાર્થ**:-બંધના ચાર ભેદ છે. ૧-પ્રકૃતિ ૨-સ્થિતિ ૩-અનુભાગ અને ૪-પ્રદેશ. પ્રકૃતિ અને પ્રદેશબંધ મન, વચન અને કાયાથી તથા સ્થિતિ અને અનુભાગ બંધ ક્રોધ વિગેરે કષાયોથી થાય છે.

૧ પ્રકૃતિઃ-કર્મનો જે સ્વભાવ છે તેને પ્રકૃતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે. જેવી રીતે જ્ઞાનાવરણ કર્મની પ્રકૃતિ પદાર્થોને ન જાણવા આપે, અને દર્શનાવરણ કર્મની પ્રકૃતિ પદાર્થોને ન દેખવા આપે વિગેરે; જેમ લીંબડો કડવો અને ગોળ મીઠો છે એવી રીતે બધાં કર્મોની પ્રકૃતિ જાણવી જોઈએ.

૨ સ્થિતિ;—સ્વભાવથી ચોક્કસ વખત સુધી નહિ છૂટવું. જેવી રીતે બકરી વિગેરેના દુધમાં મીઠાશ છે, મીઠાશનું ન છૂટવું તે સ્થિતિ છે, તેવી રીતે જ્ઞાનાવરણ વિગેરે કર્મોનો પદાર્થોને ન જાણવા દેવું વિગેરે સ્વભાવ ચોકક્સ વખત સુધી ન છૂટવો તે સ્થિતિબંધ છે.

૩ અનુભાગઃ—બકરી, ગાય અને ભેંસ વિગેરેના દુધમાં ચીકાસ ઓછી, સાધારણ અને વિશેષ માલૂમ પડે છે તેવી રીતે કર્મ પુદ્‌ગલોની શકિતવિશેષને અનુભાગ અથવા અનુભવ બંધ કહે છે. એટલે કે કર્મફલ શકિતને અનુભાગ કહે છે.

૪ પ્રદેશઃ—બંધાયેલા કર્મપરમાણુઓનું આત્માના પ્રદેશો સાથે એકક્ષેત્ર અવગાહીને રહેવું અથવા કર્મોની સંખ્યાને પ્રદેશ બંધ કહે છે.

## ભાવસંવર અને દ્રવ્યસંવરનું લક્ષણ

चेदणपरिणामो जो कम्मस्सासवणिरोहणे हेऊ ।
सो भावसंवरो खलु दव्वासवरोहणो अण्णो ॥३४॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



चेतनपरिणामः यः कर्म्मणः आस्रवनिरोधने हेतुः ।
सः भावसंवरः खलु द्रव्यास्रवरोधनः अन्यः ॥३४॥

**અન્વયાર્થ**:—[ यः ] જે [ चेतन परिणामः ] આત્માના પરિણામ [ कर्म्मणः ] કર્મના [ आस्रव-निरोधने ] આશ્રવને રોકવામાં [ हेतुः ] કારણ (નિમિત્ત) છે [ सः खलु ] તે જ [ भाव संवरः ] ભાવસંવર છે અને [ द्रव्यास्रवरोधनः ] દ્રવ્યાશ્રવનું ન થવું તે [ अन्य ] દ્રવ્યસંવર છે.

**ભાવાર્થ**:—આત્માના જે પરિણામથી કર્મ આવતાં બંધ થાય તેને ભાવસંવર અને દ્રવ્યાશ્રવનું ન થવું તેને દ્રવ્યસંવર કહે છે.

## ભાવસંવરના ભેદ.

वदसमिदीगुत्तीओं* धम्माणुपिहा परीसहजओ य ।
चारित्तं बहुभेयं+ णायव्वा भावसंवरविसेसा ।३५।
व्रतसमितिगुप्तयः धर्म्मानुप्रेक्षाः परीषहजयः च ।
चारित्रं बहुभेदं ज्ञातव्याः भावसंवरविशेषाः ।३५।

**અન્વયાર્થ**:—[ व्रतसमितिगुप्तयः ] વ્રત, સમિતિ અને ગુપ્તિ, [ धर्म्मानुप्रेक्षाः ] ધર્મ, અનુપ્રેક્ષા

* "वदं" ને બદલે "तव" પણ પાઠ છે. જેનો અર્થ બાર પ્રકારના તપ એમ થાય છે.

\+ 'बहुमेया" પણ પાઠ છે જેનો અર્થ ઘણા પ્રકારના ભાવ સંવરના ભેદ જાણવા જોઈએ," ત્યારે "बहुमेया भावसंवरविशेषाः ज्ञातव्या." એવો અન્વય થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ परीषहजय ] પરિષહજય [ च ] અને [ चारित्रं बहुभेदं ] ઘણા ભેદવાળું ચારિત્ર એ [ भावसंवर विशेषाः ] ભાવસંવરના ભેદો [ ज्ञातव्याः ] જાણવા જોઈએ.

**ભાવાર્થઃ**—વ્રત, સમિતિ, ગુપ્તિ, ધર્મ, અનુપ્રેક્ષા ( ભાવના ) પરિષહજય અને ચારિત્ર એ ભાવ સંવરના ભેદો છે.

**વ્રતઃ**—રાગદ્વેષાદિ વિકલ્પોથી રહિત થવું તે વ્રત છે.

**સમિતિ**—પોતાના શરીરથી બીજા જીવોને પીડા ન થવાની ઇચ્છાથી યત્નાપૂર્વક પ્રવૃત્તિ કરવી તે સમિતિ છે.

**ગુપ્તિઃ**—મન, વચન અને કાયને વશમાં રાખવા તે ગુપ્તિ તે.

**ધર્મઃ**–જે સંસારના દુઃખમાંથી છોડાવીને ઉત્તમ સુખમાં પહોંચાડે તેને ધર્મ કહે છે.

**અનુપ્રેક્ષાઃ**—( ભાવના ):—વારંવાર વિચાર કરવો તેને અનુપ્રેક્ષા કહે છે.

**પરીષહજયઃ**–રાગદ્વેષ અને કલુષતારહિત થઈને ક્ષુધા વિગેરે ૨૨ પરીષહોને મુનિ મહારાજ સહન કરે છે તેને 'પરીષહ જય' કહે છે.

**ચારિત્રઃ**-આત્માના સ્વરૂપમાં સ્થિર થવું તે ચારિત્ર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## નિર્જરાનાં લક્ષણ અને તેના ભેદ.

जहकालेण तवेण य भुत्तरसं कम्मपुग्गलं जेण ।
भावेण सडदि णेया तस्सडणं चेदि णिज्जरादुविहा ॥
यथाकालं तपसा च भुक्तरसं कर्मपुद्गलं येन ।
भावेन सडति ज्ञेया तस्सडनं चेति निर्जरा द्विविधा ३६

**અન્વયાર્થ**:-[यथाकाल] સમય આવ્યેથી [च] અને [तपसा] તપ વડે [भुत्तरसं] જેનું ફળ ભોગવાઇ ગયું છે એવા [कर्म पुद्गलं] કર્મરૂપ પુદ્‌ગલ [येन] જે [भावेन] ભાવથી [सडति] ખરી જાય છે તેને ભાવ નિર્જરા [ज्ञेया] જાણવી [च] અને [तस्सडनं] કર્મોનું ખરી જવું તે દ્રવ્યનિર્જરા છે [इति] આ પ્રમાણે [निर्जरा] નિર્જરા [द्विविधा] બે પ્રકારે છે.

**ભાવાર્થ**:-નિર્જરાના બે ભેદ છે-૧ દ્રવ્ય અને ૨ ભાવ. જે ભાવથી કર્મ છૂટે છે તેને ભાવ નિર્જરા કહે છે. ભાવ નિર્જરાના પણ બે ભેદ છે. સવિપાક અને અવિપાક. કર્મોની સ્થિતિ પુરી થવાથી સંવર પૂર્વક કર્મોનું આત્માથી છુટવું તેને "સવિપાક નિર્જરા" કહે છે. તપશ્ચર્યાથી કર્મોનું છુટવું તે "અવિપાક નિર્જરા" છે. કર્મોનું ક્રમપૂર્વક ખરી જવું તે દ્રવ્યનિર્જરા છે.

## મોક્ષનાં ભેદ અને લક્ષણ.

सव्वस्स कम्मणो जो खयहेदू अप्पणो हु परिणामो ।
णेओस भावमोक्खो दव्वविमोक्खो य कम्मपुधभावो

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सर्वस्य कर्मणः यः क्षयहेतुः आत्मनः हि परिणामः।
ज्ञेयः सः भावमोक्षः द्रव्यविमोक्षः च कम्मपृथग्भावः ३७

**અન્વયાર્થ**:–[यः] જે [आत्मनः] આત્માના [परिणामः] પરિણામ [सर्वस्यः कर्मणः] બધાં કર્મોનો [क्षय हेतुः] ક્ષય થવામાં કારણ છે [सहिः] તે જ [भाव मोक्षः] ભાવ મોક્ષ [ज्ञेयः] જાણવો; [च] અને [कम्म पृथग्भावः] આત્માથી દ્રવ્યકર્મોનું જુદા થવું તે [द्रव्य विमोक्षः] દ્રવ્ય મોક્ષ છે.

**ભાવાર્થ**;—મોક્ષના× બે ભેદ છે. ભાવમોક્ષ અને દ્રવ્યમોક્ષ. આત્માના જે પરિણામ કર્મોના ક્ષય થવામાં કારણ છે તે ભાવમોક્ષ છે, અને સમસ્ત કર્મોનું ક્ષય થવું તે દ્રવ્યમોક્ષ છે.

---

× बन्धहेत्वभावनिर्जराभ्यां कृत्स्नकर्मविप्रमोक्षो मोक्षः
આત્માથી કર્મબન્ધના કારણોનો અભાવ થવો અથવા નિર્જરા દ્વારા બધાં કર્મોનો ક્ષય થઇ જવો તે મોક્ષ છે.

दग्धे बीजे यथात्यन्त प्रादुर्भवति नांकुरः
कर्मबीजे तथा दग्धे न रोहति भवांकुरः ॥

અર્થ–જેવી રીતે બીજ બિલકુલ બળી જવાથી અંકુર પેદા થતો નથી તેવી રીતે કર્મરૂપ બીજ બળી જવાથી એટલે કે બધાં કર્મોનો સર્વથા ક્ષય થઇ જવાથી સંસારરૂપી અંકુર પેદા થતો નથી એટલે કે તેને જન્મ મરણ વિગેરે કાંઇપણ થતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પુણ્ય અને પાપનું લક્ષણ

सुहअसुहभावजुत्ता पुण्णं पावं हवंति खलु जीवा ।
सादं सुहाउ णामं गोदं पुण्णं पराणि पावं च ॥३८॥
शुभाशुभभावयुक्ताः पुण्यं पापं भवन्तिखलु जीवाः ।
सातं शुभायुः नाम गोत्रं पुण्य पराणि पापं च ॥३८॥

**અન્વયાર્થઃ**—[जीवाः] જીવ (शुभाशुभ भावयुक्ताः) શુભ અને અશુભભાવોમાં જોડાઈને (पुण्यं) પુણ્યરૂપ અને (पापं) પાપરૂપ (भवन्ति) થાય છે. (सातं) શાતાવેદનીય કર્મ (शुभायुः) શુભ આયુ (नाम) શુભનામ (गोत्रं) શુભગોત્ર-ઉચ્ચગોત્ર એ સર્વે (पुण्यं) પુણ્ય પ્રકૃતિઓ છે (च) અને (पराणि) અશાતાવેદનીય, અશુભઆયુ, અશુભનામ અને નીચગોત્ર તથા ચાર ઘાતિયાકર્મો તે (पापं) પાપ પ્રકૃતિઓ છે.

**ભાવાર્થઃ**—પુણ્ય અને પાપના પણ બે ભેદ છે. દ્રવ્યપુણ્ય અને ભાવપુણ્ય તથા દ્રવ્ય પાપ અને ભાવ પાપ.

પુણ્ય પ્રકૃતિઓને દ્રવ્યપુણ્ય અને શુભપરિણામ સહિત જીવને ભાવ પુણ્ય કહે છે. તેવી જ રીતે પાપ પ્રકૃતિઓને દ્રવ્યપાપ અને અશુભ પરિણામ સહિત જીવને ભાવપાપ કહે છે.

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અન્તરાય એ ચાર ઘાતિયા કર્મ પાપરૂપ છે અને વેદનીય, આયુ, નામ, ગોત્ર એ પુણ્ય અને પાપ બન્ને રૂપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રશ્નાવલી

૧ આસ્રવ આદિ પદાર્થોનું નામ બતાવીને લખો કે આ જીવરૂપ છે કે અજીવરૂપ?

૨ દ્રવ્યાશ્રવ અને ભાવાશ્રવમાં શું અન્તર છે? આશ્રવના કેટલા ભેદ છે? અને કયા કયા?

૩ પ્રકૃતિ વગેરે બન્ધોનું લક્ષણ બતાવો. બન્ધોનું કારણ બતાવો કે એ કેનાથી થાય છે? કષાયથી કઈ જાતનો બંધ થાય છે?

૪ પ્રમાદ કોને કહે છે અને તેના ભેદ બતાવો

૫ ભાવનિર્જરાના ભેદોનું સ્વરૂપ બતાવો. ભાવનિર્જરા કોને કહે છે?

૬ પુણ્યકર્મ અને પાપકર્મ કયા કયા છે?

૭ ભાવમોક્ષ અને દ્રવ્યમોક્ષ કોને કહે છે? મુક્ત જીવ ક્યાં રહે છે?

૮ જીવ પુણ્ય અથવા પાપસહિત ક્યારે થાય છે?

૯ સંવર, નિર્જરા અને મોક્ષ તથા તત્ત્વ અને પદાર્થમાં શું અન્તર છે?

૧૦ દ્રવ્ય અને ભાવનો શું અભિપ્રાય છે?

૧૧ નવ પદાર્થોનું સંક્ષિપ્ત સ્વરૂપ સમજાવો.

"બીજો અધિકાર સંપૂર્ણ"

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सम्मद्दंसणणाणं चरणं मोक्खस्स कारणं जाणे।
ववहारा णिच्छयदो तत्तियमइओ णिओ अप्पा ।३९।
सम्यग्दर्शनं ज्ञानं चरणं मोक्षस्य कारणं जानीहि।
व्यवहारात् निश्चयतः तत्त्रिकमयः निजः आत्मा ।३९।

**અન્વયાર્થ**:—[ व्यवहारात् ] વ્યવહારનયથી ( सम्यग्दर्शन ) સમ્યગ્દર્શન (णाणं) સમ્યગ્જ્ઞાન અને ( चरणं ) સમ્યક્ચારિત્ર એને ( मोक्षस्य ) મોક્ષનું ( कारणं ) કારણ ( जानीहि ) સમજો; ( निश्चयतः ) નિશ્ચયનયથી ( तत्त्रिकमयः ) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેની એકતારૂપ ( निजः ) પોતાનો (आत्मा) આત્મા મોક્ષનું કારણ છે.

**ભાવાર્થ**.—મોક્ષમાર્ગનાં બે ભેદ છે. વ્યવહાર અને નિશ્ચય. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે મળીને વ્યવહારમોક્ષમાર્ગ છે, અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રસ્વરૂપ પોતાનો આત્મા જ નિશ્ચય મોક્ષમાર્ગ છે.

---

* " सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः " અર્થ:—સમ્યગ્દર્શન આદિ ત્રણ મળીને મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન વિગેરે જુદા જુદા મોક્ષમાર્ગ નથી. જેવી રીતે કોઇ બીમાર કેવળ દવા માત્રનો ભરોસો કરવાથી અગર તેનું માત્ર જ્ઞાન કરવાથી અથવા તેનું માત્ર આચરણ-સેવન કરવાથી તે નીરોગી થતો નથી. તેવી રીતે સમ્યગ્દર્શન વિગેરેમાંથી માત્ર એકનું સેવન કરવાથી મોક્ષ થતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# નિશ્ચય મોક્ષમાર્ગનું વિશેષ કથન.

रयणत्तयं ण वट्टइ अप्पाण मुयत्तु अण्णदवियम्हि ।
तह्यातत्तियमइओहोन्हि हु मोक्खस्स कारणं आदा ।४०।
रत्नत्रयं न वर्त्तते आत्मानं मुक्त्वा अन्यद्रव्ये ।
तस्मात् तत्त्रिकमयःभवतिखलु मोक्षस्य कारणं आत्मा

**અન્વયાર્થઃ—**[आत्मनं] આત્માને [मुकत्वा] છોડીને [अन्यद्रव्ये] બીજા દ્રવ્યમાં [रत्नत्रयं] રત્નત્રય [न वर्त्तते] રહેતું નથી [तस्मात्] તે કારણથી (तत्त्रिकमयः) તે ત્રણ રત્નની એકતાવાળો [आत्मा] આત્મા (खलु) ખરેખર [मोक्षस्य कारणं] મોક્ષનું કારણ [भवति] છે.

---

હતં જ્ઞાનં ક્રિયાહીનં હતા ચાજ્ઞાનિનાં ક્રિયા ।
ધાવન્ કિલાન્ધકો દગ્ધઃ પશ્યન્નપિ ચ પંગુલઃ ॥

સંયોગમેવેહ વદન્તિ તજ્જ્ઞા
નહ્યેકચક્રેણ રથઃ પ્રયાતિ ।
અન્ધશ્ચ પંગુશ્ચ વને વને પ્રવિષ્ટૌ
તૌ સંપ્રયુકતૌ નગરં પ્રવિષ્ટૌ ।

અર્થઃ–ક્રિયારહિત જ્ઞાન નિષ્ફળ છે અને જ્ઞાન રહિત ક્રિયા નિષ્ફળ છે, જેવી રીતે દોડતો હતો તે આંધળો બળી ગયો અને દેખતો હતો તે લંગડો બળી ગયો. જો આંધળો લંગડાની અને લંગડો આંધળાની સહાય કરવા લાગે તો બન્ને દાવાનળથી બચી શકે છે. એવી રીતે સમ્યગ્દર્શનપૂર્વક સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર; એટલે ત્રણે મળીને મોક્ષમાર્ગ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**ભાવાર્થ:**—જીવ અને અજીવ એ બે મુખ્ય દ્રવ્ય છે. અજીવના પુદ્ગલ વિગેરે પાંચ ભેદ છે. સમ્યગ્દર્શન આદિ ગુણો માત્ર જીવદ્રવ્યમાં જ રહેલા છે; કારણ કે સમ્યગ્દર્શન વિગેરે આત્માના ગુણ છે, માટે રત્નત્રયસ્વરૂપ આત્મા જ નિશ્ચય મોક્ષમાર્ગ છે.

## સમ્યગ્દર્શનનું લક્ષણ

जीवादीसद्दहणं सम्मत्तं रूवमप्पणो तं तु ।
दुरभिणिवेसविमुक्कं णाणं सम्मं खु होदि सदि जम्हि
जीवादिश्रद्धानं सम्यक्त्वं रुपं आत्मनः तत् तु ।
दुरभिनिवेशविमुक्तं ज्ञानं सम्यक् खलु भवति सति
यस्मिन् ॥ ४१ ॥

**અન્વયાર્થ:**—[जीवादि श्रद्धानं] જીવ વગેરે તત્ત્વોનું શ્રદ્ધાન કરવું [सम्यक्त्वं] તે સમ્યગ્દર્શન છે [तु] અને [तत्] તે [आत्मनः] આત્માનું [रूपं] સ્વરૂપ છે; [यस्मिन् सति] જે સમ્યગ્દર્શન થતાં [खलु] ખરેખર [ज्ञानं] જ્ઞાન [दुरभिनिवेशमुक्तं] વિપરીત અભિપ્રાયથી રહિત [सम्यक्] સમ્યક્ [भवति] હોય છે.

---

*સંશય, વિપરીત અને અનધ્યવસાયરૂપ જ્ઞાનને દુરભિનિવેશ કહેવામાં આવે છે.

**સંશય**:–विरुध्धानेककोटिस्पर्षि ज्ञानं संशयः– 'આ પ્રમાણે છે કે આ પ્રમાણે છે' એવું જે પરસ્પર વિરુદ્ધતા-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ**—સાત તત્વોનું શ્રદ્ધાન કરવું તે વ્યવહારથી સમ્યગ્દર્શન છે. આત્માનું શ્રદ્ધાન કરવું તે નિશ્ચય સમ્યગ્દર્શન છે, સંશય વિગેરે રહિત સમ્યગ્જ્ઞાન છે, પણ તે જ્ઞાન સમ્યગ્દર્શન થયા પછી સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

## સમ્યગ્જ્ઞાનનું લક્ષણ

**संसयविमोहविब्भमविवज्जियं अप्पपरसरुवस्स ।**
**गहणं सम्मं णाणं सायारमणेयभेयं च ॥ ४२ ॥**
**संशयविमोहविभ्रमविवर्जितं आत्मपरस्वरूपस्य ।**
**ग्रहणं सम्यक् ज्ञानं साकारं अनेकभेदं च ।४२॥**

**અન્વયાર્થ**— [संशयविमोहविभ्रमविवर्जितं] સંશય, વિમોહ અને વિભ્રમથી રહિત [साकारं] આકાર (વિકલ્પ) સહિત [आत्मपरस्वरूपस्य] આત્મા

---

પૂર્વક બે પ્રકારરૂપ જ્ઞાન તેને સંશય કહે છે; જેમકે આત્મા પોતાના કાર્યને કરી શકતો હશે કે જડના કાર્યને કરી શકતો હશે! એવું જાણવું તે સંશય છે.

**વિપર્યય**–विपरीतैककोटी निश्चयो विपर्यय– વસ્તુ સ્વરૂપથી વિરૂદ્ધતા પૂર્વક 'આમ જ છે' એવું એકરૂપ જ્ઞાન તેનું નામ વિપર્યય છે; જેમકે શરીરને આત્મા જાણવો તે વિપર્યય છે.

**અનધ્યવસાય**–किमित्यालोचनमात्रमनध्यवसाय– 'કંઈક છે' એવો નિર્ધારરહિત વિચાર તેનું નામ અનધ્યવસાય છે. જેમકે 'હું કોઈક છું' એમ જાણવું તે અનધ્યવસાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને પરના સ્વરૂપનું [ग्रहणं] ગ્રહણ કરવું તે [सम्यग्ज्ञानं] સમ્યક્જ્ઞાન છે [च] અને તે [अनेकभेदं] અનેક પ્રકારે છે.

**ભાવાર્થઃ**—સંશય આદિ રહિત અને આકાર સહિત સ્વપર પદાર્થોને જાણવું તે સમ્યગ્જ્ઞાન છે.

## દર્શનોપયોગનું લક્ષણ.

जं सामण्णं गहणं भावाणं णेव कट्टुमायारं ।
अविसेसिदूण अट्ठे दंसणमिदि भण्णए समये ।
यत् सामान्यं ग्रहण भावानां नैव कृत्वा आकारम् ।
अविशेषयित्वा अर्थान् दर्शनं इति भण्यते समये ४३

**અન્વયાર્થઃ**—[अर्थान्] પદાર્થોના (नैव कृत्वा आकारं) આકારને નહિ ગ્રહણ કરતાં (अविशेषयित्वा) વિશેષતા ન કરતાં (यत्) જે (भावानां सामान्यं ग्रहणं) 'પદાર્થોનું સામાન્ય ગ્રહણ કરવું તે (दर्शनं) દર્શન+ છે (इति) એમ (समये) શાસ્ત્રમાં (भण्यते) કહેલું છે.

**ભાવાર્થઃ**—પદાર્થોનું જે સામાન્ય ગ્રહણ કરવું તેને દર્શન કહે છે. તેની અંદર "આ કાળો છે" 'આ ઘડો છે" વિગેરે કોઇ પણ પ્રકારના વિકલ્પ પેદા થતાં નથી; અથવા આત્માના ઉપયોગનું પદાર્થ તરફ ઝુકવું તે દર્શન છે.

---

+ "विषयविषयिसन्निपाते दर्शनम्" અર્થઃ—પદાર્થના ઈંદ્રિય સાથે સંબંધને દર્શન કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## દર્શન અને જ્ઞાનની ઉત્પત્તિ થવામાં નિયમ

दंसणपुव्वं णाणं छदुमत्थाणं ण दुण्णि उवओगा ।
जुगवं जह्मा केवलिणाहे जुगवं तु ते दोवि ।४४।
दर्शनपूर्वं ज्ञानं छद्मस्थानाम् न द्वौ उपयोगौ ।
युगपत् यस्मात् केवलिनाथे युगपत् तु तौ द्वौ अपि ।

**અન્વયાર્થઃ**—[छद्मस्थानाम्] અલ્પ જ્ઞાનીઓને (दर्शनपूर्वं) દર્શનપૂર્વક (ज्ञानं) જ્ઞાન હોય છે (यस्मात्) તે કારણથી (द्वौ उपयोगौ) બે ઉપયોગ (युगपत्) એકી સાથે (न) હોતાં નથી (तु) પરંતુ (केवलिनाथे) કેવળી ભગવાનને (तौ द्वौ अपि) તે બન્ને ઉપયોગો પણ (युगपत्) એકી સાથે હોય છે.

**ભાવાર્થઃ**—અલ્પ જ્ઞાનીઓને પહેલાં દર્શન હોય છે પછી જ્ઞાન થાય છે, બે ઉપયોગ સાથે હોતાં નથી; પણ સર્વજ્ઞ દેવને દર્શન અને જ્ઞાન એ બે ઉપયોગ એકી સાથે હોય છે.

## વ્યવહાર ચારિત્રનું લક્ષણ અને ભેદ

असुहादो विणिवित्ती सुहे पवित्ती य जाण चारित्तं ।
वदसमिदिगुत्तिरुवं ववहारणया दु जिणभणियं ४५।
अशुभात् विनिवृत्तिः शुभे प्रवृत्तिः च जानीहि चारित्रम्
व्रतसमितिगुप्तिरुपं व्यवहारनयात तु जिनभणितम् ४५।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થ**:-[अशुभात्] અશુભ ક્રિયાઓથી [विनिवृत्ति] નિવૃત્ત થવું [च] અને [शुभेप्रवृत्तिः] અને શુભમાં પ્રવૃત્તિ કરવી તેને [चारित्रं] ચારિત્ર [व्यवहारनयात्] વ્યવહારનયથી [जानीहि] જાણવું અને તે ચારિત્ર (व्रतसमितिगुप्तिरूपं) વ્રત, સમિતિ અને ગુપ્તિરૂપ છે એમ (जिनभणितं) જિનેશ્વર ભગવાને કહેલું છે.

**ભાવાર્થ**:-અશુભ ક્રિયાઓનો ત્યાગ કરીને શુભ ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરવી તેને વ્યવહારસમ્યક્-ચારિત્ર કહેલું છે, તે ૫ વ્રત ૫ સમિતિ અને ૩ ગુપ્તિના ભેદથી તેર પ્રકારનું છે.

## નિશ્ચય ચારિત્રનું લક્ષણ

बहिरब्भंतरकिरियारोहो भवकारणप्पणासट्ठं ।
णाणिस्स जं जिणुत्तं तं परमं सम्मचारित्तं ॥४६॥
बहिरभ्यन्तरक्रियारोधः भवकारणप्रणाशार्थम् ।
ज्ञानिनः यत् जिनोक्तम् तत् परमं सम्यक्चारित्रम्

**અન્વયાર્થ**:-[भवकारण प्रणाशार्थं] ભવનાં કારણનો નાશ કરવા માટે (ज्ञानिनः) જ્ઞાનીઓને (बहिरभ्यन्तर क्रियारोधः) બાહ્ય અને અભ્યન્તર* ક્રિયાઓનું રોકવું છે (तं) તે (जिनोक्तम्) જિનેશ્વરદેવે કહેલું (परमं) ઉત્કૃષ્ટ× (सम्यक्चारित्रम्) સમ્યક્ચારિત્ર છે.

---

* શુભ અને અશુભ રૂપ વચન અને કાયાની ક્રિયાને બાહ્યક્રિયા કહે છે. શુભ તથા અશુભ મનના વિકલ્પને-વિચાર કરવો તેને-અભ્યંતરક્રિયા કહેવામાં આવે છે.

× નિશ્ચય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થઃ**—જ્ઞાની આત્મા સંસારથી બચવા માટે મન, વચન અને કાયાના નિમિત્તે થતાં શુભ અને અશુભ-પરિણામોને રોકે છે, તેનાથી આત્મા વધારે નિર્મલ થાય છે. તેને જ પરમનિશ્ચય સમ્યક્ચારિત્ર કહે છે.

## ધ્યાનાભ્યાસ કરવાની પ્રેરણા

दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा
तह्मा पयत्तचित्ता जूयं झाणं समब्भसह ।।४७।।
द्विविधं अपि मोक्षहेतुं ध्यानेन प्राप्नोति यत् मुनिः नियमात् ।
तस्मात् प्रयत्नचित्ताः यूयं ध्यानं समभ्यसत ।।४७।।

**અન્વયાર્થઃ**—[यत्] કારણ કે (मुनिः अपि) મુનિ પણ (नियमात्) નિયમથી (द्विविधं अपि) બન્ને પ્રકારના પણ (मोक्ष हेतुं) મોક્ષના કારણોને (ध्यानेन) ધ્યાનથી (प्राप्नोति) પ્રાપ્ત કરે છે (तस्य प्रयत्न चित्ताः) તેથી તેમાં પ્રયત્નશીલ થઇને (यूयं) તમે (ध्यानं) ધ્યાનનો* (समभ्यसत) સારી રીતે અભ્યાસ કરો.

---

* उतमसंहननस्यैकाग्रचिन्तानिरोधोध्यानम्ः—

અર્થ:—ઉત્તમ સંઘયણવાળાનું એકાગ્રતા પૂર્વક ચિંતાને રોકવું તે ધ્યાન છે. આ ધ્યાન અંતર્મુહૂર્ત (બે ઘડીથી કાંઇક ઓછા સમય) સુધી રહે છે. બીજી ક્રિયાઓથી ચિત્તને હટાવીને એકજ ક્રિયામાં રાખવું તેને **એકાગ્રચિંતા નિરોધ** કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ**:-મુનિ ધ્યાનથી વ્યવહાર અને નિશ્ચય એ બન્ને મોક્ષ માર્ગને પ્રાપ્ત કરે છે, તેથી તમે પણ એકાગ્ર ચિત્ત થઈને ધ્યાનનો અભ્યાસ કરો.

## ધ્યાનમાં લીન થવાનો ઉપાય

मा मुज्झह मा रज्जह मा दुस्सह इट्ठणिट्ठअत्थेसु
थिरमिच्छह जइ चित्तं विचित्तझाणप्पसिद्धीए ।४८।
मा मुह्यत मा रज्यत मा द्विष्यत इष्टानिष्टार्थेषु ।
स्थिरं इच्छत्त यदि चित्तं विचित्रध्यानप्रसिद्ध्यै ४८

**અન્વયાર્થ**:-(यदि) જો (विचित्र ध्यान प्रसिद्ध्यै) વિચિત્ર+અર્થાત અનેક પ્રકારનાં ધ્યાનની પ્રાપ્તિ કરવા માટે (चित्तं) ચિત્તને (स्थिरं) સ્થિર કરવા (इच्छह) ચાહતા હો તો (इष्टानिष्टार्थेषु) ઇષ્ટ*અને ×અનિષ્ટ પદાર્થોમાં (मा मुह्यत) મોહ ન કરો (मा रज्यत) રાગ ન કરો, અને (मा द्विष्यत) દ્વેષ ન કરો.

**ભાવાર્થ**:-સંસારી જીવ ઇષ્ટ પદાર્થોમાં મોહ કરે છે, અને તેમાં અધિક અનુરાગ કરે છે. તથા અનિષ્ટ પદાર્થોમાં દ્વેષ કરે છે. ઉત્તમ ધ્યાનની પ્રાપ્તિ માટે એમ ન કરવું જોઇએ.

---

+ વિચિત્રનો અર્થ શુભ અને અશુભ વિકલ્પ રહિત, તથા અનેક પ્રકારના પદસ્થ ધ્યાન વિગેરે પણ થાય છે.

* પુત્ર, સ્ત્રી, ધન, માળા વિગેરે.

× સર્પ, શત્રુ, વિષ, કંટક વિગેરે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંસારના વિષયોમાં રાગ, દ્વેષ અને મોહ કરવાથી જીવ સંસારી જ રહ્યા કરે છે. ધ્યાનથી **નિશ્ચયરત્નત્રયની** પ્રાપ્તિ થાય છે. કારણ કે ધ્યાનથી આત્માનું શ્રદ્ધાન અને જ્ઞાન દ્રઢ થાય છે અને આત્મા આત્મામાંજ લીન રહે છે તથા હિંસાદી પાપોથી બચાવ પણ થાય છે; **વ્યવહારરત્નત્રયની** પ્રાપ્તિ પણ ધ્યાનથી થાય છે. માટે ધ્યાન કરવું પરમ આવશ્યક છે.

## ધ્યાન કરવા લાયક મંત્ર

पणतीस सोल छप्पण चदु दुगमेगंच जवह झाएह ।
परमेट्ठिवांचयाणं अण्णं च गुरूवएसेण ॥४९॥

पंचत्रिंशत् षोडश षट् पंच चत्वारि द्विकं एकं च जपत ध्यायेत ।
परमेष्ठिवाचकानां अन्यत् च गुरूपदेशेन ॥४९॥

**અન્વયાર્થઃ**-[परमेष्ठि वाचकानां] પરમેષ્ટી વાચક+ (पञ्चत्रिंशत्) પાંત્રીશ (षोडश) સોળ (षट्) છ (पंच) પાંચ (चत्वारि) ચાર (द्विकं) બે (एकं) એક (च) અને (गुरूपदेशेन) ગુરૂના ઉપદેશ વડે (अन्यत्) અન્ય મંત્ર (च) પણ (जपत) જપો (ध्यायेत) અને તેનું ધ્યાન કરો.

**ભાવાર્થઃ**–ધ્યાન કરતી વખતે પરમેષ્ઠીવાચક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મન્ત્રોનો× અથવા ગુરુઓની આજ્ઞાથી સિદ્ધચક્ર વિગેરે મંત્રોનો જાપ કરવો જોઈએ.

## અરહન્ત પરમેષ્ઠીનું લક્ષણ

णट्टचदुघाइकम्मो दंसणसुहणाणवीरियमईओं ।
सुहदेहत्थो अप्पा सुद्धो अरिहो विचिंतिज्जो ।५०।
नष्टचतुर्घातिकर्म्मा दर्शनसुखज्ञानवीर्यमयः ।
शुभदेहस्थः आत्मा शुद्धः अर्हन् विचिन्तनीयः ।५०।

**અન્વયાર્થઃ**—(नष्टचतुर्घातिकर्म्मा) જેણે ચાર પ્રકારનાં ઘાતીકર્મોનો નાશ કર્યો છે, (दर्शनसुखज्ञानवीर्यमयः) અનંત-દર્શન, સુખ, જ્ઞાન અને વીર્ય સહિત છે, (शुभदेहस्थः) સાત ધાતુ રહિત પરમ

---

+ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુ એ પાંચ પરમેષ્ઠી કહેવાય છે.

×ધ્યાન કરવા યોગ્ય મંત્રોઃ—

પાંત્રીસ અક્ષરનો મંત્ર—

णमो अरहंताणं, णमो सिद्धाणं णमो आयरीयाणं ।
णमो उवज्झायाणं, णमो लोए सव्वसाहूणं ॥ (સર્વપદ)

સોળ અક્ષરનો મંત્રઃ अरहंत सिद्ध आयरिय उवज्झाय साहू (નામપદ)

છ અક્ષરોનો મંત્રઃ અરિહંત સિદ્ધ, અરહંત સિદ્ધ, અરહંત સિસા

ॐ नमः सिध्धेभ्यः नमोऽर्हत्सिध्धेभ्यः ।

પાંચ અક્ષરનો મંત્રઃ— असिआउसा (પ્રથમ અક્ષર)

ચાર અક્ષરોનો મંત્રઃ-અરહંત, અ સિ સા હૂ, અરિહંત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઔદારિક શરીરમાં રહેલા છે અને (शुद्ध:) અઢાર દોષ રહિત (अर्हन्) અરહંતપરમાત્મા (विचिन्त-नीय:) ધ્યાન કરવા યોગ્ય છે.

**ભાવાર્થ:**—જ્ઞાનાવરણ, દર્શનાવરણ મોહનીય અને અંતરાય એ ચાર ઘાતિયાં કર્મ છે, તેને નષ્ટ કરવાવાળા અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંત-સુખ અને અનંતવીર્ય એટલે કે અનંતચતુષ્ટય ધારણ કરવાવાળા છે. રક્ત માંસ વગેરે સાત ધાતુઓથી રહિત, ઉત્તમ પરમ ઔદારિક શરીર ધારણ કરવા-વાળા અને જન્મ જરા વગેરે અઢાર+ દોષ રહિત દેવ જ "અરહન્ત પરમેષ્ઠી" છે.

---

બે અક્ષરોનો મંત્ર—સિદ્ધ, અ આ. ઓં હીં,

એક અક્ષરનો મંત્ર:—અ, ઓમ્

**ઓમ્** કેવી રીતે બને છે—

**અરહંતા અસરીરા આયરિયા તહ ઉવઝયા મુણિણો**
**પઢમક્ખરણિપ્પણ્ણો ઓમ્કારો પંચપરમેટ્ઠી.**

અર્થ:—પાંચપરમેષ્ઠીઓના પહેલાં અક્ષરોની સંધિ કરવાથી ઓમ્ બને છે. જે નીચે બતાવેલ છે:—

| | | | | |
|---|---|---|---|---|
| **અરહન્ત** | અ | | | |
| **અશરીર (સિદ્ધ)** | અ | આ | | |
| **આચાર્ય** | આ | આ | | |
| **ઉપાધ્યાય** | ઉ | | ઓ | |
| **મુનિ (સર્વસાધુ)** | મ્ | | | ઓમ્ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સિદ્ધ પરમેષ્ઠિનું લક્ષણ.

णट्ठट्ठकम्मदेहो लोयालोयस्स जाणओ दट्ठा ।
पुरिसायारो अप्पा सिध्धो झाएइ लोयसिहरत्थो ।५१।
नष्टाष्टकर्म्म देहः लोकालोकस्य ज्ञायकः द्रष्टा ।
पुरुषाकारः आत्मा सिध्धः ध्यायेत लोकशिखरस्थः ५१

**અન્વયાર્થ**:-[नष्टाष्टकर्म्मदेहः] જેણે જ્ઞાનાવરણાદિ આઠ કર્મરૂપ શરીરનો નાશ કર્યો છે, (लोयालोयस्स) લોક અને અલોકનો (ज्ञायकः दृष्टा) જાણવાવાળો તથા દેખવાવાળો છે; (पुरुषाकारः) દેહ રહિત પણ પુરુષના આકારમાં રહેવાવાળો છે અને (लोक शिखरस्थः) લોકના અગ્ર ભાગમાં રહેલ છે તે (आत्मा सिद्धः) આત્મા સિદ્ધ પરમાત્મા છે તેનું (ध्यायेत) ધ્યાન કરવું જોઇએ.

---

×અઢાર દોષ.

ક્ષુધા તૃષા ભયં દ્વેષો રાગો મોહશ્ચ ચિન્તનમ્
જરા રુજા ચ મૃત્યુશ્ચખેદઃ સ્વેદોઽરતિઃ ।
વિસ્મયો જનનં નિદ્રા વિષાદોઽષ્ટાદશસ્મૃતાઃ
એતૈર્દોષૈર્વિનિર્મુક્તઃ સોઽયમાપ્તો નિરંજનઃ ॥

**અર્થ**:—ભૂખ, તરસ, ભય, દ્વેષ, રાગ, મોહ, ચિંતા, ઘડપણ, રોગ, મરણ, ખેદ, પરસેવો, મદ, અરતિ, આશ્ચર્ય જન્મ, નિદ્રા અને શોક આ અઢાર દોષોથી રહિત આપ્તદેવ અથવા **અરહન્ત** કહેવાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થઃ**–૪ ઘાતિયા (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય) ૪ અઘાતિયા (વેદનીય, આયુ, નામ અને ગોત્ર) એ આઠ કર્મોના નાશ કરવાવાળા, ત્રણલોક અને ત્રણકાળના સમસ્ત પદાર્થોને દર્પણની માફક દેખવા જાણવાવાળા છેવટના મનુષ્ય શરીરના આકારથી કાંઈક ઓછા, આત્માના પ્રદેશોના આકાર ધારણ કરવાવાળા, અને લોકના અગ્રભાગમાં રહેવાવાળા સિદ્ધ પરમેષ્ઠી છે, એમનું સદા ધ્યાન કરવું જોઈએ.

## આચાર્ય પરમેષ્ઠીનું લક્ષણ.

दंसणणाणपहाणे वीरियचारित्तवरतवायारे ।
अप्पं परं च जुंजइ सो आयरिओ मुणी झेओ ।५२।
दर्शनज्ञानप्रधाने वीर्यचारित्रवरतप आचारे ।
आत्मानं परं च युनक्ति सः आचार्यः मुनिः ध्येयः ।।५२।।

**અન્વયાર્થઃ**— [दर्शन ज्ञान प्रधाने] દર્શન આચાર અને જ્ઞાનાચાર જેનામાં મુખ્યપણે રહેલાં છે, (वीर्यचारित्र वरतप आचारे) વળી વીર્યાચાર, ચારિત્રાચાર અને તપાચાર એ પાંચ આચારોમાં (मुनिः) જે મુનિ (आत्मानं) પોતાને (च) તેમજ (परं) બીજાને (युनक्ति) જોડે છે (सः आचार्यः) તે આચાર્ય પરમેષ્ઠી ધ્યાન કરવા યોગ્ય છે.

**ભાવાર્થઃ**–જે સાધુ દર્શન, જ્ઞાન, વીર્ય, ચારિત્ર અને તપ એ પાંચ આચારોમાં જે સ્વયં લીન રહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, એનું આચરણ કરે છે અને બીજાંઓને પણ આચરણ કરાવે છે તેને આચાર્ય પરમેષ્ટી કહે છે. તેમનું સદા ધ્યાન કરવું જોઇએ.

સમ્યગદર્શનનું આચરણ તે દર્શનાચાર, સમ્યગ્જ્ઞાનનું આચરણ તે જ્ઞાનાચાર, વીતરાગ ચારિત્ર આચરણનું આચરણ તે ચારિત્રાચાર, તપનું આચરણ તે તપાચાર અને આ ચારે આચારોને પાળવામાં પોતાની શકિત છુપાવવી નહિ તે વીર્યાચાર છે.

## ઉપાધ્યાય પરમેષ્ઠીનું લક્ષણ

जो रयणत्तयजुत्तो णिच्चं धम्मोवएसणे णिरदो ।
सो उवज्झाओ अप्पा जदिवरवसहो णमो तस्स ॥५३॥
यः रत्नत्रययुक्तः नित्यं धर्म्मोपदेशने निरतः ।
सः उपाध्यायः आत्मा यतिवरवृषभः नमः तस्मै ॥५३॥

**અન્વયાર્થ:**—[यः] જે [रत्नत्रययुक्तः] રત્નત્રય સહિત [नित्यं] હંમેશાં [धर्म्मोपदेशने] ધર્મોપદેશ કરવામાં [निरतः] લીન રહે છે [सः आत्मा] તે આત્મા [यतिवर वृषभः] યતિયોમાં શ્રેષ્ઠ [उपाध्यायः] ઉપાધ્યાય છે. [तस्मै] તેને [नमः] નમસ્કાર હો.

**ભાવાર્થ:**—જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યકચારિત્ર સહિત છે અને સદા ધર્મનો ઉપદેશ આપ્યા કરે છે તે ઉપાધ્યાય પરમેષ્ઠી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સાધુનું લક્ષણ

दंसणणाणसमग्गं मग्गं मोक्खस्स जो हु चारित्तं ।
साधयदि णिच्चसुद्धं साहू स मुणी णमो तस्स ।५४।
दर्शनज्ञानसमग्रं मार्गं मोक्षस्य यः हि चारित्रम् ।
साधयति नित्यशुद्धं साधुः सः मुनिः नमः तस्मै ।५४।

**અન્વયાર્થ**—[यः मुनिः] જે મુનિ [दर्शन ज्ञान समग्रं] દર્શન અને જ્ઞાન સહિત [मोक्षस्य] મોક્ષના [मार्ग] માર્ગરૂપ [नित्यं] સદા [शुद्धं] શુદ્ધ [चारित्रं] ચારિત્રને [साधयति] સાધે છે [सः साधु] તે સાધુ પરમેષ્ટી છે. [नमः तस्मै] તેને નમસ્કાર છે.

**ભાવાર્થ**—જે મુનિ સમ્યગદર્શન, સમ્યગજ્ઞાન, અને સમ્યગચારિત્રને સાધે છે એટલે કે રત્નત્રયને ધારણ કરે છે તેને પરમેષ્ઠી કહે છે. રત્નત્રય જ મોક્ષમાર્ગ છે.

## ધ્યેય, ધ્યાતા, અને ધ્યાનનું લક્ષણ

जं किंचिवि चिंतंतो णिरीहवित्ती हवे जदा साहू ।
लद्धुण य एयत्तं तदाहु तं तस्स णिच्चयं ज्ञाणं ॥५५॥
यत्किंचित् अपि चिन्तयन् निरीहवृत्तिः भवति यदा साधुः ।
लब्ध्वा च एकत्वं तदा आहुः तत् तस्य निश्चयं ध्यानम् ॥५५॥

**અન્વયાર્થ**—[च] અને [यदा] જ્યારે [साधुः] સાધુ [एकत्वं लब्ध्वा] એકાગ્રતા પ્રાપ્ત કરીને [यत्

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[किञ्चित् अपि] જે કાંઇ પણ [चिन्तयन्] ચિંતવન કરતો (निरीहवृत्ति) ઇચ્છા રહિત (भवति] થાય છે [तदा] ત્યારે [तत्] તે કારણથી [तस्य निश्चयं] તેને નિશ્ચય [ध्यानं] ધ્યાન કહે છે.

**ભાવાર્થઃ**—જ્યારે સાધુ મન, વચન અને કાયાની ક્રિયાઓને રોકીને બધાં અંતરંગ અને બહિરંગ પરિગ્રહથી મમત્વ છોડી દીએ છે તે સમયે એકાગ્રતાપૂર્વક ધ્યાન કરવું તે નિશ્ચયધ્યાન છે.

વસ્તુનું સ્વરૂપ અરહન્ત આદિ ધ્યેય, શુદ્ધ મન, વચન અને કાયાવાળો આત્મા ધ્યાતા, તથા "નમો અરહંતાણં" વગેરેનું એકાગ્રતાપૂર્વક ચિંતવન કરવું ×ધ્યાન છે.

## પરમ ધ્યાનનું લક્ષણ

मा चिट्ठहमाजंपह मा चिंतह किं विजेण होइ थिरो ।
अप्पा अप्पम्मि रओ इणमेव परं हवे झाणं ॥५६॥
मा चेष्टत मा जल्पत मा चिन्तयत किम् अपि येन
भवति स्थिरः ।
आत्मा आत्मनि रतः इदं एवपरंध्यानं भवति ।५६।

---

×ગુપ્તેન્દ્રિય મનો ધ્યાતા, ધ્યેયં વસ્તુ યથાસ્થિતમ્
એકાગ્રચિન્તનં ધ્યાનં, ફલં સંવરનિર્જરૌ

અર્થઃ- ધ્યાતા, ધ્યેય અને ધ્યાનનું લક્ષણ ઉપર બતાવવામાં આવ્યું છે. ધ્યાનનું ફળ સંવર અને નિર્જરા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ**— હે ભવ્ય પુરુષો [किम अपि] કાંઇ પણ [माचेष्टत] ચેષ્ટા મ કરો, [मा जल्पत] બોલો નહિ, [मा चिंतयत] ચિંતવન ન કરો [येन] જેથી [आत्मा] આત્મા [आत्मनि] આત્માની અંદર [रतः] લીન થઇને [स्थिरं] સ્થિર [भवति] થાય છે. [इदं एव] આજ [परं] ઉત્કૃષ્ટ [ध्यानं] ધ્યાન [भवति] છે.

**ભાવાર્થઃ**—મન, વચન અને કાયાની ક્રિયાઓને રોકીને, આત્માનું આત્મામાં જ લીન થવું તે પરમધ્યાન છે.

## તપ,વ્રત અને શ્રુતમાં લીન થવાને માટે પ્રેરણા

तवसुदवदवं चेदा झ्झाणरहधुरंधरो हवे जम्हा ।
तम्हा तत्तियणिरदा तलद्धोए सदा होह ॥ ५७ ॥
तपःश्रुतव्रतवान्चेता ध्यानरथधुरन्धरः भवति यस्मात् ।
तस्मात् तत्त्रिकनिरताः तल्लब्ध्यै सदा भवत ॥५७॥

**અન્વયાર્થઃ**—[यस्मात्] જેથી કરીને (तप श्रुत व्रतवान्) તપ શ્રુત અને વ્રતને ધારણ કરનાર (चेता) આત્મા (ध्यानरथ धुरन्धरः) ધ્યાનરૂપી રથની ધોંસરીને ધારણ કરનાર થાય છે (तस्मात्) તે કારણથી (तल्लब्ध्यै) તે પરમ ધ્યાનની પ્રાપ્તિ માટે (सदा) નિરંતર (तत्त्रिक निरताः) તપ, શ્રુત અને વ્રત એ ત્રણમાં લીન (भवत) થાઓ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ**:—તપશ્ચર્યા કરવાવાળા, શાસ્ત્રોનું જ્ઞાન રાખનારાવાળા અને અહિંસા આદિ મહાવ્રતો પાળવાવાળા આત્મા જ ઉત્કૃષ્ટ ધ્યાન પ્રાપ્ત કરી શકે છે. આ માટે તપ વગેરેમાં સદા લીન રહેવું જોઈએ.

## ગ્રન્થકારનું અન્તિમ નિવેદન

दव्वसंगहमिणं मुणिणाहा दोससंचयचुदा सुदपुण्णा ।
सोधयंतुतणुसुत्तधरेण णेमिचंदमुणिणा भणियं जं ।५८।
द्रव्यसंग्रहं इदं मुनिनाथाः दोषसंचयच्युताः श्रुतपूर्णाः
शोधयन्तु तनुसुत्रधरेण नेमिचन्द्रमुनिना भणितं यत् ५८

**અન્વયાર્થ**:—[तनुसुत्रधरेण] અલ્પજ્ઞાન ધારક (नेमिचन्द्र मुनिना) નેમિચન્દ્ર મુનિએ (यत्) જે (इदं) આ (द्रव्य संग्रहं) દ્રવ્ય સંગ્રહ નામનો ગ્રંથ (भणियं) રહેલો છે. તેને [दोषसंचय च्युताः] દોષના સંચયથી રહિત અને [श्रुतपूर्णाः] શ્રુતજ્ઞાને પૂર્ણ એવા (मुनिंनाथा) મુનિઓના સ્વામીઓ (આચાર્યો) (शोधयन्तु) શુદ્ધ કરો.

**ભાવાર્થ**:—રાગાદિ તથા સંશય આદિ દોષ રહિત દ્રવ્યશ્રુત* અને ભાવશ્રુતના* જાણકાર મુનિશ્વર, અલ્પજ્ઞાની નેમિચંદ્ર મુનિદ્વારા રચિત દ્રવ્ય સંગ્રહનું સંશોધન કરે.

---

* રાગદ્વેષ રહિત જીવાદિ છ દ્રવ્ય, સાતતત્ત્વ, નવ પદાર્થોનો પ્રતિપાદક; વર્ણ–પદ–વાક્યરૂપ દ્રવ્ય–આગમ તે દ્રવ્યશ્રુત
* સંશય, વિમોહ અને વિભ્રમ રહિત શુદ્ધ આત્માનું સમ્યગ્જ્ઞાન તે ભાવશ્રુત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રશ્નાવલી

૧. વ્યવહાર અને નિશ્ચય મોક્ષમાર્ગનું સ્વરૂપ બતાવો.

૨. સાચું મોક્ષનું કારણ શું છે? શું આત્મા સિવાય કાંઇ મોક્ષમાર્ગ છે?

૩. સમ્યગ્દર્શન કેને કહે છે? મનુષ્યનું સામાન્ય જ્ઞાન, સમ્યગ્જ્ઞાન કયારે થાય છે?

૪. દર્શન અને જ્ઞાનની ઉત્પત્તિ થવામાં શું નિયમ છે? કેવલી ભગવાનને બન્ને સાથે થાય છે કે આગળ પાછળ.

૫. વ્યવહાર નયની અપેક્ષાથી ચારિત્રનું શું લક્ષણ છે? અને વ્યવહાર ચારિત્રના કેટલા ભેદ થાય છે?

૬. ધ્યાન કરવાથી શું લાભ છે? ધ્યાનમાં શેનો જાપ કરવો જોઇએ અને ધ્યાનનું શું ફળ છે?

૭. 'ઓમ્' સિદ્ધ કરો. છ; ચાર અને બે અક્ષરવાળા મંત્રો બતાવો.

૮. આચાર્ય; ઉપાધ્યાય અને સાધુ પરમેષ્ઠીમાં સમાનતા અને અસમાનતા કઈ રીતે છે તે બતાવો.

૯. નિશ્ચય ધ્યાનનું સ્વરૂપ શું છે અને સાધુ નિશ્ચય ધ્યાન કયારે પ્રાપ્ત કરી શકે છે?

૧૦. ઉત્કૃષ્ટ ધ્યાનનું સ્વરૂપ સમજાવો.

૧૧ અરહન્ત અને સિદ્ધ પરમેષ્ઠીમાં શું અંતર છે?

ત્રીજો અધિકાર સંપૂર્ણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ગ્રંથનો સારાંશ

## પહેલો અધિકાર–છ દ્રવ્યનું વર્ણન

આચાર્યે પહેલી ગાથામાં જ વર્ણન કર્યું છે કે દ્રવ્યના બે ભેદ છે. જીવ અને અજીવ. જીવ ચેતન અને અજીવ–અચેતન. આ સિવાય સંસારમાં કોઈ પણ સિદ્ધાંતમાં બીજું તત્ત્વ મળી શકતું નથી. બધાંનો આ બેમાં સમાવેશ થઈ જાય છે.

આત્મા ચેતન છે અને કર્મ અચેતન છે; આ બન્નેનો પરસ્પર અનાદિ કાળથી સંબંધ છે. જ્યાં સુધી તે બન્નેનો પરસ્પર સંબંધ રહે છે ત્યાં સુધી જીવ સંસારી કહેવાય છે અને જ્યારે આત્મા કર્મથી રહિત થઈ જાય છે ત્યારે તે જ જીવ મુક્ત કહેવાય છે. તેથી જ્યારે તત્ત્વપ્રેમીઓને જીવ અને અજીવનું સારી રીતે જ્ઞાન થઈ જાય છે ત્યારે તેને માટે સંસારમાં બીજો કોઈ જાણવા યોગ્ય વિષય રહેતો નથી. અજ્ઞાનતાને લીધે આત્માનો અસલી સ્વભાવ પ્રગટ થઈ શકતો નથી, તેથી સ્વભાવના ભાન વડે અજ્ઞાનરૂપી અંધકારને હઠાવવો એ જ આત્માર્થીનું પ્રથમ કર્તવ્ય છે, એને જ સમજાવવા માટે આચાર્યે જીવના સ્વરૂપનું વર્ણન આ પ્રકારે કર્યું છે—

જીવત્વ, ઉપયોગમય, અમૂર્ત્તિક, કર્તા, સ્વદેહ-પરિમાણ, ભોક્તા, સંસારસ્થ, સિદ્ધ અને વિસ્રસા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉર્ધ્વગમન એ જીવના ૯ અધિકાર છે. એનાથી જીવના વાસ્તવિક (અસલી) સ્વરૂપ ઉપર પ્રકાશ પડે છે. આચાર્ય આને **વ્યવહારનય** અને **નિશ્ચયનયથી** દરેક અધિકારને લખી રહ્યા છે. વ્યવહારનો અર્થ ઉપચાર અથવા લોકવ્યવહાર અને નિશ્ચયનો અર્થ વાસ્તવિક સ્વરૂપ છે.

જેવી રીતે માટીના ઘડાને માટીનો કહેવો તે નિશ્ચયનય છે અને માટીના ઘડામાં ઘી, દૂધ, રસ વિગેરે રાખવામાં આવતાં હોવાથી તેને ઘીનો ઘડો અથવા દૂધનો ઘડો વિગેરે કહેવું તે વ્યવહારનય છે.

આથી જીવ **નિશ્ચયનયથી** શુદ્ધ ચેતના સ્વરૂપ છે, અનંત દર્શનજ્ઞાન સ્વરૂપ છે, અમૂર્તિક છે, પોતાના શુદ્ધભાવોનો કર્તા છે, ચૈતન્ય ગુણોનો ભોક્તા છે; લોકાકાશની બરોબર અસંખ્યાત પ્રદેશી છે, શુદ્ધ છે, સિદ્ધ છે, નિત્ય છે, ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય સહિત છે, તથા સ્વભાવથી ઊર્ધ્વગમન કરવાવાળો છે.

**વ્યવહારનયથી** ઈન્દ્રિય વિગેરે દસ પ્રાણોથી જીવે છે, મતિજ્ઞાન અને ચક્ષુદર્શન વિગેરે યથાયોગ્ય ઉપયોગો સહિત છે, કર્મોનો કર્તા છે, સુખદુઃખરૂપ કર્મફળોનો ભોક્તા છે. નામકર્મના ઉદયથી પ્રાપ્ત પોતાના નાના મોટા શરીર બરોબર છે. જીવ સમાસ, માર્ગણા, અને ગુણસ્થાનોની અપેક્ષાએ ૧૪, ૧૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રકારનો છે, અશુદ્ધ છે, સંસારી છે અને વિદિશાઓને છોડીને ગમન કરવાવાળો છે.

અજીવ દ્રવ્યના પાંચ ભેદ છે. પુદ્‌ગલ, ધર્મ, અધર્મ આકાશ અને કાળ. જેમાં સ્પર્શ, રસ, ગન્ધ અને વર્ણ હોય તેને **પુદ્‌ગલદ્રવ્ય** કહે છે. તેના અણુ અને સ્કન્ધોની અપેક્ષાએ અનેક ભેદ છે. જીવ અને પુદ્‌ગલોને ચાલવામાં નિમિત્ત **ધર્મદ્રવ્ય** છે, અને સ્થિર રહેવામાં નિમિત્ત **અધર્મદ્રવ્ય** છે. જીવાદિ દ્રવ્યોને અવગાહનમાં નિમિત્ત **આકાશદ્રવ્ય** છે. અને જીવાદિ દ્રવ્યોને પરિણમનમાં નિમિત્ત **કાળદ્રવ્ય** છે. આ પ્રકારે છ દ્રવ્યોનું સંક્ષિપ્ત લક્ષણ થયું. કાળ દ્રવ્યને છોડીને બીજા પાંચ દ્રવ્યો બહુ પ્રદેશી હોવાના કારણે **'અસ્તિકાય'** કહેવાય છે.

## બીજો અધિકાર-નવ પદાર્થોનું વર્ણન

જીવ, અજીવ, આસ્રવ, બન્ધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વો છે. તથા પુણ્ય અને પાપ મેળવવાથી નવ પદાર્થ કહેવાય છે. એનું સ્વરૂપ આ અધિકારમાં છે.

૧. જીવ-જેનામાં ચૈતન્ય એટલે કે જ્ઞાન દર્શન હોય તે.

૨. અજીવ-જેનામાં જ્ઞાન અને દર્શન ન હોય તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૩. આસ્રવ-બન્ધના કારણથી એટલે કે કષાયાદિના કારણથી જ્ઞાનાવરણ વિગેરે કર્મોનું આવવું.

૪. બન્ધ-રાગદ્વેષાદિ ભાવોના કારણથી આત્મા અને કર્મોનું પરસ્પર એકક્ષેત્રાવગાહી થવું.

૫. સંવર-ઉત્તમ ક્ષમા અને અહિંસાદિના કારણથી જ્ઞાનાવરણાદિ નવીન કર્મોનો આસ્રવ ન થવો, પ્રતિબંધ કરવો.

૬. નિર્જરા-વિશુદ્ધ ભાવોની મારફત સંચિત કર્મોનો એક દેશ ક્ષય થવો.

૭. મોક્ષ-સમસ્ત કર્મોનું પૂર્ણ રૂપથી ક્ષય થઈ જવું.

૮. પુણ્ય-શુભ પરિણામથી મુખ્યપણે શુભ કર્મ પ્રકૃતિઓનો આસ્રવ અથવા બંધ થવો.

૯. પાપ-અશુભ પરિણામથી મુખ્યપણે અશુભ કર્મ પ્રકૃતિઓનો આસ્રવ અથવા બંધ થવો.

જીવાસ્રવ, જીવબંધ વગેરે ભાવાસ્રવ, ભાવબંધ અને અજીવાસ્રવ, અજીવબંધ વગેરેનું દ્રવ્યાસ્રવ, દ્રવ્યબંધ વિગેરે નામોથી ગ્રંથમાં વર્ણન કર્યું છે. દરેક પદાર્થના દ્રવ્ય અને ભાવની અપેક્ષાથી બે ભેદ બતાવ્યા છે.

## ત્રીજો અધિકાર-મોક્ષ માર્ગનું કથન

વ્યવહારનયથી 'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ ત્રણ મોક્ષનું કારણ છે અને નિશ્ચયનયથી સમ્યગ્દર્શનાદિ રત્નત્રય સ્વરૂપ આત્મા જ મોક્ષનું પ્રધાન કારણ છે. જીવાદિ સાત તત્ત્વોનું શ્રદ્ધાન કરવું તે વ્યવહારસમ્યગ્દર્શન છે. સંશય, વિપર્યય અને અનધ્યવસાય રહિતપદાર્થોનું યથાર્થજ્ઞાન થવું તે વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે. આત્માનું શ્રદ્ધાન કરવું તે નિશ્ચય સમ્યગ્દર્શન અને આત્માનું જ્ઞાન કરવું તે નિશ્ચય સમ્યક્જ્ઞાન છે. સમ્યગ્ચારિત્રના પણ બે ભેદ છે. વ્યવહાર અને નિશ્ચય. વ્રત, સમિતિ વગેરેનું આચરણ કરવું તે વ્યવહાર ચારિત્ર છે, અને વ્યવહાર ચારિત્ર (વિકલ્પ) નો વ્યય નિશ્ચય ચારિત્રનું કારણ છે. આત્માના સ્વરૂપમાં લીન થવું તે નિશ્ચય સમ્યગ્ચારિત્ર છે.

ચારિત્ર પ્રાપ્ત કરવા માટે ધ્યાન કરવું અત્યંત જરૂરી છે. ઈષ્ટ પદાર્થો ઉપર રાગ અને અનિષ્ઠ પદાર્થો ઉપર દ્વેષ નહિ કરવો જોઈએ. રાગદ્વેષ અને મોહથી છૂટવા સારુ “ ઓમ્ ” અથવા “ નમો અરહંતાણં ” આદિ અથવા નવકાર મંત્ર વગેરેનું સદા સ્મરણ કરવું જોઇએ.

અરહન્ત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એને પરમેષ્ઠી કહે છે. આચાર્ય, ઉપાધ્યાય અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાધુ, એમને ગુરુ કહેવાય છે. અરહંત અને સિદ્ધ પરમેષ્ઠીને ભગવાન અથવા દેવ કહેવામાં આવે છે.

મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓને પૂર્ણરૂપથી રોકવી તે પરમધ્યાન અથવા ઉત્કૃષ્ટ ધ્યાન છે અને આજ મોક્ષનું સાક્ષાત્ કારણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# અર્થ સંગ્રહ

## —અ—

અઘાતિકર્મ—જે આત્માના જ્ઞાન, દર્શન, સુખ (દર્શન, ચારિત્ર) અને વીર્ય ગુણોનો ઘાત કરતાં નથી, પણ અવ્યાબાધ, અગુરુલઘુ વિગેરે ગુણોનો ઘાત કરે છે તેને અઘાતિ કર્મ કહે છે; તેનાં નામો:—વેદનીય, આયુ, નામ, અને ગોત્ર કર્મ.

અધિકાર—પ્રકરણ, પરિચ્છેદ, અધ્યાય.

અચક્ષુ દર્શન—ચક્ષુઈન્દ્રિય વિના બીજી ઇન્દ્રિયો અને મનથી સત્તા માત્રનું દેખવું.

અજીવ—જેની અંદર ચૈતન્ય ( જ્ઞાન, દર્શન ) ન હોય,

અણુ-પુદ્‌ગલનો સૌથી નાનામાં નાનો ભાગ કે જેનો વિભાગ ન થઈ શકે

અધર્મદ્રવ્ય—જે જીવ અને પુદ્‌ગલને સ્થિર રહેવામાં મદદ કરે.

અનિષ્ટ-મનને અપ્રસન્ન કરવાવાળો પદાર્થ.

અનુપ્રેક્ષા-તત્ત્વનો વારંવાર વિચાર કરવો.

અનુભાગબંધ—(અનુભવ) ઓછાં વધતાં ફળ દેવાની યોગ્યતા.

અભ્યન્તરક્રિયા-આત્માના યોગ અને કષાય રૂપ પરિણામ થવા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અમનસ્ક—મન રહિત જીવ. (અસંજ્ઞી)

અમૂર્ત્તિક—જેમાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શ ન હોય તે.

અરહન્ત પરમેષ્ઠી—જ્ઞાનાવરણ આદિ ચાર ઘાતી કર્મોનો નાશ કરી, અનન્ત જ્ઞાનાદિ ચાર ગુણોને ધારણ કરવાવાળા જીનેન્દ્ર ભગવાન.

અલોકાકાશ—જેની અંદર કેવળ આકાશદ્રવ્ય છે.

અવધિદર્શન-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાથી રૂપી પદાર્થોની સત્તામાત્રનું દેખવું.

અવધિજ્ઞાન—દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાથી રૂપી પદાર્થોને જાણવાવાળું જ્ઞાન.

અવિપાક ભાવ નિર્જરા—આત્માના જે વિશુદ્ધ-ભાવ વડે સ્થિતિ પૂરી થયા સિવાય કર્મોનું ખરવું થાય, તે ભાવ અવિપાકભાવ નિર્જરા છે.

અસંખ્ય દેશ—લોકાકાશની બરોબર અસંખ્યાત પ્રદેશવાળું.

અસ્તિકાય—જે દ્રવ્ય છે અને કાયવાન, એટલે બહુ પ્રદેશી છે. તેનાં નામઃ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ.

## —આ—

આકાશ—જીવ વગેરે બધાં દ્રવ્યોને અવકાશ આપનાર દ્રવ્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આચાર્ય પરમેષ્ઠી-દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીર્ય, અને તપ એ પાંચ આચાર પોતે પાળે અને બીજાંઓને પળાવે તે.

આતપ-સૂર્ય અને સૂર્યકાન્ત મણિમાં રહેવાવાળો ગુણ વિશેષ.

આયુ-નરક વગેરે ગતિઓમાં રોકનારૂં કર્મ.

આસ્રવ-આત્માના પ્રદેશોના કંપનથી (યોગથી) નવાં કર્મોનું આવવું; યોગ તે આસ્રવ છે.

ઇ

ઇન્દ્રિય-આત્માના અસ્તિત્વને બતાવનાર અને પરોક્ષ જ્ઞાન ઉત્પન્ન કરવામાં સાધન.

ઇષ્ટ-મનને પ્રસન્ન કરવાવાળો પદાર્થ.

—ઉ—

ઉત્પાદ-નવી પર્યાયનું પ્રગટ થવું.

ઉદ્યોત-ચંદ્રમા, ચંદ્રકાંતમણિ અને આગીઆ કીડા વગેરેનો પ્રકાશ.

ઉપયોગ-જ્ઞાન અને દર્શન ગુણનો વ્યાપાર.

ઉપાધ્યાય પરમેષ્ઠી-જે રત્નત્રયાત્મક મુનિપણું પ્રાપ્ત કર્યા બાદ મુનિ, શ્રાવક વગેરેને શાસ્ત્રનો અભ્યાસ કરાવે તે.

ઓમ્-અરહન્ત આદિ પાંચ પરમેષ્ઠીના પ્રથમના અક્ષરોથી બનેલો શબ્દ જેનાથી પાંચ પરમેષ્ઠીનું લક્ષણ થઈ શકે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



—ક—

કર્તાઃ-(વ્યવહારનય) જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલ કર્મોનો બંધ કરવાવાળો.

,, (નિશ્ચયનય) રાગાદિ ભાવોનો કર્તા.

,, (શુદ્ધ નિશ્ચયનય) રાગાદિ ભાવો રહિત પોતાના શુદ્ધ પરિણામમાં સ્થિર રહેવાવાળો. તેને પોતાના શુદ્ધ સ્વભાવનો કર્તા કહેવામાં આવે છે.

કષાય- જેનાથી [ कष=संसार, आय—લાભ ] સંસારની વૃદ્ધિ થાય. આત્માના કલુષિત પરિણામ જેવાં કે ક્રોધ, માન, માયા, લોભરૂપ અથવા મોહ, રાગ, દ્વેષરૂપ વિગેરે.

કાય-ઘણાં પ્રદેશોનો સમૂહ.

કાલદ્રવ્ય- બધાં દ્રવ્યોના પરિણમનમાં સહાયતા કરવાવાળું દ્રવ્ય જેનો વિશેષ ગુણ "વર્તના" છે.

કેવલદર્શન-લોક અને અલોકના સમસ્ત પદાર્થોની સત્તાને એકી સાથે એક સમયમાં દેખે.

કેવલજ્ઞાન-ત્રણ લોક અને ત્રણ કાળના સમસ્ત પદાર્થોને એકી સાથે એક સમય માત્રમાં સ્પષ્ટ જાણે.

કેવલિનાથ-કેવળજ્ઞાન આદિ અનંતચતુષ્ટયના ધારણ કરવાવાળા અરિહન્ત ભગવાન.

—ગ—

ગુણસ્થાન— જેની મારફત ઉદયાદિ ભાવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સહિત જીવને ઓળખી શકાય.

ગુપ્તિ–મન, વચન અને કાયાની થતી ક્રિયાઓને કાબુમાં રાખવી.

ઘાતિકર્મ– આત્માના જ્ઞાન, દર્શન, સુખ (દર્શન, ચારિત્ર) અને વીર્ય ગુણના વિભાવ પરિણમનમાં નિમિત્તરૂપ કર્મ.

ચક્ષુદર્શન–ચક્ષુઇંદ્રિયના નિમિત્તથી થવાવાળા બોધ પહેલાં થતો આત્માનો સત્તામાત્રરૂપ વ્યાપાર તે ચક્ષુદર્શન છે.

ચૈતન્ય–જ્ઞાન તથા દર્શન ઉપયોગ જેમાં રહેલ છે તે.

છદ્મસ્થ–ક્ષાયોપશમિક (મતિ, શ્રુત, અવધિ, મનઃ પર્યય) જ્ઞાનના ધરનાર સંસારી જીવ.

છાયા–તડકામાં મનુષ્યાદિનો પડછાયો અથવા દર્પણમાં મુખ વિગેરેનું પ્રતિબિંબ

જિન–કર્મ શત્રુઓ અથવા મિથ્યાત્વ અને રાગાદિને જીતવાવાળા.

જિન–જ્ઞાનાવરણ આદિ ચાર ઘાતિયા કર્મોને નષ્ટ કરવાવાવાળા, અને અનંતચતુષ્ટયથી શોભિત શ્રી અરહન્ત ભગવાન.

જિનવર–અરહન્તોમાં મુખ્ય—તીર્થંકર.

જિનવરવૃષભ–તીર્થંકર પદધારી શ્રી વૃષભભગવાન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અથવા

જિન–અસંયત સમ્યગ્દ્રષ્ટિથી અપ્રમત્ત ગુણસ્થાન સુધીના જીવો.

જિનવર–ગણધર દેવ.

જિનવર વૃષભ–ગણધરોમાં પ્રધાન શ્રી તીર્થંકર દેવ.

જીવ–જેનામાં ચેતના એટલે કે જ્ઞાનદર્શન હોય તે.

જીવસમાસ–જેમાં અનેક પ્રકારના જીવોનું સંક્ષેપરૂપથી ગૃહણ કરવામાં આવે.

તપ–ઈચ્છાઓને રોકવી.

તમ–દ્રષ્ટિને રોકવાવાળો અંધકાર.

ત્રસ–પોતાની ઇચ્છાથી ચાલવા ફરવાની શકિત રાખવાવાળો જીવ.

દર્શન–સામાન્ય રૂપથી નિરાકાર અવબોધ થવો તે.

દિશા—પૂર્વ વગેરે દિશાઓ.

દુરભિનિવેશ–સંશય, વિપર્યય અને અનધ્યાવસાય,

દ્રવ્ય—જે ગુણપર્યાય સહિત હોય અને સત્ સ્વરૂપ હોય તે.

દ્રવ્યબંધ–કર્મ અને આત્માના પ્રદેશોનો એક ક્ષેત્રમાં જે સંબંધ વિશેષ થવો તે.

દ્રવ્યમોક્ષ—બધાં કર્મોનું આત્માથી જુદું થવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યસંવર—દ્રવ્ય આસ્રવોનું રોકાવું.

દ્રવ્યસંગ્રહ-જેની અંદર જીવ અને અજીવ દ્રવ્યોના સમૂહનું વર્ણન હોય તે.

દ્રવ્યાસ્રવ-આઠકર્મોને યોગ્ય પુદ્ગલોનું આત્મ પ્રદેશોમાં આવવું.

ધર્મ-જે સંસારના દુઃખોથી છોડાવી મોક્ષરૂપી ઉત્તમ સુખની પ્રાપ્તિ કરાવે તે.

ધર્મદ્રવ્ય-જે જીવ અને પુદ્ગલોને ચાલવામાં મદદ કરે,

ધ્યાન-બધાં પ્રકારથી વિકલ્પોનો ત્યાગ કરી પોતાના ચિત્તને કોઇ એક લક્ષ્યમાં સ્થિર કરવું.

ધ્રૌવ્ય—આગળ પાછળની બધી પર્યાયોમાં નિત્યતાના કારણરૂપ.

નય—શ્રુત પ્રમાણનો એક અંશ.

નિર્જરા—આત્માના પ્રદેશોમાંથી કર્મોનું એક દેશ ખરવું.

નિશ્ચય ચારિત્ર—જ્ઞાન સ્વભાવમાં સ્થિરતા.

નિશ્ચયનય—પદાર્થોનું જેવું સ્વરૂપ છે તેવું યથાર્થ પ્રતિપાદન કરનાર શ્રુત પ્રમાણનો અંશ છે.

નિશ્ચય મોક્ષમાર્ગ—રત્નત્રયની એકતા.

પરમધ્યાન—મન, વચન અને કાયામાં રોકાએલ પરિણામને અંતઃસન્મુખ કરી વિકલ્પ વિનાના નિજ સ્વરૂપમાં સ્થિર થવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમેષ્ઠી—પરમ (ઉત્કૃષ્ટ) પદમાં રહેવાવાળા અરિહંતાદિ.

પરીષહ—કર્મોના ક્ષય અર્થે, અને સ્વરૂપમાં સ્થિર થવા અર્થે, બાહ્ય અનુકુળ કે પ્રતિકુળ સંયોગોનો સંબંધ થતાં તે તરફ દુર્લક્ષ કરી રાગ-દ્વેષ થવા ન દેવો.

પરોક્ષજ્ઞાન—પાંચ ઇંદ્રિયો અને મન દ્વારા થતું મતિ અને શ્રુત એ બે પરોક્ષ જ્ઞાન છે.

પ્રત્યક્ષજ્ઞાન—ઈન્દ્રિયો અને મનની સહાયતા વગર આત્મા પોતાના જ્ઞાનગુણની તારતમ્યતા પ્રમાણે પ્રત્યક્ષ જાણે તેને પ્રત્યક્ષજ્ઞાન કહે છે. તેનાં ત્રણ ભેદ છે. અવધિ, મનઃપર્યય અને કેવળ.

પરમાણુ–અતિ સૂક્ષ્મ અણુ જેના વિભાગ થવા અશક્ય છે.

પર્યાપ્તિ—પુદ્‌ગલ પરમાણુઓને શરીર ઈન્દ્રિય રૂપે પરિણમવામાં નિમિત્તરૂપ જીવની શક્તિની પૂર્ણતા.

પાપ–અશુભ ભાવોથી બંધાતું કર્મ.

પુણ્ય-શુભ ભાવોથી બંધાતું કર્મ.

પુદ્‌ગલદ્રવ્ય–જેમાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શ હોય તે.

પ્રકૃતિ—કર્મનો જે સ્વભાવ છે તેને પ્રકૃતિ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રદેશબન્ધ—આત્માના પ્રદેશો સાથે બંધાવા-વાળા કર્મોની સંખ્યાનો વિભાગ.

પ્રદેશ—પુદ્‌ગલ પરમાણુ જેટલા આકાશમાં રહી શકે તેને આકાશનો પ્રદેશ કહે છે.

પ્રમાદ—આત્મ સ્વરૂપની અસાવધાની પૂર્વક પર તરફના લક્ષવાળું આચરણ.

બળ—મન, વચન અને કાયાની શકિત.

બન્ધ—આત્માના અને કર્મના પ્રદેશોનું ભેગા થવું.

બાહ્યક્રિયા—હિંસાદિ પાપોમાં પ્રવૃત્તિ કરવી.

ભાવાસ્રવ-આત્માના જે પરિણામોથી કર્મોનું આવવું થાય તે.

ભાવનિર્જરા-આત્માના જે શુદ્ધ પરિણામોથી કર્મોની નિર્જરા થાય છે તે.

ભાવબંધ-આત્માના જે વિભાવ પરિણામોથી આત્મપ્રદેશો સાથે દ્રવ્ય કર્મોનું જોડાણ થાય છે તે વિભાવ પરિણામો ભાવ બંધ છે.

ભાવમોક્ષ-આત્માના શુદ્ધ પરિણામો કે જેથી સર્વ કર્મોનો ક્ષય થઇ જાય છે.

ભાવસંવર-આત્માના શુદ્ધ પરિણામ કે જેથી કર્મોનું આત્મ પ્રદેશોમાં આવવું થતું નથી.

ભેદ—પ્રકાર.

ભોકતા—(નિશ્ચય નય) પોતાના સહજ સ્વભાવિક ગુણોનો ભોકતા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અશુદ્ધ નિશ્ચય નય) દ્રવ્યકર્મોના ઉદયથી જે સંયોગો આવી મળે તેથી પોતે સુખ કે દુઃખની જે કલ્પના કરે તે કલ્પનાનો ભોકતા છે.

મતિજ્ઞાન–ઇન્દ્રિય અને મનના નિમિત્તથી થતું જ્ઞાન.

મનઃપર્યયજ્ઞાન–દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાથી બીજાના મનમાં રહેલ રૂપી પદાર્થનું જાણવું.

મિથ્યાત્વ–તત્ત્વોની વિપરીત શ્રદ્ધા કરવી, સ્વપર એકત્વ અભિપ્રાય.

માર્ગણા–જેનાથી જીવસમૂહને ગતિ વગેરે દ્વારા જુદાં શોધવાં.

મંત્ર–પરમેષ્ઠીના જાપ કરવા, અને ધ્યાન કરવા માટે વચનરૂપ સાધન.

યોગ–મન, વચન, કાયાની પ્રવૃત્તિ.

રત્નત્રય–સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર.

લોકાકાશ–જેમાં જીવ વગેરે દ્રવ્યો હોય તે.

વિકલત્રય–દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય-જીવ.

વિકલપ્રત્યક્ષ–મર્યાદિત પ્રત્યક્ષ જ્ઞાન–અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન પણ.

વિદિશા-ઈશાન, નૈઋત્ય, વાયવ્ય, અગ્નિ ખૂણા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિભ્રમ-(વિપર્યય, વિપરીત) વસ્તુના સ્વરૂપને ઉંધું સમજવું.

વિમોહ-(અનધ્યવસાય) વસ્તુના સ્વરૂપનો નિશ્ચય ન થવો.

વ્યય-આગલી પર્યાયનો નાશ.

વ્યવહારકાળ-ઘડી, કલાક, મિનિટ વગેરે રૂપ વ્યવહારકાળ.

વ્યવહારચારિત્ર-સમ્યગ્દર્શન પૂર્વક પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ.

વ્યવહારનય—બીજા પદાર્થના સંયોગથી મળેલી દશાને બતાવે તે.

વ્યવહાર મોક્ષમાર્ગ— સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર જુદાં જુદાં વ્યવહાર મોક્ષમાર્ગ છે.

શબ્દ-શ્રોત્રેન્દ્રિયનો વિષય.

શ્વાસોશ્વાસ-પ્રાણીઓને જીવતાં રાખવાવાળી પ્રાણવાયુ.

શ્રુતજ્ઞાન-મતિજ્ઞાનથી જાણેલાં પદાર્થોનું વિશેષ રૂપથી જાણવું.

સમનસ્ક—મન સહિત જીવ.

સમિતિ-ચાલવું, બોલવું વગેરે કાર્યોમાં પ્રમાદ રહિત ઉપયોગ સહિત વર્તવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમુદ્ઘાત–મૂળ શરીરને છોડયા વગર આત્માના પ્રદેશોનું બહાર નીકળવું.

સમ્યગ્જ્ઞાન–સંશયાદિ રહિત સ્વપરનું જ્ઞાન.

સર્વજ્ઞ=ત્રણલોક, અલોક, અને ત્રણકાળના સમસ્ત પદાર્થોનું એકી સાથે, એક સમયમાં જાણે તે.

સાધુપરમેષ્ઠિ–જે રત્નત્રયને સાધે તે.

સિદ્ધપરમેષ્ઠિ–જ્ઞાનાવરણ આદિ આઠકર્મોનો નાશ કરી, સિદ્ધાલયમાં બિરાજમાન સમ્યકત્વ આદિ ગુણોના ધારક.

સૂક્ષ્મ–આંબળાથી બોર જેમ નાનું છે તેમ.

સંસ્થાન–ત્રિકોણ, ચતુર્કોણ વગેરે આકાર.

સંશય–નિશ્ચય રહિત અનેક વિકલ્પોને ગ્રહણ કરવાવાળું જ્ઞાન.

સંસારી—નરક વગેરે ગતિઓમાં ભ્રમણ કરવાવાળા જીવ.

સ્થાવર—વગેરે એકેન્દ્રિય જીવ.

સ્વદેહપરિમાણ—સમુદ્ઘાત અવસ્થાને છોડીને, નામકર્મના ઉદયથી પ્રાપ્ત થએલ પોતાના નાના અથવા મોટા શરીર પ્રમાણ રહેવું તે.

સ્થુલ—બોરથી જેમ આંબળું મોટું છે તે રીતે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ભેદ સંગ્રહ

અજીવ—૫. પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ.

અધિકાર—૯. જીવત્વ, ઉપયોગમય, અમૂર્તિ, કર્તા, સ્વદેહપરિમાણ, ભોકતા, સંસારસ્થ, સિદ્ધ, વિસ્રસાઉર્ધ્વગમન.

અનુપ્રેક્ષા-૧૨. અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ, ધર્મ.

અનન્ત ચતુષ્ટય—૪. અનંતદર્શન, અનંતજ્ઞાન. અનંતસુખ, અનંતવીર્ય.

અષ્ટગુણ—૮. સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, કેવળ-દર્શન, અનન્તવીર્ય, સૂક્ષ્મત્વ અવગાહનત્વ, અગુરુ લઘુત્વ, અવ્યાબાધત્વ.

અસ્તિકાય—૫. જીવ, પુદ્ગલ, ધર્મ અધર્મ, આકાશ.

આસ્રવ—૨. દ્રવ્ય, ભાવ.

આસ્રવ—૩૨. મિથ્યાત્વ ૫, અવિરતિ ૫, પ્રમાદ ૧૫, યોગ ૩, કષાય ૪.

આચાર—૫. દર્શન, જ્ઞાન, વીર્ય, ચારિત્ર, તપ.

ઇન્દ્ર—૧૦૦. ભવનવાસી ૪૦, વ્યન્તર ૩૨, કલ્પવાસી ૨૪, જ્યોતિષી ૨ (સૂર્ય, ચન્દ્રમા), ચક્રવર્તી ૧, સિંહ ૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઇન્દ્રિયો—૫. સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ, કર્ણ. (શ્રોત્ર)

ઉપયોગ—૨. જ્ઞાન, દર્શન.

ઉપયોગ—૧૨. જ્ઞાન ૮, દર્શન ૪.

એકેન્દ્રિય–૨. સૂક્ષ્મ, બાદર (સ્થુલ)

એકેન્દ્રિય–૫. પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, વનસ્પતિ.

કર્મ.—૨. પુણ્ય, પાપ.

કર્મ—૨. ઘાતિયા, અઘાતિયા.

કર્મ–૮. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અંતરાય.

કાળ—૨. નિશ્ચય, વ્યવહાર.

ક્રિયા—૨. અન્તરંગ, બાહ્ય.

ગન્ધ—૨. સુગંધ, દુર્ગંધ.

ગુણસ્થાન—૧૪. મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરત સમ્યક્ત્વ, દેશ સંયત, પ્રમત્ત, અપ્રમત્ત, અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સંયોગકેવલી, અયોગ કેવલી.

ગુપ્તિ—૩. મન, વચન, કાય.

ચારિત્ર–૨. બાહ્ય, અંતરંગ.

ચારિત્ર–૫. સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છદ્મસ્થ—૪. મતિ, શ્રુત, અવધિ, મનઃ પર્યય જ્ઞાનના ધારક.

જીવ—૨. સંસારી, મુક્ત.

જીવસમાસ—૧૪. એકેન્દ્રિય સૂક્ષ્મ, એકેન્દ્રિય બાદર, બેઇન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, સંજ્ઞી પંચેંદ્રિ, અસંજ્ઞી પંચેંદ્રિ એ સાત ભેદોને પર્યાપ્તા અને અપર્યાપ્તા લગાડવાથી ચૌદ ભેદ થાય છે.

તપ—૨. બાહ્ય ૬. અભ્યંતર ૬.

ત્રસજીવ—૪. દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય.

દ્રવ્ય—૨. જીવ, અજીવ.

દ્રવ્ય-૬. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ.

દિશા—૧૦. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઇશાન, વાયવ્ય, આગ્નેય, નૈરૂત્ય, ઉર્ધ્વ, અધઃ

ધર્મ-૧૦. ઉત્તમક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, અકિંચન્ય, બ્રહ્મચર્ય.

નિર્જરા—૨. દ્રવ્ય. ભાવ.

નોકર્મ—૩. ઔદારિક, વૈક્રિયક, આહારક.

પંચેન્દ્રિ—૨. સંજ્ઞી, અસંજ્ઞી.

પર્યાપ્તિ—૬. આહાર, શરીર, ઇન્દ્રિય, ભાષા, શ્વાસોશ્વાસ, મન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરીષહ—૨૨. ભૂખ, પ્યાસ, ઠંડ, ગરમી, દંશમશક, નગ્નતા, અરતિ, સ્ત્રી, ચર્યા, શય્યા, આસન, વધ, આક્રોશ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મલ, સત્કારપુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન, અદર્શન.

પુદ્ગલકર્મ—૮. જ્ઞાનાવરણાદિ.

પુદ્ગલગુણ—૨૦. સ્પર્શ ૮, રસ ૫, રૂપ ૫, ગન્ધ ૨.

પાપ કર્મ—૮. અસાતાવેદનીય, અશુભઆયુ, અશુભ નામ, નીચગોત્ર અને ૪ ઘાતિયા કર્મ જ્ઞાનાવરણાઆદિ.

પુણ્યકર્મ—૪. સાતાવેદનીય, શુભ આયુ, શુભ નામ, ઉચ્ચગોત્ર.

પ્રાણ—૧૦. ઇન્દ્રિય ૫, બલ ૩, આયુ, શ્વાસોશ્વાસ,

બન્ધ—૨. દ્રવ્ય, ભાવ.

બન્ધ—૪. પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ.

ભાવાસ્રવ—૫. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ.

ભાવાસ્રવ-૩૨. મિથ્યાત્વ ૫, અવિરતિ ૫, પ્રમાદ ૧૫. યોગ ૩. કષાય ૪.

ભાવનિર્જરા ૨. સવિપાક, અવિપાક.

મહાવ્રત—૫. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માર્ગણા—૧૪. ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન લેશ્યા ભવ્યત્વ, સમ્યક્ત્વ, સંજ્ઞા, આહાર.

મિથ્યાત્વ—૫. વિપરીત, એકાન્ત, વિનય, સંશય, અજ્ઞાન.

મુનિચરિત્ર—૧૩. વ્રત ૫, સમિતિ ૫, ગુપ્તિ ૩.

મોક્ષ—૨ દ્રવ્ય, ભાવ.

મોક્ષમાર્ગ—૨. વ્યવહાર, નિશ્ચય.

યોગ—૩. મન, વચન, કાય.

રત્નત્રય—૩, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર.

વિદિશા—૪. ઇશાન, નૈરૃત્ય, વાયવ્ય, આગ્નેય

વ્રત—૫. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ.

વિકલત્રય—૩. દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિયજીવ

સંવર—૨. દ્રવ્ય, ભાવ.

સંવર–૭. વ્રત, સમિતિ, ગુપ્તિ, ધર્મ, અનુપ્રેક્ષા.

સંવર–૬૨. ૫, ૫, ૩, ૧૦, ૧૨. પરીષહજય, ચારિત્ર.
૨૨, ૫.

સમુદ્ઘાત–૭. વેદક, કષાય, વિક્રયા, મારણાન્તિક, તૈજસ, આહાર, કેવલ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમિતિ–૫. ઇર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ, વ્યુત્સર્ગ.

જ્ઞાનોપયોગ. ૨. જ્ઞાન, અજ્ઞાન.

જ્ઞાનોપયોગ. ૮. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવલ, અને કુમતિ, કુશ્રુત, કુઅવધિ (વિભંગ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રશ્ન પત્ર સંગ્રહ.

**સમય ૩ કલાક ૧૯૩૪ પૂર્ણાંક ૧૦૦**

૧. અચક્ષુદર્શન, મતિજ્ઞાન, મોક્ષ, અરહંત, પુદ્દગલ, પ્રદેશ અને ચારિત્રથી શું સમજો છો? ૭.

૨. આ ગ્રંથનું "દ્રવ્ય સંગ્રહ" નામ કેમ રાખવામાં આવ્યું છે?

જીવના નવ અધિકાર કયા કયા છે તે ગણાવો.

અન્ધ અને બહેરાં મનુષ્યને કેટલા પ્રાણ હોય છે? ૧૪.

૩. મૂર્તિક અને અમૂર્તિકમાં શું તફાવત છે? તમે મૂર્તિક છો કે અમૂર્તિક? અસ્તિ કાય કેને કહે છે? કાલ દ્રવ્ય અસ્તિકાય છે કે નહિ? તત્ત્વો અને દ્રવ્યોના નામ ગણાવો. શું એ બેમાં કાંઈ ફેર છે?

૪. નિશ્ચયનય અને વ્યવહારનયમાં શું તફાવત છે? ૧૬.

દ્રવ્યબંધ, ભાવનિર્જરા અને આસ્રવનું સ્વરૂપ સમજાવો.

ધ્યાન કેને કહે છે? કેટલી જાતના છે? શું કરવામાં આવે છે? અને કેમ કરવામાં આવે છે? ૧૬.

૫. એક અક્ષરનો મંત્ર કયો છે? અને એની અંદર પંચ પરમેષ્ઠીના નામ કેવી રીતે આવે છે? નિશ્ચય ધ્યાનનું સ્વરૂપ લખો. જ્ઞાનોપયોગના કેટલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભેદ છે, આપણા દેશમાં અત્યારે કેટલા પરમેષ્ઠી મોજુદ છે? ૧૬.

૬. સનત્કુમાર ચક્રવર્તી અથવા અંજના સુંદરીનું જીવનચરિત્ર સંક્ષેપમાં લખો અને બતાવો કે તેના જીવનથી તમે શું શિખામણ લીધી. ૧૦.

૭. બ્રહ્મચર્ય અથવા સ્ત્રી શિક્ષા ઉપર એક સુંદર નિબંધ લખો. ૧૨.

૮. જીનેંદ્ર ભકિત અથવા જાતિ સુધારા ઉપર કોઈ ભજન લખો. ૪.

શુદ્ધ અને સુંદર લેખ. ૫.

**સમય ૩ કલાક ૧૯૩૫ પૂર્ણાંક ૧૦૦**

૧. આ પુસ્તકનું નામ દ્રવ્યસંગ્રહ કેમ રાખવામાં આવ્યુ ? ૧૨.

દ્રવ્ય અને તત્ત્વથી તમે શું સમજો છો?

એના ગ્રંથ કર્તાનું શું નામ છે? શું તેણે પોતાનું નામ કોઈ જગ્યાએ આપ્યું છે?

૨. જીવ કેને કહે છે? અને તેને કેટલા પ્રાણ છે? દર્શનથી તમે શું સમજો છો, તમારે કેટલા દર્શનોપયોગ છે?

૩. જીવ મૂર્તિક છે કે અમૂર્તિક? અને તે કેવડો મોટો છે?

સંસારી જીવ કેટલી જાતનાં છે, અને તેને કેટલી પર્યાપ્તિઓ છે? ૧૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૪. તમે તમારી સામે કયા કયા દ્રવ્યોને જુઓ છો? એક જીવને પોતાનું કામ ચલાવા માટે કેટલા દ્રવ્યોની જરૂર પડે છે? ૧૪.

દ્રવ્ય અને અસ્તિકાયમાં શું તફાવત છે? તમે દ્રવ્ય છો કે અસ્તિકાય?

૫. अ ઉદાહરણ આપીને ભાવબંધ અને દ્રવ્ય-બંધનું સ્વરૂપ સમજાવો. બંધના ભેદ અને કારણ લખો. ૧૨.

ब એવા એક મંત્રનું નામ લખો કે જેમાં બધા પરમેષ્ઠીનું નામ આવી શકે. આચાર્ય પરમે-ષ્ઠીનું શું સ્વરૂપ છે, અને તેનું ધ્યાન શા માટે કરવું જોઈએ?

૬. अ ધ્યાન કરવા માટે કઈ કઇ બાબતની જરૂર છે. આકાશના કેટલાં ભેદ છે, અને શા માટે છે? ૧૨.

ब કાલદ્રવ્ય કયાં નથી?

૭. ચામુંડરાય અથવા આદિનાથ ભગવાનનું જીવન ચરિત્ર લખો અને બતાવો કે તેના જીવનથી આપણને શું શિખામણ મળે છે? ૮.

૮. નીચે લખેલાં વિષયોમાંથી કોઈ એક ટુંકો લેખ લખો. ૧૦.

૧. અહિંસા ૨ સાદું જીવન, ૩ વ્રતોનું ઉપ-યોગીપણું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધ અને સુંદર લેખ. ૬.

**સમય ૩. કલાક ૧૯૩૭ પૂર્ણાંક ૧૦૦**

દ્રવ્યથી તમે શું સમજો છો ? ઉદાહરણ પૂર્વક સમજાવો. ૧૨.

તમે કયું દ્રવ્ય છો ? અસ્તિકાય, દ્રવ્ય અને અજીવ દ્રવ્યોનાં નામ લખો.

૨. માખી, જળો, બાળક, રેલ, રબરની ગાય, વેલ (લતા) મુક્ત જીવ એને કયા અને કેટલા પ્રાણ તથા પર્યાપ્તિઓ હોય છે.

૩. મૂર્તિક દ્રવ્યથી તમે શું સમજો છો ? તમે મૂર્તિક છો કે નહિ ? કારણ પૂર્વક લખો. આંખોથી કયા કયા દ્રવ્યો દેખાય છે, વાદળ, અન્ધકાર, વાયુ, સેકન્ડ, અણુ, પુણ્ય, પાપ, લોકાકાશ, કયા દ્રવ્યમાં સામેલ છે અને શા માટે ? ૧૫.

૪. તત્ત્વ શબ્દથી આપ શું સમજો છો. તેના ભેદ લખીને સ્પષ્ટ એ બતાવો કે બંધ કઈ ચીજનો કેનાથી, કેવી રીતે, કયા કયા કાર્ય કરવાથી થાય છે ? ૧૫.

૫. મોક્ષ કયાં છે ? શું છે ? કેવી રીતે પ્રાપ્ત થઇ શકે છે ? મોક્ષમાં ઉત્તમ ઉત્તમ ભોજન અને વિલાસની સામગ્રી મળે છે ? જો નહિ તો મોક્ષ પ્રાપ્ત કરવાનો પ્રયાસ વ્યર્થ છે ? સમજાવીને લખો. ૧૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૬. પંચ પરમેષ્ઠી વાચક મંત્રનું નામ લખીને એ સિદ્ધ કરો કે આ મંત્રથી પંચ પરમેષ્ઠીનો બોધ કેવી રીતે થાય છે? આજકાલ કેટલા પરમેષ્ઠી આપણા જોવામાં આવે છે? પરમેષ્ઠીમાં દેવ કેટલા અને ગુરુ કેટલા છે? જૈન મન્દિરોની મૂર્તિઓ કયા પરમેષ્ઠીની છે. ૧૦.

૭. આપ દ્રવ્ય સંગ્રહના પ્રશ્ન પત્ર સામે જોઈ રહ્યા છો તે આપનું જ્ઞાન પ્રત્યક્ષ છે કે પરોક્ષ? સિદ્ધ કરો કે પ્રત્યક્ષ પરોક્ષથી આપ શું સમજો છો? ૧૨.

૮. સ્વામી ઉમાસ્વામીનું જીવન ચરિત્ર.

અથવા

સાદાજીવન ઉપર એક નિબંધ ૨૫-૩૦ લીંટીનો લખો.

શુદ્ધ અને સુંદર લેખન માટે ૧૨.

**સમય ૩ કલાક ૧૯૩૮ પૂર્ણાંક ૧૦૦**

૧. મંગલથી આપ શું સમજો છો. ગ્રંથના પ્રારમ્ભમાં મંગલાચરણ કરવાનું શું કારણ છે? ૮.

૨ क જીવનું લક્ષણ લખી એ બતલાવો કે જ્ઞાનોપયોગ અને દર્શન ઉપયોગમાં શું તફાવત છે? ૭.

ख દર્શન ઉપયોગનો ભેદ અને તેની પરિભાષા લખો. ૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૩. શુદ્ધ અને અશુદ્ધ નિશ્ચયનયથી આપ શું સમજો છો ? જીવ અશુદ્ધ નયથી કોનો કર્તા છે ? ૧૦.

અથવા જીવના ઉર્ધ્વગમનાધિકારનું વર્ણન કરી એ બતાવો કે જીવ ઉર્ધ્વગમન ક્યાં સુધી કરે છે ? શું તે ઉર્ધ્વગમન કરતાં કોઇ પણ જગ્યાએ રોકાય છે કે નહિ ? જો રોકાય છે તો ક્યાં અને શા માટે ? ૧૦.

૪. અજીવદ્રવ્યના ભેદ લખીને અસ્તિકાયદ્રવ્યોનું નામ માત્ર લખો. પુદ્ગલ પરમાણુ અસ્તિકાય છે કે નહિ ? કારણ સહિત સ્પષ્ટ લખો. ૮.

૫. સાતતત્ત્વોનું નામ માત્ર લખીને એમાંથી મોક્ષના કારણભૂત તત્ત્વોને સલક્ષણ બતાવો ૬.

૬. નિશ્ચય અને વ્યવહાર મોક્ષ માર્ગમાં અન્તર દેખાડીને એ બતાવો કે સમ્યગ્દર્શન અને સમ્યગ્‌જ્ઞાનમાંથી પહેલાં કયું છે. ૬.

૭. ધ્યાનનું લક્ષણ રાખીને તેની જરૂરી સામગ્રી બતાવો. ૭.

૮. નીચે લખેલામાંથી કોઇ ૧૦ ની પરિભાષા લખો.

મૂર્તિક, સમુદ્ઘાત, ગુણસ્થાન, પ્રકૃતિબંધ, પુદ્ગલ, અસ્તિકાય પ્રમાદ, ગુપ્તિ, સમિતિ, ધર્મ, સમ્યગ્દર્શન, અભ્યન્તર ક્રિયા છદ્મસ્થ, આચાર્ય, તપ. ૧૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૯. આ ગ્રંથના કર્તાનું નામ અને તેનું જીવન ચરિત્ર લખીને તેનાં બનાવેલાં શાસ્ત્રોનું નામ લખો. ૧૫.

૧૦. ગૃહસ્થ જીવન કેવી રીતે સુખમય બની શકે છે? એના ઉપર એક સુંદર લેખ લખો. ૧૨.

શુદ્ધ લેખ. ૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સનાતન જૈન શિક્ષણ વર્ગ, સોનગઢ

## પરીક્ષા

**સમય:** સવારે ૯-૩૦ થી ૧૧ (તા. ૩૧-૫-૪૨)

**સુચના:—ગમે તે ત્રણ પ્રશ્નોના** જવાબ લખો.

૧. (ક) મનુષ્યભવની દુર્લભતા સમજાવો. મનુષ્યભવ સફળ થયો તમે ક્યારે માનો? તેને સફળ કરવા તમે શા ઉપાય લેશો તે સ્પષ્ટ સમજાવો. ૧૨.

(ખ) સમયસારનો કોઈ કળશ અર્થ સહિત લખો. ૪.

૨. (ક) ગુણની વ્યાખ્યા શી? કયા ગુણને લીધે દ્રવ્યો પરિણમ્યા કરે છે? અચેતનત્વ ગુણ કયા કયા દ્રવ્યોમાં છે? ૩.

(ખ) અસ્તિકાય એટલે શું? પરમાણુ અસ્તિકાય છે? શા માટે? ૩

(ગ) મનઃપર્યયજ્ઞાન કોને કહે છે? તે કોને થાય? ૩

(ઘ) મહાવ્રતધારી અભવ્ય મુનિને વનમાં તપ કરતી વખતે ૧૬ માંથી કયા કષાય હોય? પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવકને કયા કષાય હોય? ૪

(ઙ) પ્રકૃતિબંધ અને સ્થિતિબંધ એટલે શું? તેઓ શાના પર આધાર રાખે છે? પાપનો સ્થિતિબંધ ઓછો પાડવા શું કરવું? ૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૩. (ક) આત્મા ખોરાક લે છે એમ કયા નયથી કહેવાય? શા માટે? ૩

(ખ) આત્મા ખોરાકની ઇચ્છા કરે છે એમ કયા નયથી કહેવાય તે સમજાવો. ૩

(ગ) કયા કર્મના ઉદયમાં જોડાવાથી 'ઇચ્છા' થાય? ૨

(ઘ) ઇચ્છા થવાનું ઉપાદાન કારણ કોણ? કેમ? ૨

(ઙ) ઉપવાસ કરનાર જીવ ઊંચો કે 'આંબેલ' કરનાર? સ્પષ્ટ સમજાવો. ૪

(ચ) કયા ગુણસ્થાન પછી આત્મા વ્યવહારે પણ ખોરાક લેતો નથી? કયા ગુણસ્થાને રાગદ્વેષ મૂળમાંથી નાશ પામે? ૩

૪. (ક) ગૃહીત અને અગૃહીત મિથ્યાત્વમાં તફાવત શો? ૩

(ખ) ચૌરેન્દ્રિય જીવને કયા કયા દ્રવ્યપ્રાણ હોય અને કઇ કઈ પર્યાપ્તિ હોય? ૩

(ગ) દેવગતિમાં દુઃખ છે? શું? ૨

(ઘ) સમ્યક્ત્વના આઠ અંગના નામ માત્ર લખો. ૨

(ઙ) બહિરાત્મા ને અંતરાત્મામાં ફેર શો? ૩

(ચ) મિથ્યાજ્ઞાન ટળી સમ્યગ્જ્ઞાન થાય તે સમયે આત્મામાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ત્રણે કઈ રીતે ઘટે છે? ૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સમય: સવારના ૯-૧૫ થી ૧૧ તા. ૩૧-૫-૪૪**

**પ્ર. ૧. (ક) વ્હેલા ઉઠીને સ્મરણ કરવા યોગ્ય એવું કોઇ પણ સ્તુતિનું એક પદ લખો.**

(ખ) આત્મા જ્ઞાન સ્વરૂપ જ છે એવા આશયનો એક શ્લોક અર્થ સહિત લખો.

(ગ) આત્મા નિત્ય છે તેની સિદ્ધિ કરો.

(ઘ) શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રના આધારે નિજ-જ્ઞાન પ્રગટાવવાની રીત લખો.

**પ્ર. ૨. નીચેના પ્રશ્નોમાંથી ગમે તે ચારના જવાબ લખો.**

(૧) પર્યાય એટલે શું? વ્યંજન પર્યાય અને અર્થ પર્યાય એટલે શું ? તે દાખલા સહિત સમજાવો.

(૨) સામાન્ય ગુણ કોને કહે છે ? મુખ્ય સામાન્ય ગુણો કેટલા છે ? તેના નામ લખો.

(૩) જ્ઞાનના અને દર્શનના ભેદ કેટલા છે ? તેના નામ આપો.

(૪) કયા ગુણને લીધે પોતાનો આત્મા પોતાને જણાય. વસ્તુમાં એવો કયો ગુણ છે કે જેથી એક ગુણ બીજા ગુણ રૂપે થતો નથી ?

(૫) નીચેના શબ્દોની વ્યાખ્યા આપોઃ-

પરમાણુ, પ્રદેશ, ચારિત્ર.

(૬) સદ્ગુરુ કયા લક્ષણે ઓળખાય ?

**પ્ર. ૩. નીચેમાંથી ગમે તે ચારના જવાબ આપો.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૧) પંચ પરમેષ્ઠીમાં દેવ કેટલા છે? તે દેવનું લક્ષણ શું? લોકો સાચું સુખ પામે તે માટે તીર્થંકર દેવને ઉપદેશ આપવાની ઇચ્છા હોય કે નહિ?

(૨) વ્યવહાર નયથી ગતિ કેટલી છે! લોકોના હિત માટે સિદ્ધ ભગવાન અવતાર લે કે નહિ તે સમજાવો. મોક્ષમાં બધા આત્મા એક થઈ જાય કે નહિ?

(૩) 'અભાવ' કોને કહે છે તે પુદ્ગલ અને જીવનો દાખલો આપી સમજાવો. જીવ એક છે કે અનંત છે? સિદ્ધ જીવો કેટલા હશે?

(૪) અરૂપી કોને કહેવાય? જીવ અરૂપી છે કે રૂપી? રંગ વગરના પદાર્થને આકાર હોય કે નહિ? જીવ નિરાકાર છે એટલે શું?

(૫) જીવ અને અજીવ શાથી ઓળખાય? અજીવ અને પુદ્ગલમાં શો તફાવત છે?

પ્ર. ૪. નીચેમાંથી ગમે તે છ વાક્યો ખાલી જગ્યા પૂરી ફરીથી લખોઃ-

(૧) વ્યવહાર નયથી આત્મા............નો કર્તા છે. અને અશુદ્ધ નિશ્ચયથી............નો કર્તા છે.

(૨) શુભ અને અશુભ પરિણામને...મોક્ષ થાય છે.

(૩)............આત્માની શ્રદ્ધા તે સમ્યક્ત્વ છે.

(૪) પરમાર્થે......................જીવ અસંગ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૫) જે જીવ.........ને જીનનું વર્ણન સમજે અને.........ના જ્ઞાનને શ્રુતજ્ઞાન સમજે તે જીવ..........કહેવાય.

(૬) સુખગુણ..................દ્રવ્યોનો છે.

(૭) ............પરિણામ તે મોક્ષનું કારણ છે.

(૮) ............પ્રેરે તે વ્યવહાર સંમત કરવો યોગ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# અકારાદિ ક્રમ પ્રમાણે દ્રવ્ય-સંગ્રહની ગાથા સૂચી


| ગાથા | | પૃષ્ટ |
|---|---|---|
| ૧૫. | અજીવો પુણણેઓ | ૨૫. |
| ૬. | અટ્ઠ ચદુણાણ દંસણ | ૭. |
| ૧૦. | અણુ ગુરુદેહપમાણો | ૧૪. |
| ૧૯. | અવગાસ દાણજોગ્ગં | ૨૮. |
| ૪૫. | અસુહાદો વિણિવિત્તી | ૬૦. |
| ૨૯. | આસવદિજેણ કમ્મં | ૪૧. |
| ૨૮. | આસવબંધણ સંવર | ૪૦. |
| ૪. | ઉવઓગો દુવિયપ્પો | ૪. |
| ૨૬. | એયપદેસો વિઅણૂ | ૩૬. |
| ૨૩. | એવં છબ્ભેયમિદં | ૩૨. |
| ૧૭. | ગઇપરિણયાણ ધમ્મો | ૨૬. |
| ૩૪. | ચેદણ પરિણામોજો | ૪૮. |
| ૩૬. | જહકાલેણ તવેણય | ૫૧. |
| ૨૭. | જાવદિયં આયાસં | ૩૭. |
| ૧. | જીવમજીવં દવ્વં | ૧. |
| ૪૧. | જીવાદિ સદ્દહણં | ૫૭. |
| ૨. | જીવો ઉવ ઓગમઓ | ૨. |
| ૫૩. | જો રયણત્તય જુત્તો | ૬૯. |
| ૫૫. | જં કિંચિવિ ચિંતંતો | ૭૦. |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| ગાથા | | પૃષ્ટ |
|---|---|---|
| ૪૩. | જં સામણ્ણં ગહણં | ૫૯. |
| ૧૮. | ઠાણ જુદાણ અધમ્મો | ૨૭. |
| ૫૦. | ણટ્ઠચદુઘાઈ કમ્મો | ૬૫. |
| ૫૧. | ણટ્ઠટ્ઠકમ્મદેહો | ૬૭. |
| ૩૧. | ણાણાવરણાદીણં | ૪૪. |
| ૫. | ણાણં અટ્ઠવિયપ્પં | ૬. |
| ૧૪. | ણિ કકમ્મા અટ્ઠગુણા | ૨૨. |
| ૫૭. | તવસુદવદવં ચેદા | ૭૨. |
| ૩. | તિક્કાલે ચદુપાણા | ૩. |
| ૨૧. | દવ્વ પરિવદરૂવો | ૩૦. |
| ૫૮. | દવ્વ સંગહમિણં મુણિણાહા | ૭૩. |
| ૪૭. | દુવિહંપિ મો કખહેઉં | ૬૨. |
| ૫૨. | દંસણણાણ પહાણે | ૬૮. |
| ૫૪. | દંસણણાણ સમગ્ગં | ૭૦. |
| ૪૪. | દંસણ પુવ્વંણાણં | ૬૦. |
| ૨૦. | ધમ્મા ધમ્મા કાલો | ૨૯. |
| ૪૯. | પણતીસ સોલ છપ્પણ | ૬૪. |
| ૩૩. | પયડિ ટ્ઠિદિ અણુભાગ | ૪૭. |
| ૮. | પગ્ગલ કમ્માદીણં | ૯. |
| ૧૧ | પુઢવિજલ તે ઉવાઉ | ૧૭. |
| ૩૨ | વજ્ઝદિ કમ્મં જેણદુ | ૪૬. |
| ૪૬ | બહિર બ્ભંતર કિરિયા | ૬૧. |
| ૧૩ | મગ્ગણ ગુણઠાણેહિં | ૨૦. |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| ગાથા | | પૃષ્ટ |
|---|---|---|
| ૫૬ | મા ચિટ્ઠિહ મા જંપહ | ૭૧. |
| ૪૮ | મા મુજ્ઝહ મા રજ્જહ | ૬૩. |
| ૩૦. | મિચ્છત્તાવિર દિપમા | ૪૨. |
| ૪૦. | રયણત્તયંણ વટ્ટઇ | ૫૬. |
| ૨૨. | લોયાયાસપ દેસે | ૩૧. |
| ૯. | વવહારા સુહદુક્ખં | ૧૩. |
| ૭. | વણ્ણ રસપંચ ગંધા | ૮. |
| ૩૫. | વદસમિદી ગુત્તીઓ | ૪૭. |
| ૧૬. | સદ્દો બંધો સહુમો | ૨૫. |
| ૧૨. | સમણા અમણા | ૧૭. |
| ૩૭. | સવ્વસ્સ કમ્મણો જો | ૫૧. |
| ૩૮. | સુહ અસુહ ભાવ ભુત્તા | ૫૩. |
| ૨૪. | સંતિજદો તેણે દે | ૩૩. |
| ૩૯. | સમ્મદ્દ સણ્ણાણે | ૫૫. |
| ૪૨. | સંસય વિમોહ વિબ્ભમ | ૫૮. |
| ૨૫. | હોંતિ અસંખા જીવે | ૩૪. |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# શ્રી સનાતન જૈન શિક્ષણ વર્ગ, સોનગઢ

## પરીક્ષા

તા. ૩૦–૫–૧૯૪૫ સમય: સવારના ૯–૩૦ થી ૧૧

**ગમે તે ત્રણ પ્રશ્નોના જવાબ લખો.**

૧. (ક) સંસારવૃક્ષનું મૂળિયું શું છે અને તે મૂળને છેદવા મુમુક્ષુએ શું કરવું તે સ્પષ્ટ રીતે સમજાવો. ૯

(ખ) ધર્મ કરવો કોને સહેલો પડે—ધનવાનને કે નિર્ધનને ? શા માટે ? ૩

(ગ) શ્રી સમયસારનો કોઇ કળશ અર્થ સાથે લખો. ૪

૨. (ક) નીચેના પદાર્થોમાંથી દ્રવ્યો, ગુણો ને પર્યાયો ઓળખી કાઢો: ૧૬

(૧) કેવળજ્ઞાન, (૨) ગળપણ, (૩) નિશ્ચયકાળ, (૪) અરૂપીપણું, (૫) તાવ, (૬) તાવ ઉપર દ્વેષ, (૭) સમુદ્ઘાત, (૮) ગતિહેતુત્વ.

(ખ) ઉપરના આઠ પદાર્થોમાં જે દ્રવ્યો હોય તેમનાં મુખ્ય લક્ષણ કહો.

(ગ) ઉપરના પદાર્થોમાં જે ગુણો હોય તે કયા દ્રવ્યોના છે તે લખો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(ઘ) ઉપરના પદાર્થોમાં જે પર્યાયો હોય તે કયા ગુણોના છે તે જણાવો.

૩. (ક) નિશ્ચયચારિત્ર એટલે શું? ચારિત્રને 'વેળુના કોળિયા' જેવું કેમ કહેવામાં આવે છે? ૩

(ખ) જઘન્ય, મધ્યમ ને ઉત્તમ અંતરાત્મા કોને ગણવામાં આવે છે? મહાકષ્ટથી વેળુના કોળિયા જેવું ચારિત્ર પાળનાર પંચમહાવ્રતધારી મુનિ અંતરાત્માના ત્રણ ભેદોમાંથી કયા ભેદમાં સમાય? ૪

(ગ) આઠ કર્મનાં નામ લખો. જ્ઞાનાવરણીય કર્મ આત્મા પર જોર કરીને તેના જ્ઞાનને ૪ રોકે છે કે નહિ તે સમજાવો.

(ઘ) ત્રીન્દ્રિય જીવોને કયા કયા દ્રવ્યપ્રાણ હોય? નવ દ્રવ્યપ્રાણ કયા જીવને હોય? કયા ૩ જીવને એકકે દ્રવ્યપ્રાણ ન હોય?

(ઙ) નિકલ પરમાત્મા કોને કહેવામાં આવે છે? તેમને કોઈ પરદ્રવ્યનો સંગ નહિ હોવાં છતાં સુખ કેમ હોય? ૩

૬. (ક) અનાદિ કાળથી આત્માની જીવતત્ત્વ સંબંધી અને બંધતત્ત્વ સંબંધી શી ભૂલો ૫ થાય છે તે દાખલાઓ આપી સ્પષ્ટ કરો.

(ખ) કેટલાં દ્રવ્યો અનાદિ અનંત છે? ક્યા ગુણને લીધે? જીવના અનુજીવી વિશેષ ગુણોમાંથી પાંચનાં નામ લખો. ૪

(ગ) આંખથી શ્રી સીમંધર ભગવાનનાં દર્શન કરવાં તે દર્શનચેતનાનો વ્યાપાર છે કે જ્ઞાન-ચેતનાનો? દર્શનચેતનાના ચાર ભેદોમાંથી અથવા જ્ઞાનચેતનાના પાંચ ભેદોમાંથી કયો ભેદ તે વખતે વર્તે છે? ૪

(ઘ) 'અનેકાન્ત' સમજાવવા બે દાખલા આપો. ૪
'આત્મા કોઈ પણ પુદ્ગલને ન હલાવી શકે એમ માનવાથી એકાંત થઈ જાય છે; આત્મા સૂક્ષ્મ પુદ્ગલને—પરમાણુને—ન હલાવી શકે, પરંતુ સ્થુલ-પુદ્ગલરૂપ ડુંગરાઓને તો ખોદી શકે એમ માનવું તે અનેકાન્તની સાચી માન્યતા છે.' આ કથન ખરું છે કે નહિ તે સમજાવો.

# સનાતન જૈન શિક્ષણ વર્ગ,

(સુવર્ણપુરી) સોનગઢ.

## પરીક્ષા

**સમય: સવારે ૯-૩૦ થી ૧૧. તા. ૩૧-૫-૪૬ શુક્રવાર.**

૧ (ક) અર્થપર્યાય અને વ્યંજનપર્યાયની વ્યાખ્યા લખો. ૧૦

(ખ) ત્રિકાળ સ્વભાવવ્યંજનપર્યાય કયાં દ્રવ્યોને હોય?

(ગ) પ્રદેશોની સંખ્યાની અપેક્ષાએ કયાં કયાં દ્રવ્યો સરખાં છે?

(ઘ) અરૂપી દ્રવ્યો કયાં કયાં ને તેમા જડ, ચેતન કયાં કયાં?

(ઙ) સાદિ અનંત સ્વભાવઅર્થપર્યાય કોને હોય?

૨ (ક) અંતરાત્મા, નિકલ પરમાત્મા અને સકલ પરમાત્માને દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મમાંથી શું શું હોય? ૧૦

(ખ) બહિરાત્મા તથા અંતરાત્માનું સ્વરૂપ લખો; તેમાં કોઇના ભેદ હોય તો તે પણ લખો અને તેનું સ્વરૂપ સમજાવો.

૩ (ક) સાત તત્ત્વોનાં નામ લખી, સંવર તથા નિર્જરા તત્ત્વની બ.બતમાં મિથ્યાદૃષ્ટિ શી ભૂલ કરે છે તે લખો. ૧૦

(ખ) મિથ્યાત્વ અને રાગાદિ પ્રગટ દુઃખ આપનાર છે, છતાં તેનું સેવન કરવામાં કોણ સુખ માને છે, અને તે કયા તત્ત્વની ભૂલ છે?

(ગ) ત્રસ એટલે ચાલી શકે તે અને સ્થાવર એટલે ન ચાલી શકે તે, એવી જો વ્યાખ્યા કરીએ તો શો દોષ આવે તે દૃષ્ટાંત આપી સમજાવો.

૪ (ક) શરીરોનાં નામ આપો અને કયા જીવને એક, બે, ચાર અને પાંચ શરીર હોય? ૧૦

(ખ) અગૃહીત મિથ્યાત્વ, પ્રતિજીવી ગુણ, બંધ, ભાવહિંસા અને સમુદ્‌ઘાતની ફક્ત વ્યાખ્યા લખો.

૫ નીચેનું દરેક વાકય સમજપૂર્વક કહેનાર દ્રવ્યના સામાન્ય ગુણોમાંથી કયા ગુણનો સ્વીકાર કરે છે તે લખો: ૧૦

(૧) સુખ પ્રાપ્ત કરવું તે દરેક જીવનું પ્રયોજન છે.

(૨) હું નાનો હતો ત્યારે મારામાં ઓછું જ્ઞાન હતું, પણ ધીમે ધીમે તેમાં વિકાસ થઈ રહ્યો છે.

(૩) સિદ્ધત્વને પ્રાપ્ત થયેલ દરેક આત્માને પોતાનો આકાર હોય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૪) ગમે તેવો આકરો રોગ શરીરમાં આવી પડે છતાં મારા એક પણ ગુણનો તે નાશ કરી શકે નહિ.

(૫) વિકાર ક્ષણિક હોવાથી તેને ટાળીને હું નિર્વિકારી થઈ શકું છું.

(૬) આ જગતનો કોઈ પણ કર્તા નથી.

(૭) કર્મનો તીવ્ર ઉદય હોવા છતાં આત્માને જ્ઞાનગુણ ક્યારેય પણ સર્વથા નાશ પામતો નથી.

(૮) મારો આત્મા મારું જ્ઞેય છે તેથી હું મને જાણી શકું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ગ્રંથ—પ્રકાશન

| | | |
|---|---|---|
| ૧૮ | મોક્ષમાર્ગ પ્રકાશક [બીજી આવૃત્તિ.] | |
| ૧૭ | દ્રવ્ય સંગ્રહ | ૦-૭-૦ |
| ૧૬ | પરમ પૂજ્ય સદ્ગુરુદેવનું જીવનચરિત્ર | ૦-૪-૦ |
| ૧૫ | સર્વસામાન્ય પ્રતિક્રમણ | ૦-૬-૦ |
| ૧૪ | શ્રી જિનેંદ્રસ્તવનાવલી (બીજી આવૃત્તિ) | ૦-૬-૦ |
| ૧૩ | સત્તાસ્વરૂપ .... .... | ૦-૯-૦ |
| ૧૨ | બારસ અણુવેકખા [દ્વાદશાનુપ્રેક્ષા]... | ૦-૪-૦ |
| ૧૧ | અનુભવપ્રકાશ .... | ૦-૭-૦ |
| ૧૦ | જૈનસિદ્ધાન્તપ્રવેશિકા .... | ૦-૫-૦ |
| ૯ | પૂજાસંગ્રહ .... | ૦-૪-૦ |
| ૮ | સમવસરણ સ્તુતિ .... | ૦-૨-૦ |
| ૭ | આધ્યાત્મિક પત્રાવલિ ભા. ૨ જો .... | ૦-૪-૦ |
| ૬ | આધ્યાત્મિક પત્રાવલિ ભા. ૧ લો .... | ૦-૨-૦ |
| ૫ | સ્તવનમંજરી [ગુજરાતી હિન્દી સ્તવનો] | ૧-૦-૦ |
| ૪ | સમયસાર [હરિગીત] (બીજી આવૃત્તિ) | ૦-૨-૦ |
| ૩ | સમયસાર [ગુટકો] (બીજી આવૃત્તિ) | ૦-૫-૦ |
| ૨ | આત્મસિદ્ધિ પ્રવચન [બીજી આવૃત્તિ] | ૩-૭-૦ |
| ૧ | સમયસાર [ગુજરાતી અનુવાદ] ખલાસ | ૨-૮-૦ |

દરેકનું ટપાલ ખર્ચ જુદું

પ્રાપ્તિસ્થાન

**જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

**સોનગઢ–(કાઠિયાવાડ)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com